



સમર્પણ

પરમોપકારી કલિકાલના પરમ સાધક

ચારિત્ર મૂર્તિ આચાર્ય દેવશ્રી

કૈલાસસાગર સૂરીશ્વરજી

મહારાજ સાહેબના

કરકમલમાં

સાદર સમર્પણ

પ્રકાશભાઈ - વિજાપુરવાળા

જયંતિભાઈ - પાટણવાળા

સંકલન આસ્વાદ

પરમપૂજ્ય આચાર્યપ્રવરશ્રી [illegible] [illegible] શ્રી પદ્મસાગરજી મહારાજનો ચિરસ્મરણીય ચાતુર્માસ મુંબઈમાં થયો. તેમનાં પ્રેમ ભરતાં, તત્ત્વ ને સત્યનો સમાવેશ કરતાં, પુણ્ય ભાવના ભરેલ, ને લોકભોગ્ય હિંદી વાણીમાં વ્યાખ્યાનો સાંભળવા એક અનેરો આનંદ હતો છે. તે વ્યાખ્યાનોમાંથી મુદ્રિત સ્વરૂપે "ચિંતનની કેડી"માં પથરાયા, પરંતુ તે કેડીએ જનારની આધ્યાત્મિક ભૂખ સંતોષવા આ "પાથેય" પ્રકાશિત થાય છે. તેનો આસ્વાદ લેવાનો અમૂલ્ય લ્હાવો મને મળવા બદલ પૂજ્યશ્રીનો હાર્દિક આભાર માનું છું. મુંબઈમાં હિંદીમાં અપાયેલાં વ્યાખ્યાનો ગુજરાતીમાં ટાઈપ થયેલા. તેમાંથી યત્કિંચિત્ વાનગી પસંદ કરી "પાથેય"માં સંકલિત કરી છે. તેઓશ્રીનાં વ્યાખ્યાનો એટલે મંત્રમુગ્ધ કરે તેવી વાંસળીનું મીઠું મધુરું સંગીત. તે સાંભળતાં કલાક તે મિનિટ બની જાય છે. તેમાંથી નાની મોટી વાનગી લેવાની ને સંકલન કરવાની અમીકૃપા પ્રાપ્ત કરવા સદ્ભાગી બન્યો તે બદલ પૂજ્યશ્રી ગુરૂદેવનો તથા પ્રકાશકનો અત્યંત ઋણી છું. આ સંકલન કરતાં જે કાંઈ ત્રુટી રહી ગઈ હોય તે બદલ પૂજ્યશ્રીની ઉદાર ક્ષમા યાચી વિરમું છું.

૧૬, શત્રુંજય સોસાયટી,
પાલડી.
અમદાવાદ ૩૮૦ ૦૦૭.
૩–૧૨–૭૬

વિનેય
લાલચંદ કે. શાહ

નિવેદન

પરમ પૂજ્ય, પ્રાતઃસ્મરણીય, શાંતમૂર્તિ આચાર્ય ભગવંત શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રશિષ્ય અને પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી કલ્યાણસાગરસૂરિજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી પદ્મસાગરજી ગણિવરની લોકચાહના ઉત્તરોત્તર વધી રહી છે એમાં, જેમ એમના નમ્ર, વિવેકી અને ધર્મસ્નેહ વરસાવતા સ્વભાવનો ફાળો છે, તેમ એમની ખંડન-મંડનથી મુક્ત અને સર્વગ્રાહી પ્રવચનશક્તિનો પણ ઘણો મોટો ફાળો છે, અને તેથી એમના શ્રોતાવર્ગમાં વધારો જ થતો જાય છે; અને સામાન્ય જનસમાજથી લઈને જુદા જુદા ધર્મના આગેવાનો-બહેનોનો, વિદ્વાનોનો, રાજકારણી પુરુષોનો તેમજ નવયુવાન વર્ગનો પણ એમાં સમાવેશ થાય છે એને લીધે અનેક આત્માઓ ધર્મનો બોધ પામી જાય છે.

પંન્યાસજી મહારાજની આવી આદરભાવને જગાડે એવી વાણીનો લાભ શ્રોતા વર્ગ ઉપરાંત દૂર દૂર રહેતા ધર્મતત્ત્વના જિજ્ઞાસુઓ ઘેર બેઠાં લઈ શકે એ માટેનો ઉપાય એમનાં પ્રવચનોમાંથી પસંદ કરેલ કેટલાક ભાગોને પુસ્તકરૂપે પ્રગટ કરવા એ જ છે. આ વિચારનો યથાશક્તિ અમલ કરવાની ભાવનાથી પ્રેરાઈને કેટલાક વખત પહેલાં એમનાં પ્રવચનોના આધારે "ચિંતનની કેડી" નામે પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું હતું. જે સારો આદર પામ્યું હતું.

તત્ત્વજિજ્ઞાસુઓની જિજ્ઞાસાને સંતોષવા માટે એ દૃષ્ટિએ તેઓશ્રીનાં પ્રવચનોના આધારે તૈયાર કરેલ બીજું પુસ્તક "[illegible]" આપની પાસે પ્રકાશિત કરતાં અમને આનંદ થાય છે

આ પુસ્તકનું સુંદર છાપકામ ટૂંક સમયમાં કરી આપ્યું છે, તે બદલ અમો [illegible] પ્રિન્ટર્સના સંચાલકોનો આભાર માનીએ છીએ. તેમજ ટાઈટલ ડીઝાઈન બ્લોક વગેરે ટૂંક સમયમાં કરી આપવા બદલ આ તકે અમો [illegible] સ્ટુડિયોના સંચાલકોનો આભાર માનીએ છીએ.

"પાથેય"નું પહેલેથી છેલ્લે સુધી વ્યવસ્થિત સંકલન કરવા માટે તેમજ પ્રૂફ રીડીંગ કરવા માટે શ્રી [illegible] શાહ (બી. એ. (ઓનર્સ), બી. ટી., એસ. ટી. સી.)નો હાર્દિક આભાર માનીએ છીએ.

આ પુસ્તક પ્રગટ કરવાનો અમને અવસર મળ્યો તેથી નાનું સરખું ધર્મકર્તવ્ય બજાવ્યાનો અમે સંતોષ અનુભવીએ છીએ. આશા છે કે આ પુસ્તક પણ "ચિંતનની કેડી"ની જેમ ઉપયોગી નીવડશે.

આ પ્રકાશનમાં કદાચ કાંઈ સ્ખલના રહી ગઈ હોય, તથા વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયેલ હોય તો તે બદલ અમો 'મિચ્છામિ દુક્કડં' અર્પી શ્રીસંઘની તથા સુજ્ઞ વાચકોની હાર્દિક ક્ષમા યાચીએ છીએ.

પ્રકાશભાઈ વિજાપુરવાલા
જયંતીભાઈ પારણવાલા

વીણેલાં મોતી

વાણી અને વર્તનનું જન્મ-સ્થાન છે વિચાર

જેવા વિચાર એવી જ વાણી અને એવું જ વર્તન

નઠારા વિચાર નઠારાં વાણી-વર્તનને જન્મ આપે; સારા વિચાર સારી વાણી અને સારા વર્તનરૂપે પ્રગટ થાય.

જેવું બીજ એવું જ ફળ, એવી જ સાદી સમજની આ વાત છે. એટલે વિચારની કેળવણી એ ખરી રીતે જીવનની કેળવણી જ બની રહે છે.

ચિત્તને કબજામાં મૂકીએ અને જીવન વ્યવસ્થિત અને ઉન્નત બને એ તો આકાશકુસુમની જેમ, ન બનવા જેવી વાત છે. એટલા માટે તો બધા ધર્મોએ મનની માવજત ઉપર જ ઘણો ભાર આપ્યો છે. મન સુધર્યું એનું જીવન સુધર્યું; મન બગડ્યું એનો જન્મારો બગડ્યો.

વળી, વિચાર એ જેમ ચિત્તનો ખોરાક છે, તેમ વિચાર એ ચિત્તની નીપજ પણ છે. એટલે જ ચિત્ત જેવા સારા-ખોટા વિચારોને જન્મ આપે એ પ્રમાણે જ માનવીને નાચતા રહેવું પડે છે જાણે એ ચિત્તનો દાસ જ ન હોય!

ચિત્ત તરફની આવી પરાધીનતાનો અંત લાવવાનો એક માત્ર ઉપાય ધર્મપુરુષાર્થના બળે એના ઉપર નિયંત્રણ મૂકીને એને પોતાના કાબૂમાં કરી લેવું એ જ છે. જે ચિત્ત ઉપર વિજય મેળવે છે એને માટે આત્મવિજયનો સર્વમંગલકારી માર્ગ મોકળો થઈ જાય છે.

ચિત્તને કાબૂમાં લાવવાના મુખ્ય ઉપાયો છે. પંચપરમેષ્ઠિનું ભજન, ધર્મકથા અને ધર્મ ગુરુઓનાં પ્રવચનોનું મનનપૂર્વક શ્રવણ

[illegible]

[illegible] થાય છે.

[illegible] સામગ્રી [illegible]

તત્ત્વનું નિરૂપણ કરતી અને સત્યનું ભાન કરાવતી આવી ચિંતન-સામગ્રી સરળ-સુગમ અને [illegible] ભાષા, તથા રોચક અને આકર્ષક શૈલીમાં રજૂ થયેલી હોવાથી થોડું ભણેલાં બાળકો, બહેનો, મોટેરાં અને ભણેલાં સહુ એનો સમાન રસ અને ઉલ્લાસથી લાભ લઈ શકશે અને જીવન સુધારણાની કંઈક ને કંઈક પણ પ્રેરણા મેળવી શકશે અને તેથી આ "પાથેય" કીમતી જીવન-પાથેય બની રહેશે, એમ કહેવું જોઈએ.

જીવનયાત્રામાં અવારનવાર ઉપયોગી થઈ શકે એવા આ "પાથેય"ના સર્જક છે પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી પદ્મસાગરજી ગણી લોક-કલ્યાણની પરગજુ વૃત્તિ અને વાત્સલ્યપૂર્વક સમગ્ર માનવસમાજને આવકારવાની ઉદાર દૃષ્ટિ ધરાવતા આ મુનિવર ઉપર માતા સરસ્વતી વાણીના વરદાનરૂપે કેટલા પ્રસન્ન છે અને એમણે વાણી ઉપર કેવું આહ્લાદકારી પ્રભુત્વ મેળવ્યું છે, એનો કંઈ અણસાર આ પુસ્તક ઉપરથી પણ મળી રહે છે. એકાગ્રતા, શાંતિ અને સ્વસ્થતાપૂર્વક, નદીના નિર્મળ પ્રવાહની જેમ, અખંડ ધારાએ વહેતું એમનું પ્રવચન

જાણે શ્રોતાઓને વશ કરી લે છે અને સાથે સાથે એમના સ્વભાવની મીઠાશનો પણ અનુભવ કરાવે છે.

આ પુસ્તકમાં તો, વીખરાયાં મોતીની જેમ, એમના પ્રવચનોમાંના કેટલાંક વિચાર-મૌક્તિકો જ સંઘરાયાં છે, એટલે એ પન્યાસ પ્રવર શ્રી પદ્મસાગરજી મહારાજના અધ્યયન, ચિંતન અને વાણીના વૈભવનો યથાર્થ કે પૂરો ખ્યાલ ભાગ્યે જ આપી શકે છે; એ માટે તો કોઈ પણ વિષયનું નિરૂપણ કરતું એમનું આખેઆખું પ્રવચન જ સુસંપાદિત રૂપમાં છપાવવું જોઈએ અને એમના આ આંતરિક વૈભવનો પૂરેપૂરો ખ્યાલ મેળવવો હોય તથા એનો મન ભરીને આસ્વાદ લેવો હોય તો તો તેઓ જેવી હૃદયંગમ અને અતિસુગમ હિંદી ભાષામાં પ્રવચનો આપે છે એ ભાષામાં જ એ સાંભળવા અને મુદ્રિત થવા જોઈએ. કેવી કર્ણમધુર છે એમની હિંદી ભાષા અને કેવી કામણગારી છે એમની રજૂઆત! ઇચ્છીએ કે હવે પછી એમનાં પ્રવચનોને આ રીતે રજૂ કરવાનો પણ પ્રયત્ન થાય.

આ પહેલાં તેઓના પ્રવચનોના રસથાળ પીરસતું આવું જ એક પુસ્તક સવા વર્ષ પહેલાં "ચિંતનની કેડી" નામે પ્રગટ થયું છે, એટલે આ એમનું બીજું પુસ્તક છે. જેમની વાણીના અમૃતની જેમ એમના આ પુસ્તકનું વાચન પણ ગમ્મત સાથે જ્ઞાન અને પ્રેરણા આપનારું બની રહેશે એવી ઉમેદ છે. અને તેથી એને આવકારતાં આનંદ થાય છે.

૧. અમૂલ સોસાયટી
અમદાવાદ-૭
તા. ૨૮-૧૧-૧૯૭૧

રતિલાલ દીપચંદ દેસાઈ

"પાથેય"ની વિવિધ વાનગી

ક્રમાંક	વાનગી	પાનું
૧૦૧	ચારિત્ર	૧૪૨
૧૦૨	આંસુ ને ગુંસારી	૧૪૩
૧૦૩	મનોરંજન	૧૪૪
૧૦૪	આંસુ	૧૪૫
૧૦૫	ગોત્ર	૧૪૭
૧૦૬	વિચાર	૧૪૮
૧૦૭	આત્મોદ્ધાર	૧૫૦
૧૦૮	સાધના	૧૫૨
	પત્રપત્ર	૧૫૩-૧૭૮
	પદકલિકા	૧૭૯-૧૯૨









૧ ☼ આત્મસંશોધન

આત્મસંશોધનથી આત્માનો વિકાસ થાય છે. આ જગતમાં પોતાની જાતને ખરાબ હોવા છતાં સારી માનનારા ઘણા છે, પણ પોતાની જાત સારી હોવા છતાં ખરાબ માનનાર થોડા જ મહાન માણસો છે.

જીવનમાં આત્મસંશોધન જરૂરી છે. આપણે મનુષ્ય હોવા છતાં આપણી વૃત્તિઓ શ્વાન જેવી છે. શ્વાનને જે રોટલો આપે છે, તેના પગ ચાટે છે, અને ન આપે તેની સામે ભસવા જાય છે. તેથી બીજાના દુર્ગુણો જોવા કરતાં તેના સદ્‌ગુણો જ જોવા. તે પ્રમાણે આપણાં ચંચળ સ્વભાવને સ્થિર કરી, પોતાના દુર્ગુણોને શોધી તેને દૂર કરવાનો પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ.

માણસે પરિણામના કાંટાની મારફત સ્થિરતાથી ધીમે ધીમે કામ કરવાનું છે, પરંતુ જે કરવાનું કામ છે, તે આપણે ભૂલી જઈએ છીએ ને ન કરવાના એટલે વિચાર

મન સાથે આગીનિ ઊભા થઈ છે. માટે પહેલાં મનને કેળવવાની-સ્થિર કરવાની જરૂર છે.

ઘડપણમાં મનું આત્મસંશોધન ગીતા જેવી સમાન છે. ઘડપણમાં ખૂબ જ ભાવથી, ભક્તિથી, પ્રસન્નતાથી, ઉલ્લાસથી, આનંદથી પ્રભુનું દર્શન, પૂજન, સ્મરણ, કીર્તન કરવાનું છે. યુવાનીમાં સુંદર વાંચન ને સારું શિક્ષણ, સારું શ્રવણ પ્રાપ્ત થયેલ હોય તો ઘડપણમાં ઉચ્ચ રીતે જીવન જીવી શકાય છે. વીણાને બેસુર રીતે વગાડવામાં આવે તો તે આપણને સાંભળવું ગમતું નથી, પણ જો સંવાદિતાથી વગાડવામાં આવે તો તેમાંથી મધુર સુર નીકળે છે.

મનને સંવાદિત કરવાથી ઘડપણમાં પણ આપણું મગજ નિયમિત રીતે કામ કરી શકે છે.

સંવાદ, શાંતિ, અને સ્થિરતાને જીવનમાં લાવીને સર્વ સાથે સ્વ આત્માની સેવા કરવાથી આત્માનો ઉદ્ધાર કરવાનો છે.

૭

દુઃખીમાં દુઃખી ક્રોધી છે, અને સુખીમાં સુખી મૈત્રી-પ્રેમી જ છે. ક્રોધી તરફ કરુણા લાવવાનો છે.



૨ ☼ માનવ

માનવજન્મ લેવાની દેવતાઓ અભિલાષા સેવે છે, કારણ કે માનવમાં માનવતાની સૌરભ બહેકે છે. પણ આજે માનવજીવન વાસનાઓથી બદસૂરત બન્યું છે. આજે માનવ-માનવ વચ્ચે વેરની, દ્વેષની, કષાયની દિવાલ ઊભી થઈ છે. માનવ માનવની સામૂહિક કતલ કરે છે, આત્મનું ભાન ભૂલાઈ જવાયું છે. માનવતા મરી પરવારી છે. માનવ પશુ કરતા વધારે અધમ સ્તરે બન્યો છે.

માનવતા માનવને મહામાનવ બનાવે છે, સર્વનો મિત્ર બનાવે છે. તીર્થંકર ભગવંત બનવા માટે, કેવળજ્ઞાન મેળવવા માટે સાચા માનવ બનવાની પહેલી જ જરૂર છે. જેણે વૈભવ સુખ ભોગવતા અનુત્તર વિમાનના દેવો મનુષ્યભવ ઝંખે છે. ત્યાં ત્યાગ છે, સંયમ છે, તેથી ધરતી એ જ સ્વર્ગ છે. માનવીના વિકાસનું ક્ષેત્ર આ ધરતી જ છે. અને અહીંના માનવો આંખો બંધ કરીને સ્વર્ગની વાંછના પ્રભુ પાસે કરે છે!

ધરતી પર માનવતા પ્રગટે છે. અહીં માનવ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેથી આત્માને ઊર્ધ્વગામી બનાવે છે.



ૐ વિદ્યા

આજે વિદ્યાનો વ્યવહાર વ્યાપાર માટે થઈ રહ્યો છે. આજની વિદ્યા આર્થિક માટે વપરાય છે. વિદ્યા સાથે જીવનનું દર્શન કરવાનું છે. આજે જીવનમાં સુખો સાથે માટે, ભૌતિક સાધનો માટે થઈ રહ્યાં છે. આપણો સમાજ એ જ માપદંડથી વ્યક્તિને માપી રહ્યો છે. સજ્જનોની કિંમત આપણી પાસે નથી. અંતરના ધનવાન અને સદ્ગુણોથી સભર આત્માની આજે ખોટ છે. આજે દિ પ્રતિદિન ભૌતિક દર્શનમાં દીન અને અભિમાની આપણે બનીએ છીએ.

મનને કેળવવાથી વિદ્યાનો સદુપયોગ થઈ શકે છે વિદ્યા આજે વિવાદ અને પૈસા મેળવવા માટે વપરાય છે સાધુ મહાત્માની વિદ્યા લોકોના કલ્યાણ માટે વપરાય છે ત્યાં સાચી દૃષ્ટિ ને વિવેક છે.

> પ્રેમથી લોહીનું દૂધ બની જાય છે, અને
> ધિક્કારથી લોહીનું પાણી થઈ જાય છે.



૪ ✿ અહમ્

'જ્ઞાનસાર'માં ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે આ સંસારમાં બે વિરોધી તત્ત્વો કામ કરી રહ્યાં છે : પ્રકાશ અને અંધકાર, સત્ય અને અસત્ય, મૃત્યુ ને અમરતા, રાગ ને દ્વેષ.

આ તત્ત્વો જીવનમાં જાણ પડી જાય છે, ત્યારે બોધ પ્રાપ્ત થાય છે. રાગ-દ્વેષનું ઘર્ષણ તેનું નામ તે સંસાર અને આત્માનો આ ઘર્ષણમાંથી મુક્ત થાય છે, તે મોક્ષ મળે છે. રાગ-દ્વેષથી માનસિક કલહ થાય છે, સુખ કે સમાધાન વૃત્તિ દૂર થાય છે, રાગ-દ્વેષથી આત્માનો ઉદ્ધાર થતો નથી ને આત્માને સ્વના ભાવ-નિર્મળતા, ઉદારતા, પવિત્રતા તરફ જવા દેતા નથી. તેથી કર્મબંધન થયું થાય છે મોહરાજાએ "હું" અને "મારું"—એ બે મંત્રથી કામ કર્યું છે. તેથી આપણું મુખ્ય ને મૂળ બંધન એ છે. "હું" જેવો કોઈ મોટો અહંકાર નથી. જ્યારે આ જ મારું 'અહમ્' આવે, ત્યારે આ આત્મા મોટો થઈ જાય છે. અહંભાવ અને

બાળકને શુદ્ધ થવાનું કારણ "અહમ્" હતો. અહમ્થી આપણે સંસારમાં રખડી રહ્યા છીએ.

માણસને દુઃખનું કારણ તેની આસક્તિ છે.

નાળાઓમાં નદીઓમાં પૂર આવતાં મોટાં વૃક્ષો તણાઈ જાય છે, પણ નેતરનાં ઝુંડ નમી જાય છે. તેથી તે તણાતાં નથી. તેનામાં વળવાની આવડતથી પોતાનો નાશ ન વધારતાં પૂર ખલાસ થતાં પાછાં ઊભાં થઈ જાય છે.

જગતમાં મોહનું અને ધર્મનું તત્ત્વ મુખ્ય છે. મોહનું તત્ત્વ અમંગળમય છે. ધર્મનું તત્ત્વ મંગળમય છે.

મોહ રાજાનું સામ્રાજ્ય 'અહમ્' અને 'મમ' ઉપર જ રહેલું છે.

'અહમ્' તત્ત્વથી સાંભળવું ગમતું નથી, બોલવું ગમે છે.



આત્માની તાકાત તો અંદરથી જ આવે છે, અને શરીરની તાકાત તો બહારથી આવે છે. કોઈ આગ બને તો આપણે શીતળ જળ બનીને ઠંડક આપવાની છે.




૫. ✫ મમ અને મમતા

'મારી વસ્તુ, મારા વિચાર નીચી બાબત છે,' એમ આપણું અંતઃકરણ કહેશે, તેથી ટેવનો ત્યાગ બનશે કે અને માનવી જગતનો મિત્ર બની શકતો નથી. આ ભાવના કેળવ બોલાય છે 'સર્વ ભૂત હિતે રતાઃ સાધનનિ'

આજે ઘરમાં જ શાંતિ નથી, તો જગતને કેમ શાંતિ આપી શકીશું? જગતમાં અહિંસાના વિચાર આવશે, ત્યારે જ જગતમાં શાંતિ સ્થપાશે. આપણા હાલ દુઃખ. આવે તો આપણું ઉંમાળીએ. ... પણ લીન કે જગતમાં પરતીકરણથી ... ને જગતનું દુઃખ ઘટતું નથી. પણ ... તેને જ તું નથી, તું પ્રકાશી છે અને ... ઉપરી કહું પડે છે ... જગતના ... છે. મારે કોઈ સાથે વેરઝેર રાખવા નથી, ... મારે વ્યવહાર કરવાનો છે.

આ નવલકથાને નવપલ્લવિત બનાવવા માટે 'મમ અને મમતા'ને ... સ્વાર્થ, ચિંતન ... આજનું દર્શન કરવાનું છે ને કરવાનું છે.



૬ ❂ શ્રમ અને સાધના

રોજના બે આના કમાનાર પુણિયા શ્રાવકની વિચાર-ધારામાં ફેર પડ્યો. તેનું કારણ શોધતાં ખબર પડી કે માગ્યા વગરના એક છાણા પર આજે રસોઈનો થોડો ભાગ બન્યો છે. તેથી ચોરીથી પ્રભુનું નામ આજે હૃદયમાં રોજના જેવું ન આવ્યું, તેથી તેણે તે દિવસે ઉપવાસ કર્યો અને ભોજન ન લીધું.

આજે આપણે પ્રભુનું સ્મરણ કરીએ છીએ, ત્યારે ન કરવાના વિચાર આપણને આવી જાય છે, મન અન્ય સ્થળે અટવાઈ જાય છે. ને તેથી ચિત્તની પ્રસન્નતા જામતી નથી, તેનું એક કારણ અન્ન છે. 'જેવું અન્ન તેવા વિચાર.' આહાર સાથે વિચાર ને આચાર સંકળાયેલા છે. તેથી આપણામાંથી શ્રમ ને સાધના ચાલ્યા ગયા છે આ બન્ને વગર શુદ્ધિ આવે જ કયાંથી ?

> કાંટાની વાડ જેવા મા-બાપ હોવા છતાં પણ તેઓ આપણી રક્ષા કરે છે.



૭ ✡ પરિગ્રહ

જેટલી જરૂરિયાત હોય તેના કરતાં વધારે પરિગ્રહ ન કરવો. જરૂરિયાત ઓછી થઈ જાય એટલે વધારાની વસ્તુનો ત્યાગ કરવાનો છે

પરિગ્રહને છોડવા માટે અને બીજાના જીવનમાં તે ઉતારવા માટે વિચારોની, અન્નની, પૈસાની વહેંચણી કરી નાખવાની છે

આપણું આજે સંગ્રહમાંથી બહાર નીકળવાનું છે જરૂરિયાતથી વધારે વસ્તુ ભેગી કરવામાં વધારેમાં વધારે પાપ લાગે છે.

નખ મોટા થવાથી, તેમાં મેલ ભરાય છે કોઈને વાગી જાય છે, અને કેટલીક વાર લોહી, નખ ઉખડી પણ જાય છે અને દુઃખ થાય છે. તેમ પરિગ્રહ વધારવાથી જીવનને દુઃખ ને નુકશાન થાય છે જીવનમાં શાંતિ મળતી નથી. મનમાં ક્લેશ થાય છે. કુટુંબપરિવાર અને અન્ય કોઈના નથી.

અપરિગ્રહથી જુગજુ ભોગી રાય.

ઘણું ભેગું કર્યું હોય તો મરતી વખતે તેનો ભાર ઊંચકાતો નથી.

જીવનમાં સૌથી વધારેમાં વધારે ભાર પરિગ્રહનો છે. અને સૌથી ખરાબ અહં તે પરિગ્રહ છે. અહંની શાંતિ દાનથી જ થાય છે, અને પરિગ્રહમાંથી છૂટી શકાય છે.

જરૂરિયાત જેટલું રાખવાનો નિયમ રાખો. જરૂરિયાત જેટલું જીવનમાં મળી રહે છે. વધારે ભેગું કરવામાં વધારે દુઃખ છે. મુસાફરી દરિયાની હોય ત્યારે નૌકાને હળવી રાખવી પડે છે, નહિતર ભારથી નૌકા ડૂબી જાય છે, તેમ ભવસાગરમાં ભમતા જીવને પરિગ્રહનો ભાર ઓછો કરવો પડશે—નહિતર ભવાંતર ચાલુ રહેશે.

પરિગ્રહ તે શરીરમાં રહેલ મળ સમાન છે. તે મળ આપણી તબિયત બગાડે છે, તેમ પરિગ્રહ આપણો ભવ બગાડે છે.

જ્ઞાનીને વંદક ને નિંદક બન્ને સરખા લાગે છે અને તે બંનેની વચ્ચે પોતાના ધ્યેય તરફ આગળ વધ્યા જ કરે છે.



૮ ✿ સ્ત્રી એટલે સંયમ

સ્ત્રીના જીવનમાં સંયમનું તત્ત્વ કેટલું છે એ સંયમ કિનારાને જીવનની આસપાસ રાખવાનો છે. એકવાર સરિતાએ કિનારાને કહ્યું : "તમે તૂટી જાવ, કારણ કે મારે હરવું ફરવું અપાર કરવું છે."

ત્યારે કિનારાએ કહ્યું : "જો આજે તૂટી જઈશું, તો તમારે સરિતાને રણમાં ફેરવાઈ જવું પડશે, અને મારા આકારને કોઈથી રાખી શકાશે નહીં." તેમ આપણું જીવનની આસપાસ સંયમ રૂપી કિનારો નહીં રહે, તો જીવન નાશ તથા ચેતનાઈ જશે ને નાશ પામશે.

દિવાળીના દિવસોમાં પતિ દેવને લક્ષ્મીપૂજન કરતાં પતિ પોતાને સાચી માતાની ઉપાસના અને આરાધના પૂજન કરતો ગૃહલક્ષ્મીનું પૂજન કરે છે. કારણ સ્ત્રી ઘરની દેવી, શક્તિ દેવી અને વિદ્યા દેવી સ્વરૂપ છે.

પરમાત્મા આપણે અને પરમ ધર્મ ... માટે તેરે તે પ્રાર્થ.

મદનરેખાના પતિનું ખૂન તેના જેઠ કરી નાખે છે. તે વખતે મદનરેખા પતિને સમાધાન કરાવે છે, ક્ષમા અપાવે છે, અને ક્રોધના ગાઢ રંગને ધોઈને ઉજ્જ્વળ બનાવે છે. તેથી પતિ શાંત થયા અને મરીને દેવ થયા.

સવાર પડતાં મદનરેખા ગુરુનું વ્યાખ્યાન સાંભળવા જાય છે, તેના અંતરનું જ્ઞાન તેને દોરે છે. વ્યાખ્યાનમાં પેલા દેવ પહેલાં ગુરુને નહીં, પણ મદનરેખાને વંદન કરે છે, કારણ તેને તારનાર મદનરેખા હતી.



સાધુનું કામ સહન કરવાનું છે. શ્રાવકનું કામ દેવ, ગુરુ ને ધર્મનું રક્ષણ કરવાનું છે. શ્રાવક તો સાધુનો કિલ્લો છે. જગતને અભય દેનારા સાધુઓનું રક્ષણ કરનાર શ્રાવકો અભયદાન કરે છે.




૯ ☼ મૂલ્યવાન વસ્તુ

વસ્તુ જેમ કિંમતી હોય તેમ તેને તપાસવાનું-માપવાનું સાધન સૂક્ષ્મ હોય. લાકડા કરતા અનાજ મૂલ્યવાન છે, તેથી તેને માપવા માટે કાંટા નાના હોય છે સોના કરતા હીરા અને રત્નો મૂલ્યવાન હોય છે, તેથી તેમને તોલવાનો કાંટો સૂક્ષ્મ હોય છે

જગતમાં સૌથી વધારે મૂલ્યવાન વસ્તુ ધર્મ જ છે તેથી ધર્મ સૂક્ષ્મ બુદ્ધિથી જણાય. કાંટો બરાબર ન હોય તો માપ બરાબર જાણી શકાતું નથી

આપણી બુદ્ધિ સૂક્ષ્મ ને સ્થિર હોવી જોઈએ આપણા ચિત્તની અંદર તત્ત્વો પડેલા છે, તે તપાસવા સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને ટચનનું ધ્યેય બનાવવાનું છે પ્રેમમાં સૂક્ષ્મતા ને સ્થિરતા બન્ને છે ધર્મ તારણહાર છે, ધર્મ સમાધાન રૂપ છે

૦



૧૦. ધર્મ અને વિજ્ઞાન

ભૌતિક પદાર્થો મેળવવા માટે આપણે જેટલી મહેનત કરીએ છીએ, તેટલી બુદ્ધિ આત્મા માટે ઉપયોગમાં લઈએ તો આત્માનું કલ્યાણ જરૂર થશે. ધર્મના વિષયમાં શક્તિ, બુદ્ધિ ને સ્થિરતા—બધું જોઈશે, પાત્ર પણ ઉત્તમ જોઈશે.

ધર્મ માટે જ્ઞાન જોઈએ. ધર્મને આજે વિજ્ઞાનમય દૃષ્ટિથી ઓળખવો પડશે.

તળિયે હીરો પડ્યો હોય અને પાણી સ્થિર ન હોય તો હીરો દેખાતો નથી, તેમ આત્મામાં અનંત શકિત પડેલી છે, છતાં આપણી ચંચળતાથી આત્માનો ઉદ્ધાર કરી શકતા નથી.

જેમ કાપડ પાતળું બનતાં તેનું મૂલ્ય વધી જાય છે. એક લોખંડના ટૂકડાની કિંમત એક રૂપિયાની હોય, તેને ઓપરેશનનું સૂક્ષ્મ સાધન બનાવીએ તો તેની કિંમત અનેકગણી વધી જાય છે, તેમ જીવનના ટૂકડાને તપ-ત્યાગથી સૂક્ષ્મ બનાવી ઉપયોગી યંત્ર બનાવવાનું છે, અને આત્માને ઉર્ધ્વગામી બનાવવાનો છે.



૧૧ ✿ આજ

ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને વારંવાર કહ્યું કે 'હે ગૌતમ ! એક ક્ષણ પણ તું પ્રમાદ કરીશ નહીં' કારણકે ગયેલો સમય ફરી પાછો આવતો નથી. તેથી તેનો સદુપયોગ કરવાનો છે. સમય ચંચળ છે, તે કદી પકડી શકાતો નથી, ને તે પકડી શકાય તો રોકી શકાતો નથી. ભગવાન તીર્થંકર પણ સમયને રોકી શક્યા નથી. સમયને રોકી નહીં, પણ ખરીદી શકાય છે. તે ખરીદી શકાય છે સદ્ગુણ વડે. જેની પાસે સમજણ છે, તે જ સમયને સારે. કાયામાં વાપરે છે. જે ચાલ્યું જાય છે, તે સમય પાછો આવતું નથી માટે આવતી કાલનું કામ આજે જ કરો. ગઈ કાલની વાતને ભૂલીને આજને સુંદર બનાવવાનો છે. પ્રત્યેક દિવસે આરાધના કરી લેવાની છે. જિંદગી તારીખ પર નહીં, આજ પર ટકવાની છે.

સમય તો પાણીના પ્રવાહની જેમ વહી રહ્યો છે. સ્વાધ્યાય, તપ, બ્રહ્મચર્ય, ઉપકાર અને દાનથી જીવનને દીપાવવાનો છે, ભરવાનો છે, સદ્ગુણો એક એક વધારવાના છે.



૧૨ ✿ દિવ્ય ભાથું

બહાર ગામ જતી વખતે ભાથાની જરૂર છે, તેમ લાંબી મુસાફરીએ ઉપડેલા આત્માને ભાથાની જરૂર છે. પ્રત્યેક સવારે આપણું જાગવું એવું નક્કી નથી, એક દિવસ તો આંખો મીંચાઈ જવાની છે.

દુનિયાની મોહની ચકરીમાં આપણે તત્ત્વજ્ઞાનની વાતોને ભૂલી જઈએ છીએ. આજ તો સારી જવાની છે, પણ આવતી કાલનો વિચાર કરવાનો છે. આત્મા તો સદા પ્રવાસી છે. તે વાસી નથી રહેતો, માટે પ્રવાસીને તો ભાથાની ખૂબ જ જરૂર છે.

એકાંતમાં બેસીને આત્માને પૂછવાનું છે : " તારે જવાનું છે ? " જો જવાનું હોય તો જવા માટેની તૈયારી કર.

અહીં મૂકીને જવાની વસ્તુને ભેગી કરવામાં જીવનને વેડફી નાખવાનું નથી. જતી વખતે સાથે કંઈ ન આવે તો એ વસ્તુઓ ભેગી કરવાની શી જરૂર ?

કંચન, કુટુંબ, કાયા અને કામ એ ચાર જગતમાં દેખાય છે, પણ એ ચારમાંથી કોઈ એક પણ સાથે આવવાનું નથી. દાન, શિયળ, તપ અને ભાવ સાથે આવવાનાં છે, જો આ ચાર નહિ હોય, તો પેલા ચાર તો સાથે આવવાના જ છે.

માનવી બહારગામ જાય, ત્યારે સાથે ખાવાનું ભાથું લઈ જાય છે. માનવી ગમાર નથી, પોતાની સગવડ સાચવવા માનવી ખૂબ જ બાહોશ છે.

જીવનમાં લાંબા લાંબા પ્રવાસનો અંત નથી, છેડો નથી. અંત નથી એવા પ્રવાસમાં ચાલી નીકળેલા માનવી પાસે ખાવાનું શું? પ્રવાસમાં સાથે સગવડ ન હો તો તેને જ્ઞાનીઓ ગમાર કહે છે. દરેક માનવી પોતાને પંડિત માને છે, પણ આપણું ભાથુંપાણું ક્યાં સુધીનું? ડહાપણ એ છે કે જેનો વિરામ શાંતિમય હોય.

લાંબા પંથે જવા માટે ભવનું ભાથું બાંધવાનું છે. ભૌતિક સાધનો તમારા ગયા પછી બીજાના કામમાં જવાના છે.

અધ્યાત્મમાં ચાર અંગ છે

૧. જ્ઞાન ગુરુએ કહેલા સુવચનોનું શ્રવણ
૨. વિચારપૂર્ણ મનન
૩. નિદિધ્યાસન-ક્રિયા પર સંયમ-ને આત્મસાત્ કરે
૪. સમજણપૂર્વકનું વિચારપૂર્ણ આચરણ



૧.૩ ☼ ભયંકર ભાર

પરિગ્રહનો મોહ જે સાધકને લાગે છે, તેનું જીવન પરિગ્રહ સાચવવામાં પૂર્ણ થઈ જાય છે. પરિગ્રહ એ પણ પત્ની સમાન છે, જેની કિંમત નથી. પરિગ્રહ એ સોનાની કટાર છે, છાતીમાં વાગતાં લોહી નીકળે છે અને કદાચ મરણ પણ લાવે છે. વધારે પરિગ્રહ હોય તો કોઈમાં વિશ્વાસ પણ નથી રહેતો. પરિગ્રહ ગોઠવવામાં અને સાચવવામાં ચોવીસ કલાક ચાલ્યા જાય છે.

જેમ મુસાફરીમાં સામાન ઓછો, તેમ મુશ્કેલી ઓછી, તેમ પરિગ્રહનો ભાર ઓછો, તો જીવન હળવું ને મુસીબત વગરનું બને છે.

પરિગ્રહના બોજથી ધર્મઆરાધના થઈ શકતી નથી. આત્માના વિકાસમાં પરિગ્રહ બહુ જ અંતરાય કરે છે.





નવપદજીના ચક્ર આધે મનને બાંધવાનું છે, જેથી તે અરકનું અષ્ટી જાય ચક્રવર્તી છ ખંડ પર વિજય મેળવે છે, જ્યારે સિદ્ધચક્ર ચૌદ રાજલોક પર વિજય મેળવે છે

અઢાર દોષ રહિત, અંતરના શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરનાર, ત્રણ જગતને જોનાર અરિહંત છે

અરિહંતો આકારવાળા છે, સિદ્ધો અનાકારી છે સિદ્ધોને ઓળખાવનાર અરિહંતો છે [illegible] ન્યુન નથી, પણ તેને ઓળખાવનાર ન્યૂન છે, તેમ સિદ્ધો ન્યૂન નથી. પણ તેને ઓળખાવનાર અરિહંતો છે.

[illegible] સારથીરૂપ અરિહંતો છે તારું [illegible] ધર્મરૂપી અજવાળાં આપે છે, તેથી અરિહંતનું નામ પહેલું લેવાય છે

આપણા આત્માનું ધ્યાન અરિહંત કરે છે. [illegible]

દર્શન તે અરિહંતને બતાવનાર અરિહંત છે. સિદ્ધોને ઓળખી આપનાર અરિહંત છે.

પ્રત્યક્ષ, ઉપમા ને શાસ્ત્રમાંથી શાસ્ત્ર દ્વારા અરિહંતોનો અનુભવ થાય છે.

આપણે સિદ્ધોને જોઈ શકતા નથી, પણ તેનું સ્વરૂપ જાણી શકીએ છીએ. કર્મમાંથી મુક્ત થઈએ ત્યારે સિદ્ધ બનીએ છીએ સિદ્ધોએ કર્મોને ફેંકી નાંખ્યા છે સ્વભાવનો આનંદ ભોગવનાર સિદ્ધો છે.



> સાધકને પ્રતિકૂળ અને અનુકૂળ બંને ઉપસર્ગો અનુરૂપ થાય છે. પ્રલોભનમાં પોતાના ધ્યેયને ચૂકી જવાનું નથી અને પૂર્ણતાને પ્રાપ્ત કરવાની છે. સાધક ગમે તેવા વાતાવરણમાં પણ જાગૃત રહે છે.



૧૫ ✿ જ્ઞાન અને જ્ઞાની

ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુ જણાવે છે કે બાળજીવો નાનકડી વસ્તુ મેળવવા માટે મોટી વસ્તુ ત્યજી દે છે, પણ અજ્ઞ આત્મા કિંમતી વસ્તુ મેળવવા માટે નાની વસ્તુ ત્યજી દે છે કે નાનું બાળક એક પીપરમીન્ટના બદલામાં પોતાનું ઘરેણું આપી દે છે.

ઇન્દ્રિયોની તૃપ્તિ અને લૌકિક સુખો પાછળ જ બાળજીવો જીવન ત્યજી રહ્યા છે, જ્યારે પંડિત આત્માઓ તો જીવનભર આત્માનો જ વિચાર કરી રહ્યા છે.

આપણા અંતરના દ્વાર બંધ થયેલ છે, અંતરમાં તિમિર છે, ક્લેશ છે. અંધારા ઓરડામાં આપણે, જેમ કે દાખલ નથી થતા, એટલી વાર પછી જ્યારે ક્રોધ, માન, માયા અને લોભની કોઈ જડ અંતરમાં પ્રવેશી છે, પણ જ્ઞાનનો પ્રકાશ અંતરમાં જ ત્યારે દ્વાર ખુલી જાય છે.

જ્ઞાની અને શાસ્ત્ર અંતરનું તિમિર હરી આપી પ્રકાશ રેલાવી શકે છે.

જ્ઞાન અમૃત છે, જ્ઞાન પ્રકાશ છે. જ્ઞાન દિવ્યની રેખા છે. મહાવીર પ્રભુ જ્ઞાનના દરિયા હતા અને જ્ઞાની પુરુષો તો માત્ર જ્ઞાનનાં બિંદુ હતા. પ્રભુ તત્ત્વજ્ઞાની હતા, અને તારા મંડળમાં ચંદ્ર સમાન હતા. તત્ત્વજ્ઞાનીઓ તેમની બુદ્ધિનો ઉપયોગ મંદ બુદ્ધિવાળાને મર્મ પમાડવા માટે કરે છે.

જ્ઞાનથી વિનય આવે છે. નમ્રતા આવે છે. શરીરને ઘડપણ આવે છે, પણ જ્ઞાનને કોઈ દિવસ ઘડપણ આવતું નથી. જ્ઞાનીની વાત જેટલી વાર સાંભળીએ, તેટલી વાર આપણું મન સ્વચ્છ થઈ જાય છે. તક મળે ત્યારે જ્ઞાન લેતા જાવ. જેમ મધમાખી જુદાં જુદાં ફૂલો ઉપર બેસીને મધપુડો કરે છે, તેમ આપણા જીવનનો ભંડાર જ્ઞાનથી ભરવાનો છે.

જ્ઞાન મેળવવા અશુભક્રિયાનો ત્યાગ અને શુભ ક્રિયાઓમાં રસ આવશ્યક છે. અશુભમાં નિવૃત્તિ ને શુભમાં પ્રવૃત્તિ મુનિઓને હોય છે.





૧૬ ☼ પ્રકાશપંથ

નૈસર્ગિક બનાવ જીવનને પ્રેરણા આપે છે. ફૂલ સુંદર ખીલે છે, સૌરભ આપે છે અને આખર કરમાઈ જાય છે, તે જોઈને મનમાં દુઃખ થાય છે અને વિરક્તિના તરત જ વિચાર આવી જાય છે કે 'જન્મે છે, ખીલે છે અને અંતમાં ટાણું કામ આવતાં જીવનની સમાપ્તિ થઈ જાય છે.'

'રાજીમતીને છોડીને નેમકુમાર સંયમ લે છે' એવું ચિત્ર જોઈને પાર્શ્વકુમારને સંયમભાવના થાય છે. આમ કેટલાક ચિત્રો પણ આત્માની ઉન્નતિ કરે છે.

પ્રભુની ભવ્ય મૂર્તિ પણ આપણને પ્રેરણા આપી જાય છે. શ્રવણ બેલગોલામાં બાહુબલિની પ્રતિમા જોઈને વિરાગતાના દર્શન થાય છે. પાલિતાણામાં શ્રી આદીશ્વરની મૂર્તિ જોઈને આપણા ભાવો ભરાઈ જાય છે. મહેસાણામાં શ્રી સીમંધરસ્વામીની મૂર્તિ જોઈને ભવ્યતાના દર્શન થાય છે.

નૈસર્ગિક બનાવો, ચિત્રો, મૂર્તિઓ, વગેરે એ જ્ઞાનીની વાણી જીવનને પલટાવી નાખે છે, અને હૃદયદ્વાર ખોલે છે, જેથી અંતરમાં પ્રકાશ પથરાય છે, અને આત્મા પ્રકાશપંથે વિહરે છે.



૧૭ ☼ તપશ્ચર્યા

અગ્નિ જેમ કચરાને બાળી નાંખે છે, તેમ પેટના કચરાને તપશ્ચર્યા બાળી નાંખે છે. શરીરના રોગોને તથા વિકારોને દૂર કરનાર તપશ્ચર્યા છે. કાયા માંદલી હોય ત્યારે સારા વિચારો આવતા નથી. ધર્મ કરવા માટે શરીર એ પહેલું સાધન છે. તપશ્ચર્યા એ શરીરનું ઓઈલીંગ કરે છે. મન, શરીર અને આત્મા મજબુત હોય તો ધર્મ શુદ્ધ થાય છે.

તપશ્ચર્યા શક્તિ અનુસાર કરવાની છે, શક્તિ હોય અને તપશ્ચર્યા ન કરે તોપણ પ્રાયશ્ચિત્ત લાગે છે.

તપશ્ચર્યા રૂની વાટ જેવી છે. એકલું રૂ તૂટી જાય છે, વાટ કદી તૂટતી નથી. તપશ્ચર્યાથી મેદ ઓછો થઈ જાય છે, અને રોગમાંથી બચી જવાય છે. ઉપવાસ શરીરને નીરોગી બનાવે છે. તપશ્ચર્યા વિધિપૂર્વકની હોવી જોઇએ.

[illegible] ચામડીના રોગીને આયંબિલ નીરોગી બનાવે છે.

તપશ્ચર્યાથી [illegible] આરામ મળે છે. [illegible] છે. [illegible] છે. [illegible] છે. ધીમે ધીમે [illegible] છે.

તપશ્ચર્યાથી [illegible] દૂર થાય છે પછી મન [illegible] બને છે અને પછી આત્મા [illegible] બને છે.

[illegible] સૂર્ય [illegible] છે. [illegible] સૂર્ય [illegible] ગરમી આપે છે, પણ તપ [illegible] ગરમી આપતો નથી.

[illegible] નહીં.

[illegible]



૧૮ ☉ આત્મા અને કર્મ

આત્મા અને કર્મ તે દૂધ અને પાણી માફક મળી ગયાં છે તેથી તેનો રંગ બદલાઈ જાય છે કર્મથી આત્માનો રંગ બદલાઈ ગયો છે, તે જડ બની ગયો છે. આત્મા પારદર્શક છે, પણ જડના પ્રેમથી પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે તે આત્માનો ઉદ્ધાર કરવાનો છે, તેને શુદ્ધ કરવાની પ્રક્રિયા કરવાની છે. તેથી આત્માને ઓળખો. સાધનાની પ્રક્રિયાથી આત્માની ઉન્નતિ થશે. જેમ લાલચોળ તપેલા લોખંડના ગોળાના અણુએ અણુમાં ગરમી પ્રસરેલી હોય તેમ આત્માના અણુએ અણુમાં કર્મ વળગી રહેલાં છે. તે માટે તપશ્ચર્યા અને જ્ઞાનયોગની જરૂર છે.

કોઈકવાર આત્મામાં એકાગ્રતા ને રસ જામી જાય તો તે પરમાત્મા જેવો બની જાય છે, તેથી જ અંતર્મૂહુર્તમાં જ્ઞાનીઓએ કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ છે.





૧૯ ☼ નય અને પ્રમાણ

વસ્તુનું એક બાજુનું દર્શન આપે તે નય છે. એક જ વાતને મુખ્ય બનાવી, બાકીની બીજી બધી વસ્તુઓને ગૌણ બનાવવી તે નય છે. નય એકાન્ત સાચું નહિ.

બધી વસ્તુના સહકારથી એક વસ્તુ બને છે. તે પ્રમાણ છે.

નયમાં મિથ્યાત્વ હોય છે અને પ્રમાણમાં સમ્યક્ત્વ હોય છે.

જૈનદર્શન પ્રમાણરૂપી પેટમાં નયને રાખે છે. સત્ય અને અસત્યનું મિશ્રણ કરીને જીવનનો વ્યવહાર ચાલે છે. તેમાંથી સત્યને તારવી લેવાનું છે, જેમ આપણે, દા.ત., કહીએ કે 'હું ઘડો પીવું છું.' ખરી રીતે આપણે ઘડામાં રહેલા પાણીને પીએ છીએ.

જીવનનો વ્યવહાર નય અને પ્રમાણથી ચાલે છે.

અને નય અને પ્રમાણ જાણ્યા પછી સમ્યક્દર્શન પ્રાપ્ત થાય છે.

વસ્તુને પકડવી તે નય અને વસ્તુને સારી જાણવી સમગ્ર રીતે જોવી તેનું નામ પ્રમાણ. દુનિયાના તત્ત્વજ્ઞાનમાં નયોને જ અપનાવ્યા છે, જ્યારે જૈનના તત્ત્વજ્ઞાનમાં પ્રમાણને જ અપનાવ્યા છે.

નયને લીધે જુદા જુદા સંપ્રદાયો ઊભા થયા છે.

નૌકામાં જો બેલેન્સ ન હોય તો નૌકા ડૂબી જાય છે, તેમ એકલા નયના સિદ્ધાંત પર રચાયેલો ધર્મ નાશ પામે છે.

બધા સાતે નયો ભેગા થાય ત્યારે પ્રમાણ બને છે.

સૂંઠ અને ગોળના ગુણ જુદા છે. સૂંઠ વાતને દૂર કરે છે, અને ગોળ પિત્તને દૂર કરે છે; જ્યારે ગોળ ને સૂંઠ ભેગા થાય ત્યારે તે વાત, પિત્ત ને કફને દૂર કરે છે.

નય અને પ્રમાણનું દર્શન જીવનમાં થાય છે. પહેલો માળ, બીજો માળ તે નય છે અને છેલ્લો માળ તે પ્રમાણ છે. પહેલે માળે એકાંગી દર્શન અને છેલ્લે માળે સંપૂર્ણ દર્શન થાય છે.

નયના સર્વ મિશ્રણને પ્રમાણ કહેવાય છે. રૂપિયા રૂપિયા ગણતાં સો રૂપિયા બને છે. રૂપિયા એટલે નય અને સો રૂપિયા તે પ્રમાણ છે

નયને આધારે ચાલતું જગત જીવનના વિચાર કરી શકતું નથી. વિચારોને નયથી શરૂ કરવાના અને પ્રમાણથી પૂરા કરવાના. એકલું નય કે એકલા પ્રમાણ ચાલી શકતું નથી. શબ્દના અર્થ નયથી થાય છે, વાક્યના વિચાર પ્રમાણથી થાય છે. 'હાથ'ના નયથી એક જ વિચાર અને પ્રમાણથી અનેક અર્થો થાય છે

નય દ્વારા અર્થની પ્રાપ્તિ થાય છે અને પ્રમાણ દ્વારા નિર્ણય લેવાય છે.

"આત્મા" બોલવાથી શબ્દ બોલાય છે, એટલે ચિંતન (નયમાં) અને પરમાત્મા ચિંતન ચિંતનમાંથી આવે છે.

પ્રમાણને શાસ્ત્રને તત્ત્વોને આધારે જ જુદા પાડ્યા છે. જ્ઞાન તો દરેકની પાસે હોય છે, પણ તે જ્ઞાનને આચરણમાં મૂકવું અઘરું, જ્યારે ક્રિયાનું ચિંતન થાય, ત્યારે આચરણ આવ્યું પણ થાય છે.

ક્રિયાનો અર્થ ઘટી જાય તો પ્રમાદ આવે છે. ક્રિયાનો શબ્દ બદલે ત્યાં સુધી પ્રમાદ રહેશે. સર્વ

પ્રયોગ

શબ્દ ઘણા જાણ્યા, પણ કોઈ અર્થ જાણ્યા નહીં. અર્થ મેળવ્યા પછી આનંદ ઉત્પન્ન થાય છે અને પછી અર્થના ચિંતનથી આત્મસ્વરૂપ થાય છે. અર્થ [illegible] ઉપાસના અને ભાવના આવે છે. શબ્દ કહેવા સહેલી વાત અને અર્થ કરવો અઘરી વાત છે.

નયને પ્રમાણના ઘરમાં લઈ જવાથી અર્થ આવડી જાય છે.



જોઈતું હોય છતાં તે મળે નહીં અને તેનો ત્યાગ થાય તેને અકામ નિર્જરા કહેવાય છે. જ્યારે મળતું હોય અને એ છોડીએ તેને સકામ નિર્જરા કહેવાય છે. કોઈ મરી જાય અને આખો દિવસ ભૂખ્યા રહીએ તેને અકામ નિર્જરા કહેવાય છે.



૨૦ ☸ ચૈતન્ય

ચૈતન્યનો ઉપયોગ વધતો જાય તેમ તેનો વિકાસ વધતો જાય છે. મનુષ્ય માટે સૌથી વધારે તેનો ઉપયોગ છે તેના ઉપયોગથી (દર્શન અને જ્ઞાનથી) [illegible] કર્મબંધન તે કરે છે અને ઉદયમાં આવેલા કર્મને પ્રસન્નતાથી ભોગવતાં નવાં કર્મો બંધાતા નથી અને ઉદયમાં આવેલાં કર્મો ખપી જાય છે. નિર્બંધ [illegible]. ભૂખ્યા હોય ત્યારે તેની સેવા કોણ કરે છે? તે [illegible] તો જાણીએ કે હું નિર્બંધ કરતા તો થોડું જ શીખ્યો છું

મહાપુરુષોના માથે [illegible] હતી ત્યારે પણ તેમનામાં અખંડ સમતા હતી. ઉપયોગ સ્વભાવ જ આ દુઃખોને મીઠા બનાવે છે, સંસારની નાની નાની વાતે [illegible] આર્તધ્યાન કરીને નવા કર્મો બાંધે છે

જગમાં કોઈ ક્રિયા અને પ્રવૃત્તિ પાછળ ઉપયોગ હોય છે. આપણો ઉપયોગ આપણા આત્મા તરફ હોય છે [illegible] માણસ પણ "આમ લાગે" [illegible] તરત જ [illegible] થઈ જાય છે.

પોતાનું પોતાનું કરવું, [illegible] કરવું અને [illegible] વિચાર કર્યો તે [illegible] ઉપયોગ છે [illegible] [illegible] છે.



૨૧. ✿ આદર્શ

આદર્શ વિશેષણ છે, અને માનવી વિશેષ છે. આજે માણસ માણસનો વિશ્વાસ નથી કરતો, તે શાંતિથી બેસી શકતો નથી, કારણ કે વેરોથી માનવી જીવી રહ્યો છે, માનવ માનવીથી આજે વધારે ડરે છે (જાનવરથી નથી ડરતો).

માણસ તો દેવની કોટી જેવો છે, દેવતાઓ પણ માનવીની માનવતાને નમે છે. મહાપુરુષોના જીવન જેવું જીવન જીવવાની ઇચ્છા કરવાની છે. સારા માણસ માટે આદરમાન ઉત્પન્ન થાય છે.

સજ્જન, સંતો, જ્ઞાની મહાત્માઓ આદર્શ સમાન છે ભગવાન મહાવીરમાં ત્યાગની મહત્તા છે, સીતાજી પાસે સદાચારનું અલંકાર હતું.

સ્થિતપ્રજ્ઞ માનવી જીવનને શાશ્વત બનાવી જતી જાય છે. થોડાક પ્રલોભનમાં અકટયા વગર ઘણું મેળવવાનું છે. આજે આપણે ધ્યેય વગરનું જીવન જીવી રહ્યા છીએ.

સંસારમાં જ આદર્શ કેળવવાનો છે. આજે હવામાં મોક્ષની વાતો થાય છે. જીવનમાં હાહાકાર હોય છે.

માળીનો આદર્શ કોઈકના જીવનને જરૂર પ્રેરણા આપે છે. જીવન લોકપ્રકાશને માટે જીવાય તો જીવન સાર્થક થાય છે. જીવનમાં ત્યાગની મહત્તા છે. તપ વિના સિદ્ધિનાં ફળ કદી પ્રાપ્ત થતાં નથી. જીવનમાં અમુક ધ્યેય-આદર્શ આવશ્યક છે. ભલે સૂર્ય કે ચંદ્ર આપણે ન બની શકીએ, પણ કંઈક સદ્ગુણોના નાના બનીને પ્રકાશ જીવનમાં પાથરી જવાય.

૯

સંયમધારીનું સ્મરણ આપણને સંયમ અપાવે છે. સંસારીઓએ રાવણને કહ્યું કે "તમે રામનો વેશ કરીને ગયા, તો તરત જ સીતા તમારી સામે જોતે" ત્યારે રાવણ કહે છે કે "રામનું સ્મરણ કરું છું, ત્યારે મને તારી સામું જોવાનું પણ મન નથી થતું અને કેવળ તેની દાસી બની જવાનું મન થાય છે" એવું સ્મરણ કરતા આપણો આત્મા પ્રેરક બની જાય છે



૨૨ ✲ સમ્યક્ત્વ

સમ્યક્ આવે ત્યારે નિરાશાનું બીજ વવાઈ જાય છે. મોક્ષ મેળવવાનાં સાધન સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર છે. સમ્યક્ દર્શનથી મોક્ષનું બીજ પ્રગટે છે.

જેમ તંદુરસ્ત માણસને ભૂખ લાગે છે, તેમ જેનું મન તંદુરસ્ત હોય તેને સમ્યક્દર્શન પ્રગટે છે. મનના રોગી કદી સમ્યક્દર્શનને પ્રાપ્ત કરી શકતા નથી. ભવ્ય આત્મા સમ્યક્દર્શનના અધિકારી બની શકે છે. જેમની ભવિતવ્યતા પાકી હોય તે જલદી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. ઉચ્ચ ધર્મીને કે પરમાત્માની મૂર્તિને જોતાં સમ્યક્ત્વ પ્રગટે છે. એકમાં ચેતન કામ કરે છે, બીજામાં જડ કામ કરે છે.

આગમ, ઉપદેશ, મૂર્તિ, સુવાક્યો વગેરે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનાં અવલંબનો છે.



૨૩ ✿ ભાખિયો

આત્મા માટે ભાખિયાનું કામ કરનાર અને આત્માને જાણનાર શ્રુતજ્ઞાન છે. સમ્યક્દૃષ્ટિ પાસે મિથ્યાત્વ આવી જાય તો અલૌકિક બની જાય છે, અને મિથ્યાત્વ પાસે જો આગમ આવે તો લૌકિક બની જાય છે. આનું કારણ અજ્ઞાન છે. દવા જેવી રીતે રોગના પ્રમાણમાં, દવાથી રોગ મટાડે છે.

મતિજ્ઞાન કારણ છે અને શ્રુતજ્ઞાન કાર્ય છે. કારણ અને કાર્ય જુદાં પાડી શકાતાં નથી. મતિપૂર્વકનું જ્ઞાન બહિરાંગ છે.

જેના વડે સંસારનો વ્યવહાર ચાલે છે તે મતિજ્ઞાન છે. મતિ એટલે સમજવું અને શ્રુત એટલે સાંભળવું.

ભગવાન મહાવીર સ્વામી બોલ્યા તે ગૌતમ સ્વામીએ સાંભળ્યું અને તેમાંથી આગમો રચાયાં કે જે આજે બની ગયાં.

પાછલી ... ... છે, ... જે પૂર્વજન્મમાં મતિજ્ઞાન છે અને ઇહલોકમાં શ્રુતજ્ઞાન છે.



૨૮ ઓક્ટો—૬

જે જે વિચાર આવે છે, તે વિચારની આકૃતિ છે. જેમ એક્સ-રેમાં અમુક રોગ દેખાય છે, તેમ મનઃપર્યવ જ્ઞાનવાળાને સામા માણસના મનના આકારો દેખાય છે.

અવધિજ્ઞાનવાળું ક્ષેત્ર મનઃપર્યવજ્ઞાન કરતાં મોટું છે. અવધિજ્ઞાન આપણા લોકમાં વસે છે, મનઃપર્યવજ્ઞાન મહાવિદેહમાં છે. મનઃપર્યવજ્ઞાનમાં સૂક્ષ્મતા છે, અવધિજ્ઞાનમાં સ્થૂળતા છે. અવધિજ્ઞાન કાચ જેવું છે, મનઃપર્યવજ્ઞાન હીરા જેવું છે. મનઃપર્યવ જ્ઞાનવાળો થોડું જાણે છે, પણ ચોક્કસ જાણે છે; અવધિવાળો જાણે છે વધારે, પણ તેનું જ્ઞાન ચોક્કસ નથી હોતું. અવધિજ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય એટલે ઇન્દ્રિયોની મદદ વગર દુનિયાના રૂપી પદાર્થો જાણી શકે છે.

મનઃપર્યવજ્ઞાન આવે ત્યારે અવધિજ્ઞાન જતું નથી. સ્થૂલ વસ્તુ જોઈ શકાય છે. અવધિજ્ઞાન દૂરનું જાણી શકે છે. અને મનઃપર્યાવજ્ઞાન જ્ઞાન સૂક્ષ્મ વસ્તુ બતાવે છે. રૂપીમાં સૂક્ષ્મ વસ્તુને જોવાની તાકાત મનઃપર્યવમાં છે.

અવધિજ્ઞાન સંસારીને થઈ શકે, જ્યારે મનઃપર્યવ જ્ઞાન સાધુને જ થાય.

૨૫. ✿ આત્માના અલંકાર

આત્માના અલંકારોમાં નવ પ્રકારો કહ્યા છે.

નિવૃત્તિમય ત્રણ અલંકાર (૧) સામાયિક (૨) પ્રતિક્રમણ અને (૩) પૌષધ

પ્રવૃત્તિમય ત્રણ અલંકાર (૪) પ્રભાવના (૫) પૂજા (૬) સ્વાધ્યાય

આવૃત્તિમય ત્રણ અલંકાર (૭) દાન (૮) શીલ (૯) તપ

(૧) સામાયિક એટલે કે [illegible]

(૨) પ્રતિક્રમણ એટલે કે [illegible]

(૩) પૌષધ એટલે એક દિવસનું [illegible] તે દિવસે [illegible] રહેવાનું. તે દિવસે [illegible] [illegible] છે. તે દિવસે [illegible] [illegible]

(૪) પ્રભાતે પ્રભુનું સ્મરણ કરવાથી આપણાં કર્મમળ ધોવાય છે. તેથી આત્મા નિર્મળ ને શુદ્ધ થાય છે.

(૫) પૂજા અરિહંતની ભક્તિ માટે કરવાની છે કે આપણે તેમના જેવા થવાનું છે; પૂજા કરતાં પ્રભુના ગુણો આપણા આત્મામાં ઉતારે. તેથી આપણા આત્માની છે. તેમની પાસેથી મોક્ષ મેળવવાનું છે.

(૬) સ્નાત્ર એટલે પ્રભુના જન્માભિષેક મેરુ પર્વત પર ઇન્દ્રો ને ઇન્દ્રાણીઓ ઉજવે છે. ઉલ્લાસથી, ઉમંગથી સ્નાત્ર ભણાવવાથી કર્મનો ક્ષય થાય અને ઉત્તમ પુણ્ય ઉપાર્જન થાય.

(૭) દાન શુભ ભાવનાથી અપાય તો કર્મનો ક્ષય કરનાર છે. તે પરિગ્રહ પરની મૂર્છા ઉતારનાર ચમત્કારી ઔષધ છે.

(૮) શીલ આત્મકલ્યાણ માટે જ છે.

(૯) તપ યથાશક્તિ સમતાપૂર્વક કરવાથી કર્મનો ત્વરિત ક્ષય થાય છે.



૨૬ ✿ યોગની વિશિષ્ટતા

બધું જાદુ કરતા યોગના જાદુ મોટી ચડી જાય છે. લૌકિક ચમત્કાર એ બાહ્ય ચમત્કાર નથી પણ જે આત્માને પલટાવી નાખે તે આંતર ચમત્કાર છે. બધામાં આત્મા યોગથી મહાન બની જાય છે. યોગથી ચંચળ મન સ્થિર ને સ્વસ્થ થાય છે. જ્યાં સુધી મન સ્થિર નથી, ત્યાં સુધી ક્રિયા નકામી છે. તે આકાશમાં ચિત્રામણ કરવા જેવું થાય છે. જ્યાં સુધી ક્રિયાની અસર મન પર ન થાય ત્યાં સુધી ક્રિયાની કાંઈ કિંમત નથી. સારું વાતાવરણ સારાં પુસ્તક જેમ મનને પ્રફુલ્લિત કરે છે, તેમ ક્રિયા પણ મનને પ્રફુલ્લિત કરે તેવી હોવી જોઈએ. આપણે જે ક્રિયા કરીએ છીએ, તે લોકોના માટે નહીં, પણ આપણા આત્મા માટે કરવાની છે.

મનની સમાધિ યોગથી થાય છે. અત્તરની સુવાસ જેમ છાની ન રહે, તેમ યોગી પુરુષોનું તેજ પણ છાનું રહેતું નથી. ફ્રેંચ મન સ.દ. પરમહંસ. [illegible]

યોગથી

અને યોગી આજુબાજુ ધ્યાન દ્વારા પ્રકાશ પરમાણુઓ ફેંકે છે.

જે આત્માએ યોગ વડે મનને બહુ જ મજબૂત કર્યું છે, તે આત્મા નિરંતર દુનિયાની અદ્ભૂત ઉત્તમ પુદ્ગલો ફેંકે છે. ભાવના અભ્યાસ વિના તો કોઈ વિરલ કાર્ય સિદ્ધ થતું નથી.

વસ્ત્રો ઉપર સારી છાપ પાડવી હોય તો કાગળ જેમ શ્વેત, સ્વચ્છ ને સાફ જોઈએ, તેમ મોક્ષ મેળવવા મનને યોગથી ધોવું જોઈએ. યોગ મનને સ્વચ્છ કરે છે.

યોગનો પ્રભાવ અપૂર્વ છે, તે કર્મોને બાળી નાખે છે.

યોગથી જેનું મન વિંધાયું નથી, તે પશુ જેવું જીવન ગાળે છે. યોગ વડે મન, વચન અને કાયા સુંદર સંસ્કારિત બને છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રથી મનુષ્યનું મન યોગ તરફ વળે છે.

જ્ઞાન વગરનો યોગ નકામો છે.

> પરમાં ભમ્યા કરવું બહુ જ સહેલું છે, પણ આત્માનું જ્ઞાન મેળવવું અને તે જ્ઞાનમાં રમ્યા કરવું તે અઘરામાં અઘરૂં છે.



૨૭ ✿ કરુણા ને ત્યાગ

[illegible]

[illegible]



૨૮ દૃષ્ટિ

જ્ઞાન એ બહારની વસ્તુ જુએ છે, પણ દૃષ્ટિ અંદરની વસ્તુ જુએ છે. બહારનું જ્ઞાન એ પુસ્તકનું નામ છે, જ્યારે દૃષ્ટિ એ પુસ્તકની અંદર રહેલું જ્ઞાન છે. મહાપુરુષો દૃષ્ટિ તરફ જાય છે, જ્યારે જગત જ્ઞાન તરફ જાય છે. દૃષ્ટિના અભાવથી શાંતિ મળતી નથી. થોડું ભણ્યા હોઈએ, પણ જીવનમાં દૃષ્ટિ આવી જાય તો જીવન સુધરી જાય છે.

એક વખત કરોડો રૂપિયાનું મશીન બગડ્યું. તેને રીપેર કરવા ઘણા માણસો આવ્યા. પણ મશીનમાં શું બગડ્યું છે, તે કોઈ જાણી શક્યા નહીં, છેવટે એક દૃષ્ટિવાળો (હોંશિયાર) એન્જિનિયર આવ્યો અને બોઈલરના જે ભાગમાં રીપેર કરવાનું હતું, તે ભાગમાં બે ચાર હથોડા માર્યા એટલે મશીન ચાલુ થઈ ગયું.

પછી એન્જિનિયરે ૧૦૦૧ ડોલર માગ્યા. તેને પૂછવામાં આવ્યું કે ૧૦૦૦ ડોલર નહીં, પરંતુ ૧ વધારે

એટલે ૧૦૦૧ ડૉલર કેમ માગ્યા? તો એન્જિનિયરે જવાબ આપ્યો: 'હથોડા મારવાની કિંમત એક ડૉલર અને બુદ્ધિની (દૃષ્ટિની) કિંમત ૧૦૦૦ ડૉલરની છે!'

જે લોકો આગળ આવ્યા છે, તેમની પાસે જ્ઞાન અને દૃષ્ટિ બન્ને હોય છે. પાછળ રહી ગયેલાઓની પાસે ફક્ત જ્ઞાન હોય છે. જ્ઞાન જગતને કામ લાગે છે, જ્યારે દૃષ્ટિ આત્માને કામ લાગે છે.

પોતાની અંદર રહેલો દૃષ્ટિનો અભાવ માણસને [illegible] બનાવે છે

દૃષ્ટિવાળો માણસ દુઃખ આવે તો ગભરાય નહીં, અને સુખમાં મલકાય નહીં. બીજાના દુઃખમાં રડવું અને પોતાના દુઃખમાં હિંમત રાખે છે

દૃષ્ટિ વગરનું જ્ઞાન નકામું છે

આપણને લોકો બહારથી દેખાય છે. [illegible] દેખાતું નથી જ્યારે દૃષ્ટિ [illegible] દેખાય છે [illegible]

આપણને શરીરના રોગની ચિંતા થાય છે, પણ આત્માના રોગની નહીં. ટી.બી.નું નામ સાંભળતાં શરીરે ધ્રુજારી ચડી જાય છે, આનંદ ઊડી જાય છે, અને તેનું નામ સાંભળતાં જ તે દર્દને દૂર કરવાનો ઈલાજ હાથમાં લે છે, પણ આત્માના રોગની ફીકર કરતા નથી.

અનંતકાળથી આત્માને ક્રોધ, લોભ, માન અને માયાનો રોગ લાગેલો છે, જેથી સંસારમાં આત્મા રખડ્યા કરે છે. જ્યારે આપણામાં આવી દૃષ્ટિ આવશે, ત્યારે અંતરના રોગોની ચિંતા થશે, અને તેનો ઈલાજ કરીશું.

આઠ વર્ષના બાળકને ટી.બી. થયાનું ડોક્ટર કહે પણ તે તો હસ્યા જ કરે છે. ટી.બી. એટલે શું તે બાળક જાણતું નથી, તેથી તેની ચિંતા પણ થતી નથી, તેના દરદની ચિંતા તેના માબાપને થાય છે; તેમ આપણે પણ આઠ વર્ષના બાળક જેવા છીએ, કારણકે ક્રોધ, લોભ, માન, માયા વગેરે દુર્ગુણોની વિનાશકતાને આપણે જાણી નથી તેથી આપણને તે દુર્ગુણોની ચિંતા થતી નથી. અને તેને દૂર કરવાનો ઈલાજ પણ કરતા નથી.

જ્યાં સુધી સારું શુદ્ધ દર્શન થયું નથી, ત્યાં સુધી આપણે આત્મકલ્યાણ નહીં કરી શકીએ.



૨૯ ✡ શ્રદ્ધા

[illegible]

[illegible]

જે કામમાં શ્રદ્ધા હોય તે જ કામ પૂરું થઈ શકે છે. ઉત્સાહમાં આત્મવિશ્વાસ [illegible] તો તેમાં નિષ્ફળતા મળતી નથી. અશ્રદ્ધાથી કામ કદિ સફળ થતું નથી.

કોઈ પણ કામમાં [illegible] શ્રદ્ધાને છોડવી નહીં, પણ આત્માના જોરથી કામ કરવું જોઈએ, અને શ્રદ્ધાથી ઉપાડેલ કામમાં સફળતા મળે છે. પહેલાં તો આત્મામાં શ્રદ્ધા હોવી જોઈએ કે આત્મા અમર છે, તે નાશ પામતો નથી, નાશ પામશે નહીં. દેવ, ગુરુ, ધર્મમાં આધાર, અટલ શ્રદ્ધા હોવી જોઈએ.



આત્મબંધનના ત્રણ મુખ્ય કારણ છે: ભ્રમ, શંકા અને અજ્ઞાન. ભ્રમ જડ પદાર્થમાં લઈ જાય છે, શંકા સાચા પદાર્થોથી દૂર રાખે છે અને અજ્ઞાન સાચું સાંભળવા દેતું નથી.

૩૦ ✿ જીવનની મધુરતા

કેળવણી આત્માને કેળવવા માટે છે. દુઃખ વિના છૂટકો જ નથી, પણ દુઃખનું દર્શન કરીને દુઃખવાનું છે. આપણું મનનું કોઈ દાબીને રાખીએ, પણ તેનું દમન આણી શકતા નથી.

નાળિયેરની ઉપર કઠણ આવરણ છે, પણ અંદર મીઠું કોપરું છે, તેમ આપણું જીવન આહાર, નિદ્રા, ભય, મૈથુન પાલન પૂરતું થયું છે. આપણું આહાર પરંતુ ધન-સમૃદ્ધિથી સુખ માનીએ છીએ, પણ કોઈ જ કરતા આત્માનુભવી કોપરાનો આસ્વાદ લેવો છે, તેનું દર્શન કરવું છે, તેમાં જીવનની મધુરતા રહેલી છે.

❦

આપણું [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] આપણા [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.



૩૧. ✿ જ્ઞાનપ્રકાશ

જ્ઞાનથી શ્રદ્ધા ટકી રહે છે. જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની ઉપાસના કરવાની છે. તત્ત્વના જ્ઞાન વગર અન્ય જ્ઞાન ટકી શકતું નથી, તત્ત્વોનું જ્ઞાન જીવનમાં સુખ અને શાંતિ આપનાર છે. નવ તત્ત્વના સમૂહથી થયેલો બોધ તે જીવનનું દર્શન કરાવે છે. જ્ઞાન સર્વ ગુણોનું મૂળ છે. અંધારામાં બીક લાગે છે, પ્રકાશમાં કદી બીક લાગતી નથી, તેમ અજ્ઞાનરૂપી અંધકાર જ્યાં સુધી આપણા જીવનમાં હોય ત્યાંસુધી આપણને ભય લાગે છે, પણ જ્ઞાનરૂપી પ્રકાશ આવતાં આપણો ભય ચાલ્યો જાય છે. જ્ઞાનથી સ્વસ્થતા, શાંતિ ને સમતા મળે છે. જ્ઞાન મેળવવા માટે મૌન અને એકાંત ખૂબ જરૂરી છે. આત્માની ખોજ માટે જ્ઞાનની જરૂર છે.

વસ્તુ મેળવતાં પહેલાં વસ્તુનું જ્ઞાન મેળવી લેવું. વસ્તુનું જ્ઞાન આવ્યા પછી વસ્તુને કેમ વાપરવી તે આવડે છે.

✿



૩૨ ♦ નિખાલસતા

કોની પાસેથી વિદ્યા લઈએ તેને પૂજનીય ગુરુ માનવા જોઈએ. જ્ઞાનનો પ્રકાશ આપ્યો અને [illegible] બનાવ્યો તેવા ગુરુને પૂજવા જોઈએ. તેમનો ઉપકાર ક્યારેય ભૂલી શકાતો નથી.

[illegible]

[illegible]



૩૩ ☼ શરીર

દેવો અને નારકો ઉત્પન્ન થાય તે સ્થાન અચિત હોય છે, મનુષ્ય અને તિર્યંચનાં સ્થાન સચિત હોય છે. જીવોના પાંચ પ્રકારના શરીર છે : ઔદારિક, વૈક્રિય, આહારિક, તૈજસ ને કાર્મણ. મનુષ્ય અને તિર્યંચનાં શરીર ઔદારિક છે, જેના વડે સુખદુઃખનો અનુભવ કરી શકાય છે. દેવો અને નારકોને વૈક્રિય શરીર છે, જે પારાની માફક છૂટું પડે અને ભેગું થાય.

આહારક શરીર પુણ્યાત્મા ચૌદ પૂર્વધરોને જ હોઈ શકે. સીમંધર સ્વામી પાસે જવું હોય તો આહારક શરીર કરીને અંતઃમુહૂર્તમાં પાછા આવી જાય છે. તૈજસ અને કાર્મણ શરીર સંસારના દરેક જીવોને હોય છે. ઔદારિક કરતાં વૈક્રિય સૂક્ષ્મ અને વૈક્રિય કરતાં આહારક સૂક્ષ્મ અને આહારક કરતાં તૈજસ અને કાર્મણ સૂક્ષ્મ છે.

પહેલાં ત્રણ અસંખ્યાત છે, અને તૈજસ અને કાર્મણ અનંતા પરમાણુના બનેલ છે. મૃત્યુ આવે ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરને છોડવા પડે છે. જ્યાં જીવ જાય ત્યાં તૈજસ અને કાર્મણ શરીર સાથે જાય છે.



૩૪ ☸ દેવો

ચાર પ્રકારના દેવો છે: ભવનપતિ, વ્યંતર, વૈમાનિક ને જ્યોતિષ. પહેલા બે આપણી નીચે છે અને બાકીના આપણી ઉપર છે.

દેવો પાસે સુખ, વૈભવ, સમૃદ્ધિ અઢળક હોય છે. [illegible]

[illegible]

[illegible]

[illegible]માંથી ભટકે છે. અને તે સંતોષમાં આત્મરમણ કરે છે. આત્માની [illegible] ત્યાગ અને સંતોષથી આત્મ-રમણતા. થાય છે.

ત્યાગનું પરિણામ આનંદ છે. [illegible] કામનાથી દુઃખ થાય છે, [illegible] કામથી સુખ થાય છે. તેઓ નામ માટે નહીં, પણ કામ માટે જીવે છે.



ટેલીફોન જોડવાથી તરત જ ઘંટડી વાગે છે, તેમ ભક્તિ જો સાચી હોય તો ભક્તિનું પરિણામ પણ તરત જ મળે છે. મયણાએ પ્રભુની સ્તુતિ કરી અને પ્રભુના ગળામાં રહેલ પુષ્પની માળા તેના ઉપર ઉછળીને પડી.

પ્રાર્થના એક એવી ચાવી છે કે જેથી જીવનનું બારણું ખુલી જાય છે, તેથી પશુતા ચાલી જાય છે, અને પ્રભુતા અંદર આવી જાય છે.

૩૫. ✿ વિવેક

વિવેક એટલે [illegible]

[illegible]

✿



૩૬ ✿ ધ્યાન

સદ્‌ગુણોની પરાકાષ્ઠા એટલે શુક્લલેશ્યા અને દુર્ગુણોની પરાકાષ્ઠા એટલે કૃષ્ણલેશ્યા. માટે આપણે સદ્‌ગુણોને વધારતાં જવાનું છે, અને દુર્ગુણોને કાપતાં જવાનું છે. શુક્લ ધ્યાનવાળો આત્મા ચંદ્રની જેમ શીતળ અને ઉજ્જવળ જ રહે છે. ગમે તેવી મુશ્કેલીમાં તે આત્માને શ્વેત જ રાખે છે. શુક્લ ધ્યાનવાળાનું રૂપ પૂર્ણ ચાંદની જેવું છે, શિરિષનાં પુષ્પો કરતાં વધારે કોમળ સ્પર્શ શુક્લ ધ્યાનવાળાનો હોય છે. તેમનો અવાજ મધુર હોય છે.



કાચું મન અને કાચો પારો જીવનને મારી નાખે છે. મરેલું મન અને મરેલો પારો આત્માનો ઉદ્ધાર કરી નાખે છે.



૩૭ ♦ સુખ

ભૌતિક સાધનોથી જે સુખ નથી મળતું, તે સુખ આત્મિક સાધનોથી મળે છે. ભૌતિક સુખથી પરેશાની વધી જાય છે, જ્યારે સાધનાથી પરેશાની દૂર થાય છે. સુખ બહાર નથી, પણ આત્મામાં જ છે. ભૌતિક સુખ ક્ષણિક છે, આત્મિક સુખ ચિરસ્થાયી છે.

સુખ બજારમાં નથી, આત્મામાં છે. સુખ કોઈ નથી આપતું, પણ આપણા હાથે સુખ મેળવવાનું છે. ભગવાન સુખ નથી આપી શકતા. [illegible] ને સુખી કર્યું.

[illegible]



૩૮ ૦ કર્મ ને વ્યાજ

વિપાક જાણીને વેર વાળી શકાય છે. માટે કર્મ કરતાં પહેલાં વિચાર કરવાનો છે.

એક ડોશીએ લખાણપત્ર કર્યા વિના એક શેઠને ત્યાં વીસ હજાર રૂપિયા મૂક્યા. જ્યારે તે લેવા ગઈ, ત્યારે શેઠ ફરી ગયા. તે રકમનું ડોશીને દાન કરવું હતું. રકમ ન મળતાં ડોશીને સખત આઘાત લાગ્યો અને તે આઘાતથી તે મરી ગઈ.

નવ માસ પછી શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો. દીકરા પાછળ શેઠે ખૂબ પૈસા ખર્ચ્યા. દીકરો હોંશિયાર, બાહોશ, બુદ્ધિશાળી હતો. લગ્નની તૈયારી ચાલતી હતી ત્યારે વીશ વર્ષનો કોડીલો યુવાન મરી ગયો. આથી શેઠને ભયંકર વજ્રાઘાત જેવો અસહ્ય આઘાત લાગ્યો. તેથી મુનિએ સમજણ આપી કે 'પેલી ડોસી તમારો દીકરો હતો, અને વીસ હજારના અનેક ગણા વીસ વર્ષમાં ખર્ચાવી ગયો અને વ્યાજમાં તમને રડવાનું આપીને ગયો.



૩૯ ✡ આનંદ[illegible]

માતાપિતાએ [illegible] [illegible]

[illegible]

[illegible]

૧૪



૪૦. તુંબડીની ગાથા

જ્યારે સંઘ આવ્યો, ત્યારે શ્રીનિધિ ભાઈએ કહ્યું : "મારાથી આ સંઘમાં કારણવશાત્ આવી શકાશે નહીં, તો મારી આ તુંબડી તમે દરેક તીર્થે સ્નાન કરાવજો ને પવિત્ર કરજો." બધા જાત્રા કરી પાછા ફર્યા, ત્યારે પેલા ભાઈએ તુંબડું ભાંગ્યું અને યાત્રિકોને જમાડ્યા. જમણમાં પેલા તુંબડાનું શાક કર્યું. તુંબડી એકદમ કડવી હતી, તેનું શાક ખાઈને બધાનાં મોઢાં કડવાં થઈ ગયાં.

પેલા ભાઈએ કહ્યું : "આ તુંબડી ઘણીયે નદીઓમાં સ્નાન કરીને આવી, છતાં મીઠી ન થઈ", તો આપણું અંતર પણ ઘણીયે જાત્રાઓ કરે છતાં અંતરને શુદ્ધ ન બનાવે તો જાત્રા કર્યાનો ફાયદો શો ? ધમાલમાં જીવન પૂરું કરવાનું નથી, પણ જીવનમાં આત્માનો પૂરેપૂરો વિચાર કરવાનો છે.

❦



૪૧. ☆ અરૂપી આત્મા

એરંડો ઉછળીને જેમ ઉપર જ જાય છે. તેમ આત્મા પણ દેહમાંથી નીકળી ઉપર જવાનો પ્રયત્ન કરે છે: પણ જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમા આત્માને જવું પડે છે.

આત્માની સાથે રહેલાં કાર્મણ, તૈજસ શરીરને જ ખોરાક જોઈએ છીએ; ખાય છે, ત્યાં જ શરીર બંધાય છે.

આત્માનાં પ્રવેશ પછી પહેલા આહાર. પછી શરીર. પછી ઈંદ્રિયો, શ્વાસોશ્વાસ, ભાષા અને મન એમ છ પ્રકારે આપણું બંધારણ થાય છે. આત્મા આત્માજ રહે છે. તિર્યંચમાં જાય કે નારકમાં જાય પણ આત્માનું સ્વરૂપ બદલાતું નથી. આત્મા શુદ્ધ છે, બુદ્ધ છે, નિરંજન, નિરાકાર છે, અજર, અમર, અરૂપી છે.

> આપણાથી ઉપરના નહીં, પણ નીચેનાનો વિચાર કરીને સાધનામાં જ આગળ વધવાનું છે.



૪૨ ✿ મન

મન કોઈવાર ચંચળ બની જાય તો ઘડીએ ને પળે ને અસ્થિર બની જાય છે. આ મન કોઈવાર ઉપાશ્રયમાં લગ્નના વિચાર કરતા થઈ જાય છે, તો લગ્નના મંડપમાં કોઈવાર સાધુતાનો વિચાર આવી જાય છે. રથનેમિનું મન રાજુલના રૂપથી હારી ગયું, થાકી ગયું, પણ સુંદર નિમિત્ત મળતાં પાછું મન ખીલી ઊઠે છે. અંતરના વાત્સલ્યથી ખરાબ માણસ પાછો સુધરી જાય છે.

પ્રભુના રોમેરોમમાં આજ ભાવના હતી: "સવિ જીવ કરું શાસનરસિ"—તેથી ચંડકોશિક, અર્જુન માળી અને ચંદનબાળાને પ્રભુએ ઉગારી લીધા.

ગટરના પાણીને ડીસ્ટીલ્ડ કરીને, તેમાં ગુલાબજળ નાખવાથી તે પાણી સુગંધિત બની જાય છે.

મનને સાંધવાનું છે, વશ કરવાનું છે; મનને વાળી નાંખવાનું છે, જીતવાનું છે. શીલગુણસૂરિને રૂપસુંદરી (વનરાજની માતા) કહે છે કે "મેં કદી પાણીનો પ્યાલો ભર્યો ન હતો, આજે હું લાકડાના ભારા ઉપાડી ચાલી શકું છું." આ છે મન પર વિજય.



૪૩ ☆ પ્રેમ

મારો આત્મા છે, તેવો જ આત્મા જગતના પ્રાણીઓમાં રહેલો છે. મને સુખ ગમે છે, અને દુઃખ ગમતું નથી, તેમ જગતના સર્વ પ્રાણીઓને સુખ ગમે છે.

ખરાબ કામ કરનારને વખોડી નથી નાંખવાનો, પણ પ્રેમથી તેને સુમાર્ગે વાળવાનો છે. આપણે કોઈવાર ખરાબ વાતાવરણમાં મૂકાઈ જઈએ છીએ, ત્યારે ન કરવાનું કરી બેસીએ છીએ. તેથી આપણા પાપને ધોનાર પ્રભુની વાણી અને સંતના આશીર્વાદ છે.

પ્રભુ પાસે તો વેશ્યા, ચોર, વ્યભિચારી, દારૂડિયો આવે, પણ પ્રભુ તેનો તિરસ્કાર નથી કરતા; પણ પ્રભુ તેમને શુભ તત્ત્વોમાં પ્રેમથી જોડી દે છે, તેમને પલટાવી દે છે. પ્રભુ પાસે તો કરુણાનું ઝરણું વહ્યા જ કરતું હોય છે, તેથી આખું જગત સુખી બને, કર્મથી મુક્ત બને અને મોક્ષનાં અનંત સુખો મળી જાય તેના માટે જ સર્વ સાધના કરે છે.



૪૪ ☼ નયની વિશિષ્ટતા

એક નયથી આપે તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે, અને અનેક નયથી આપે તેને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. બધા નયો ભેગા થાય ત્યારે પ્રમાણ બને છે. જેવી જેની પ્રકૃતિ હોય તેવી પ્રકૃતિવાળો માણસ તેને ગમે છે. માટે જીવન એક મેળો છે. તેમાં બધાની કૃતિની દુકાન ચાલે છે.

નયવાદના બે ભાગ છે : દ્વૈત અને અદ્વૈત. દ્વૈત એટલે બધા આત્મા જુદા છે, અને અદ્વૈત એટલે બધાના આત્મા સમાન છે. નય કુલ સાત છે, તેમાં ચાર દ્રવ્યાર્થી છે ને ત્રણ પર્યાયી છે.

પર્યાય સમજે છે કે બધાને એક સરખું જ્ઞાન થઈ શકે છે, બધા જ આત્મા મોક્ષે જઈ શકે છે; દ્રવ્યાર્થી સમજે છે કે નયથી બધું એક છે, પર્યાયથી બધું ભિન્ન છે. પર્યાયને ભાંગી નાખવામાં આવે ત્યારે દ્રવ્યાર્થી બને છે. દ્રવ્ય ખાંડ છે, પર્યાયો આકાર છે.


દ્રવ્ય આનંદમય છે, અને પર્યાયમાં સુખ, દુઃખ ધનવાન, ગરીબી છે. દ્રવ્ય નષ્ટ થતું નથી. પર્યાય બદલાય છે.



૪૫ ☆ ત્યાગ

ત્યાગમાં જેમ જેમ જ્ઞાનનો રંગ પૂરાવા માટે, તેમ તેમ ત્યાગનો રંગ વધારે પાકો બનતો જાય છે. ત્યાગ અને સાદાઈ એ આપણો આનંદ છે. અને દરેક વસ્તુ સમજીને કરવાથી આનંદ પ્રાપ્ત થાય છે. "હું એક છું" આ શબ્દો મમત્વને દૂર કરવા માટે છે, દીનતા લાવવા માટે નથી, મોહને દૂર કરવા માટે છે.

જેની પાસે કાંઈ નથી, તેની (સાધુની) પાસે સર્વસ્વ છે. જેની પાસે બધું જ છે, તેની (સંસારીની) પાસે કંઈ નથી, એક આત્મિકવાદ છે, બીજો ભૌતિકવાદ છે. અહીંથી જઈશું ત્યારે આત્મકમાણી જ સાથે આવવાની છે, ભૌતિક વસ્તુઓ બધી જ અહીં મૂકીને જવાનું છે. માટે જે સાથે આવવાની હોય તેવી કમાણી અત્યારે કરી લેવાની છે તેથી સાધુ ક્ષણેક્ષણ જ્ઞાનની સાધના જ કરે છે.



૪૬ ✿ મુક્તિ

ઉત્તમને મેળવવા માટે હલકી વસ્તુને છોડવી પડે છે. ત્યાગી છોડે છે તેના કરતાં અનંતગણું મેળવે છે. આસક્તિ છે, એટલે સંસાર મીઠો લાગે છે. મમત્વ જો નીકળી જાય તો સંસારનું સ્વરૂપ સમજાઈ જાય છે અને આખા વિશ્વમાં આત્મીયતાનો ભાવ જ લાગે છે. આસક્તિમાં અનંત દુઃખ છે અને અનાસક્તિમાં અનંત સુખ છે. મોક્ષ એટલે જ મુક્તિ. માટે આસક્તિ, વિચાર, વિકલ્પ, વાસના અને કર્મથી મુક્ત બનવાનું છે.

બે ચોબાઓને મથુરાથી દૂર જવું હતું, પણ ભાંગના નશાને કારણે નૌકાનું લંગર છોડવાનું ભૂલી ગયા અને આખી રાત હલેસાં માર્યાં અને નૌકા ત્યાંની ત્યાં જ ગઈ રહી મમત્વના દોરડાને છોડીશું, ત્યારે જ મુક્ત બની જઈશું.

> ઘરમાં જો સ્વામીભાઈ ન જમે તો તે ઘર સ્વર્ગ નહીં, પણ ધર્મશાળા સમાન છે.



૪૭ ☆ વાસના

વ્યસનો ઇન્દ્રિયોને આપશો, તેટલી ઇન્દ્રિયો વધારે તોફાન કરશે. ભવની વાસનાનો ત્યાગ એટલે જ મોક્ષની પ્રાપ્તિ છે. જ્યોતનો સ્વભાવ તો ઉપર જવાનો છે, તેવો જ સ્વભાવ આત્માનો છે. ઇન્દ્રિયોને ત્યાગ, તપ ને સંયમથી જીતવાની છે. ભવમાં રાચવું એ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો ભવનો વિરહ છે, માટે ભવની વાસનાને જેર કરવાની છે.

વિષયોના પાપથી ઇન્દ્રિયો આત્માને દોરડાની જેમ બાંધી દે છે, જેથી આત્મા મુક્ત બનતો નથી. સિંહને પણ જો બાંધી દેવામાં આવે તો તે પણ ગુલામ થઈ જાય છે, પરવશ બની જાય છે, તેમ વાસનાથી, વિકારથી, વિષયોથી, વિકલ્પથી આત્મા બંધાઈ જાય છે.

આત્માને પરમાત્મા બનાવવાની જ્યાં ઇચ્છા થઈ, ત્યાં જીવન બદલાતું જશે અને ત્યાગ, સંયમ, અપરિગ્રહ, મૈત્રી, પ્રેમ, ક્ષમા, એવા અનંત ગુણો આવતા જશે.



૬૮ ✿ સંયમ

મનને સાધના અને સંયમમાં રાખવું બહુ જ અઘરું છે. મન તો પાણી જેવું છે, તેને ઉપર ચઢાવવા માટે ઘણી સાધના કરવી પડે છે. જ્યારે પૂજા, સામાયિક સ્વાધ્યાય કરવા બેસીએ ત્યારે ન વિચારવાનું વિચારાય છે. આર્ત-રૌદ્રધ્યાન ધર્મ કરતી વખતે જ આવે છે, માટે મનને ધર્મ અને મોક્ષ તરફ વાળવાનું છે. પ્રભુ દર્શન કરતી વખતે પ્રભુના ગુણોનો જ વિચાર કરવાનો છે. સ્વાધ્યાય કરતી વખતે પ્રભુના વચનમાં જ રમણતા કરવાની. શ્રવણ કરતાં એકતાન બનીને ગુરુ મુખે પ્રભુની વાણી સાંભળવાની છે. મનની ઉપર વિવેકની લગામ રાખીને અમૃત-ક્રિયામાં એકાગ્ર બનવાનું છે.

જો ઇન્દ્રિયોને સંયમની લગામ ન હોય તો તે આત્માને દુર્ગતિમાં ફેંકી દે છે.

જેમ જેમ બહારનું સુખ વધતું જાય છે,
તેમ તેમ અંદરનું સુખ ઘટતું જાય છે.



૪૯ ☼ સર્જન

એક શ્રમથી સર્જન થાય છે, બીજા શ્રમથી પતન થાય છે. માણસના બે જાતના વિચાર છે: એક વિચારથી ઉપર જાય છે, બીજા વિચારથી નીચે જવાય છે.

પ્રભુના વચન પ્રમાણે ચાલનાર ઉર્ધ્વગામી બને છે, અને વચન વિરુદ્ધ ચાલનાર અધોગતિમાં ચાલ્યો જાય છે. જ્ઞાની દરેક ક્રિયા કર્મ ખપાવવા માટે કરે છે, જ્યારે અજ્ઞાનીની ક્રિયા કર્મ બંધન માટે થાય છે.

એક દારૂડિયાને સમજાવવા લંડનમાં દીનબંધુ રોજ તેની પાસે જતા. દારૂડિયો કહે કે "મને ભગવાનમાં વિશ્વાસ નથી," ત્યારે દીનબંધુ કહે કે "તારામાં ભગવાનને વિશ્વાસ છે." પ્રકાશને શ્રદ્ધા છે કે હું અંધકારને દૂર કરી શકીશ. તેમ જ્ઞાનીને વિશ્વાસ છે કે દારૂડિયામાં, ચોરમાં પણ દિવ્ય આત્મા પડેલો છે. તે દિવ્ય આત્માને ઉપર લઈ જવાનો છે. આત્માને પરમાત્મા બનાવવાનો છે.

૦



૫૦ : મોહમદિરા

મલિન સંકલ્પવિકલ્પ રૂપ મદિરાના પાન વડે મોહ-મદિરાનું યથેચ્છ પાન કરી મત્ત બનેલા જીવો વિવિધ પ્રકારની કુચેષ્ટાઓ કરીને ચાર ગતિમાં ભટક્યા કરે છે. પરંતુ નકામા મલિન સંકલ્પ વિકલ્પો તજી, રાગ-દ્વેષ દૂર કરી, તેને મોહવશ નહિ બનતાં જેઓ શુદ્ધ વિવેક યોગથી સંયમિત રહે છે, તેઓ ચારિત્ર વડે અન્યજનોને પણ અનુકરણ કરવા યોગ્ય બની અંતે અક્ષય અને અવિનાશી મોક્ષપદને પામે છે.

દારૂ, દારૂડિયો, દારૂની પ્યાલી અને દારૂનું પીઠું–એ ચાર છે, તેમ સંસાર પીઠા જેવો છે, મોહ રૂપી દારૂ વિકલ્પ–વિચારરૂપી પ્યાલીમાં ભરીને આપણે પીધા જ કરીએ છીએ. "મારૂં સારૂં, તારૂં ખરાબ" આ ભ્રમણાથી જ આપણે સંસારમાં ભમ્યા કરીએ છીએ. દારૂ પીધા પછી માણસ ચેષ્ટાઓ કરે છે તેમ ભવરૂપી નાટકમાં પ્રપંચ તે કર્યા જ કરે છે. હસતાં હસતાં બાંધેલાં કર્મો રડતાં રડતાં પણ છૂટતાં નથી. મોહરૂપી દારૂ આત્માને દુર્ગતિમાં લઈ જાય છે.




૫.૧ ☆ શ્રુતજ્ઞાન

સ્ફટિક પથ્થર પર ધૂળ લાગેલી હોય ત્યારે તેનું પારદર્શકપણું જાણી શકાતું નથી, પણ તે શુદ્ધ થયા પછી તેની કિંમત અમૂલ્ય બની જાય છે. આ આત્મા આઠ કર્મના પટથી ઘેરાયેલો છે. તેથી તે સંસારમાં રખડે છે.

આત્માનો ગુણ જ્ઞાનનો છે. જેમ જેમ જ્ઞાન આવતું જાય છે, તેમ તેમ આત્મા શુદ્ધ બનતો જાય છે. જ્ઞાનથી આત્માનો વિચાર કરવાનો છે. પોતાને અને પરને પ્રકાશિત કરતું હોય તો તે જ્ઞાન જ છે.

શ્રુતજ્ઞાન બોલતું છે અને કેવળજ્ઞાન મૂંગું છે. કેવળજ્ઞાનને બતાવનાર શ્રુતજ્ઞાન છે.

સંસારને પાર કરાવનાર શ્રુતજ્ઞાન છે. આ આત્મા જ્યારે મુક્ત બની જાય છે, ત્યારે તે સુખી થઈ જાય છે. ત્રિપૃષ્ઠ વાસુદેવનો ક્રોધ પાતળો થતાં તે ભગવાન બની જાય છે અને વીર પ્રભુના કાનમાં જ્યારે ખીલા મારવામાં આવે છે, ત્યારે પ્રભુ વિચારે છે કે અજ્ઞાનથી કરેલું કર્મ જ્ઞાનથી ભોગવવાનું છે. અંધારામાં વાળેલી ગાંઠને પ્રકાશમાં છોડવાની છે.



૫૨ ✿ શ્રી ગણેશ

શ્રી ગણેશાય નમઃ ને ગણેશનું ઉદર મોટું છે. તે બતાવે છે કે જે ગણના સ્વામી છે, સમુદાયના લીડર છે દેશના નેતા છે, જેમને નાયક બનવું છે, નેતા બનવું છે. તેમનું પેટ દુનિયાની વાતને પચાવી શકે તેવું વિશાળ-દરિયા જેવું મોટું હોવું જોઈએ.

ગણેશની આંખો ઝીણી છે, એટલે જે ગણનો ઉપરી છે, તેની દૃષ્ટિ સૂક્ષ્મ હોવી જોઈએ. દરેક વાતને ઝીણી નજરથી જોવી. તેથી વસ્તુમાં રહેલ રહસ્ય સમજાય છે. અને આત્માની વિચારણા થાય છે. આત્મા ને પરમાત્માનો વિચાર કરવા માટે સૂક્ષ્મ દૃષ્ટિની જરૂર છે.

ગણેશના કાન મોટા છે, એટલે કે જે દેશનો મોટો માણસ હોય—સમાજ કે કુટુંબનો વડો હોય તેના કાન મોટા જોઈએ, તે બધાની વાત સાંભળે અને યોગ્ય અપનાવે.

ગણેશનું નાક લાંબું છે. એટલે કે ચારે બાજુ સુધી

સુંઘીને સારૂં અપનાવવું જોઈએ. મોટા માણસ સારી વાત રાખે ને ખરાબ ફેંકી દે.

ગણેશ મોટા ને વાહન નાનું ! ઉંદર નાનો છે. મોટા માણસનો સેક્રેટરી નાનો હોય, ચારે બાજુથી નાની નાની વાત પણ લઈ આવે. બીજું મોટા માણસે નાનામાં નાનાને સ્થાન આપવું, તેનું માન જાળવવું જોઈએ, તેમજ નાનામાં પણ સદ્‌ગુણો રહેલા છે, તે અપનાવવા જોઈએ.

સદ્‌ગુણનું પ્રતિક ગણેશ છે.



પ્રભુની પાસે તો માત્ર પ્રકાશની જ માંગણી કરીને આપણા માર્ગમાં આગળ વધ્યા જ કરવાનું છે. રાજ્ય છોડયા પછી એક દિવસ ભતૃહરિ ગોદડી સીવતાં હતા, ત્યારે સોય દોરામાંથી નીકળી ગઈ, ત્યારે રાત પડી ગઈ હતી, તેથી સોયમાં દોરો પરોવી ન શકયા. ત્યારે લક્ષ્મી દેવીએ રેશમી ગોદડી આપી, તો ભતૃહરિએ તે લેવાની ના પાડી, ત્યારે દેવીએ વરદાન માગવાનું કહ્યું. એટલે ભતૃહરિએ સોયમાં દોરો પરોવવાની માગણી કરી.



૫૩ ✿ પંડિતમરણ

મનુષ્ય ભવ મેળવી જીવન અને મૃત્યુ માટેની તૈયારી કરીને મરે તે પંડિતમરણ કહેવાય. જીવનમાં કમાણી એવી કરવાની છે, કે મૃત્યુ અમર બની જાય. પૈસા માટે જિંદગી વેડફવાની નથી. આ મનુષ્યભવ વિશિષ્ટ પ્રાપ્તિ માટે જ મળ્યો છે. તે ધાવ માતા સમાન છે, ધાવમાતા બાળકને રમાડે છે, પણ અંતરથી ન્યારી રહે છે, કારણકે બાળક પારકું છે.

આ જીવનનું બધું ધનદોલત, બંગલા, કુટુંબપરિવાર મૂકીને જવાનું છે; જન્મ લેવો તે આપણા હાથમાં નથી. પણ જવું આપણા હાથમાં છે. કોઈના શાપથી કે આશીર્વાદથી આપણું જીવન ટૂંકું થતું નથી, તેમ જ લંબાતું નથી, પણ આયુષ્ય બાંધેલું હોય તેટલું ભોગવવાનું છે.

પંડિતમરણવાળાને મૃત્યુ વખતે શાંતિ અને સુખ દૂર થતા નથી. તેઓએ પાંચે ઇન્દ્રિયોને પોતાના કાબુમાં રાખી મળેલ સાધનોનો ઉપયોગ લોકકલ્યાણમાં કરેલ હોય છે. પંડિતમરણ થયા પછી ભવના ફેરા મટી જાય છે.



૫.૪ ❂ સંત સમાગમ

મનુષ્યનો સ્વભાવ પણ અનાદિકાળથી સંસારમાં લાગી ગયો છે; ઠંડીમાં જેટલી વાર ગરમ કપડાં પહેરશો, તેટલી જ વાર ઠંડી ઊડી જવાની. પણ જેવાં ગરમ કપડાં ઉતાર્યાં કે તરત જ ઠંડી લાગવાની. તેવી રીતે શ્રવણ કરતાં કે સ્વાધ્યાય કરતાં શુભ વિચાર આવે, પણ જ્યાં સંસારની પ્રવૃત્તિમાં પડયા કે શુભ વિચાર ચાલ્યા જવાના માટે જીવનની છેલ્લી ઘડી સુધી પ્રભુની વાણીને સાંભળવાની છે.

સરોવરને કિનારે ઉનાળામાં શીતળતા મળે છે, તેમ સંતના સાનિધ્યમાં શાંતિ ને સુખ શાશ્વત્ મળે છે.

કોઈ આપણને ગાળ દે તોપણ આપણે શાંત રહેવાનું છે, એટલે સામો માણસ થાકી જશે. એકવાર એક પ્રીસ્ટ (ધર્મગુરુ) ને થયું કે લોકો મને ચાહતા નથી અને આ સંસારી પેરિકયુલસને કેમ ચાહે છે?

કારણ એ હતું કે પરિકયુલસ પોતાના હૃદયના વિચારો લખતો અને તે લખાણો લોકોને ખૂબ જ ગમતાં.

એક વાર પ્રીસ્ટ પેરિકયુલસને ત્યાં લડવા ગયો.

સાંજ સુધી સંભળાવ્યું, પણ પેરિકુલસ એક શબ્દ પણ ન બોલ્યા. તેથી મીસ્ટર થાકી ગયા. પેરિકુલસ ઊભો હતો, તે તો સાંભળ્યા જ કરે છે : આપણે બરાબર ન હોઈએ પછી બરાબરની નિંદા શા માટે સાંભળવી જોઈએ?

અગ્નિની અભિવૃદ્ધિ લાકડાં કે બળતણમાં હોય ત્યાં જ થાય છે, નહિતર અગ્નિ બુઝાઈ જાય છે. પેરિકુલસે તેને ઠંડું પાણી પાયું અને પોતાના સિપાઈને દીવો લઈને તેના મુકામે મૂકવા જવા કહ્યું, પણ મીસ્ટરે હવે ત્યાંથી જવાની ના પાડી. મીસ્ટરે પૂછ્યું : તમે એવું કયું તત્ત્વ મેળવ્યું છે કે મારી આખી કલાક ગાળો તમે આટલા શાંત રહીને પણ સાંભળ્યા કરી?"

ત્યારપછી તેનો જવાબ સાંભળીને મીસ્ટરે કહ્યું : "મને હવે મારા આત્માની જાણ થઈ છે."

પારસમણિનો સ્પર્શ થતાં લોખંડ સુવર્ણ બની જાય છે, તેમ સંતના સમાગમથી આપણું જીવન સુવર્ણમય બની જાય છે.



મનન, ચિંતન અને ધ્યાનમાં-મૌનમાં રહેનાર સાચા મુનિ છે. નિજ સ્વભાવમાં રમનાર તે મુનિ છે.



૫૫. ☼ નિર્ભયતા

પોતાનું માંસ જગતમાં મોંઘામાં મોંઘી વસ્તુ છે અને પારકાનું માંસ જગતમાં સસ્તામાં સસ્તી વસ્તુ છે. જગતમાં આપણને પારકાના જીવનની કંઈ જ કિંમત નથી એટલે કે આપણને અહિંસાની કદી કિંમત સમજાઈ નથી. કોઈના જીવનના ભોગે આપણે જીવવું પડતું હોય તો તેના કરતાં મોત સારું. બીજાના પ્રાણ લેતાં આપણને બહુ જ દુઃખ થવું જોઈએ. આપણે ભય-વેરમાંથી મુક્ત થવાનું છે.

જે માણસ હિંસક છે, તેને જ ભય છે. અહિંસક તો નિર્ભય છે. માણસ નબળો નથી, તેની વૃત્તિઓ તેને નબળો બનાવે છે. દોષ હોય તો જ માણસ નબળો પડી જાય છે. દોષ વગરના બનો. ઇન્દ્રિયો પર કાબુ રાખો, તો તમે નિર્ભય બની જશો. પરના આત્માને તારા જેવો જ માનવાનો છે.



બીજાએ બુરૂં કર્યું હોય તેને યાદ ન કરો.



૫૯ ☼ પ્રગતિ

આપણે નિગોદમાં જવું છે કે સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરવી છે?

પ્રભુએ તો માર્ગ બતાવ્યો છે.

આપણે પ્રવાસી છીએ, રહેવાસી નથી. નિગોદમાંથી વિકાસ કરતાં કરતાં આજે મનુષ્ય બન્યા છીએ. તેમ હવે વિકાસ કરતાં કરતાં સિદ્ધ બનવાનું છે.

આપણે અર્ધભાગમાં તો આવી ગયા છીએ. હે ચેતન! આડો રસ્તો કાપી નાખ, તું અનંત જ્ઞાનનો સ્વામી છે.

'ચેતન, તું પસ્તીનો વેપારી નથી. કષાયો–વિષયો પસ્તી જેવા છે. તું તો રત્નોનો માલિક છું, સર્વ સદ્-ગુણોનો સ્વામી છું.'

કામ, ક્રોધ, માન, લોભ, માયા વગેરે પસ્તી જેવા છે, ત્યાગ, સમતા, સંતોષ નમ્રતા, સરળતા વગેરે રત્નો જેવા છે,

*



૫૭ ✡ સાધન અને સાધ્ય

જેને વિભૂતિ બનવું છે, તેને પહેલાં આત્માની અનુભૂતિ કરવી પડશે. જેનાથી શરીર ચાલે છે, તે આત્માનો જ વિચાર કરવાનો છે. જે આત્મ-તત્ત્વ છે, તેને મુક્ત કરવાનું છે; કારણ કે તે આત્મા કર્મના બંધનથી ચાર ગતિમાં ફરી રહ્યો છે, જન્મ, જરા, મરણના દુઃખમાં સબડી રહ્યો છે.

શરીરને જાળવનારો (આત્મા) છે, ત્યાં સુધી જ સ્નેહિઓ આપણને જાળવે છે. જે દેખાય છે, તેના નહીં પણ જે નથી દેખાતું, તેના જ સૌ મિત્ર છે. જગતમાં જે કેન્દ્રિત છે, તે દેખાતો નથી, અને જે શરીર દેખાય છે, તેને કેન્દ્રિત રાખનાર આત્મા જ છે.

શરીર એ તો આત્માનું મંદિર છે, માટે શરીરને સાધન માનવાનું છે, અને આત્માને સાધ્ય માનવાનો છે.

આત્માનો સ્વભાવ તો સદ્ગુણોનો છે, જ્યારે અઢારે દોષો તો શરીરના છે.



૫૮ ✿ પ્રાર્થના

એક ગામમાં ભયંકર દુકાળ પડ્યો. તેથી ગામના લોકો પ્રાર્થના કરવા ભેગા થયા. એક વણિક પ્રાર્થનામાં નહીં આવવાથી બધા લોકો તેને પ્રાર્થનામાં આવવા બોલાવે છે, પણ પેલો વણિક પ્રાર્થનામાં જવાની ના પાડે છે; કારણકે ગામના બધા લોકોમાં દેખાવનો ધર્મ છે, પણ હૃદયનો ધર્મ નથી. તેથી ખોટા માણસની પ્રાર્થના ભગવાન સાંભળતો નથી.

ગામના લોકો ઘણી પ્રાર્થના કરે છે, છતાંય જરા પણ વરસાદ આવતો નથી. દુકાળ વધતો ગયો અને ભગવાને પ્રાર્થના સાંભળી નહીં. પછી પેલો વણિક હાથમાં ત્રાજવા લઈને ભગવાનને પ્રાર્થના કરે છે: "ત્રાજવાને મેં દેવ ગણ્યા હોય, આ ત્રાજવાથી કોઈને દુઃખી કર્યા ન હોય અને આ ત્રાજવાથી લોકોનાં દુઃખ દૂર કર્યાં હોય તો વરસાદ પડશે અને દુકાળ જતો રહેશે." આ પ્રાર્થના થતાં જ મુશળધાર વરસાદ પડ્યો. હૃદયમાં ધર્મ ઉતારવાનો છે, દેખાવ માટે ધર્મ નથી. ધર્મમય જીવનવાળાની પ્રાર્થનામાં સાત્ત્વિકતા છે, ને તેથી તેઓ પ્રકૃતિના તત્ત્વો પર વિજય પ્રાપ્ત કરી શકે છે.



૫૯ ✲ વ્રતપાલન

વ્રત લો અને પછી અમલમાં ન મૂકો, તો તેની કોઈ કિંમત નથી. વ્રતો લેવામાં તગડા છીએ, અને પાળવામાં નબળા છીએ. એક વ્રત બરાબર પાળશો, તો બીજાં ઘણાં વ્રતો તેની પાછળ ખેંચાઈને આવશે.

એક ચોરે જૂઠું ન બોલવાનું વ્રત લીધું. ચોરી કરવા જતાં સિપાઈએ પૂછ્યું તો તેણે તેને સાચું કહ્યું. તેણે ચોરી કરી ને તે પકડાયો તો રાજાને તેણે બધું સત્ય કહ્યું. રાજાએ પૂછ્યું: "તું ચોર છે, તો ચોર તરીકે તું કેમ તારી જાતને ઓળખાવે છે?" ચોરે જવાબ આપ્યો: 'ચોરી કરવી એ મારો ધંધો છે અને જૂઠું ન બોલવાની બાધા છે." આ એક સાચા બોલવાનું વ્રત પાળવાથી રાજા તેને સેનાપતિપદે મૂકે છે. એક વ્રતનું પણ સાંગોપાંગ પાલન થાય તો જીવન ઉજ્જવળ બની જાય.

વ્રત લે, પણ ભાવના ન હોય તો વ્રત નકામું બની જાય છે. દિવાસળી સળગાવતાં આડે દિવાલ ન હોય તો પવનથી દિવાસળી ઓલવાઈ જાય છે. દિવાની આસપાસ ચીમની રાખવી પડે છે. ભાવના એ વ્રતોનો ચીમની છે.



૬૦ ✿ ટકોર

શ્રેણિક શાલિભદ્રને ત્યાં જાય છે, ત્યારે શાલિભદ્રને ખબર પડી કે મારા માથે પણ કોઈ સ્વામી છે. આજ સુધી તે માનતા કે મારે માથે કોઈ સ્વામી નથી. તેમને થયું કે મારે તો હવે સ્વામી જ ન જોઈએ, અને તેઓ પ્રભુને ચરણે બેસી ગયા.

શાલિભદ્રની રિદ્ધિ સિદ્ધિ જોઈને શ્રેણિકને ઈર્ષા થતી નથી, કારણ કે તેણે પ્રભુની વાણી સાંભળેલી કે જે કાંઈ મળે છે, તે પુણ્યથી મળે છે. સત્તાનું પુણ્ય મારે છે, તો ભોગનું સુખ શાલિભદ્રને છે.


ચંદનબાળા અને મૃગાવતી પ્રભુવીરની વાણી સાંભળવા ગયા. ચંદનબાળા સમયસર ઉપાશ્રયે આવ્યા. મૃગાવતીને આવતાં વાર થઈ. ત્યારે ચંદનબાળાએ કહ્યું : ખાનદાનને આટલું મોડું આવવું શોભતું નથી."

બસ, પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપનાં અશ્રુ વહેવ લાગ્યાં ને પશ્ચાત્તાપના નિર્મળ જળમાં નાહી મૃગાવત કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આની જાણ થતાં ગુરુણી ચંદન

બાળા મનોમન પશ્ચાત્તાપ કરે છે કે મેં કેવળીની આશાતના કરી! તેથી તેમણે મૃગાવતીની માફી માગી ને આપેલા સૌમ્ય ઠપકાને ભૂલ સમજીને પશ્ચાત્તાપનાં ખળખળ કરતાં નીર વહ્યાં ને ચંદનબાળાએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

પશ્ચાત્તાપની પરાકાષ્ઠા પરમપદની પ્રાપ્તિ કરાવે છે. પ્રાયશ્ચિત કરી દૃઢ પ્રહારી જેવા ભયંકર ચોર તથા અર્જુન માળી જેવા નરાધમ રાક્ષસ જેવા પાપી આત્માએ પણ તે જ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરી.

દર્શનથી શ્રદ્ધા, જ્ઞાનથી જાણીને ચારિત્રથી માણી. ચારિત્રમાં જે મેળવીએ તે સાથે આવે છે, જ્યારે સંસારમાં જે મેળવીએ તે કંઈ પણ સાથે આવતું નથી. ચારિત્ર એટલે સંસાર છોડવો એટલું જ નહીં પણ અશુભ ક્રિયાનો ત્યાગ, ને શુભ ક્રિયાનો રાગ કરવાનો છે. ચારિત્રમાં અર્થ ને કામની વાતોનો ત્યાગ કરવાનો છે. લગ્ન થાય ત્યારે વાસક્ષેપ જરૂર નાખવામાં આવે છે, પણ તે વાસક્ષેપમાં 'ધર્મ આપણા જીવનમાં ટકી રહે' તે આશા હોય છે.



૬૧. ચૌદ સ્વપ્ન ને તેનું ફળ

૧. ચાર દંતશૂળવાળો હાથી—એટલે ચાર પ્રકારના ધર્મ-દાન, શીલ, તપ, ભાવયુક્ત બાળક થશે.

૨. વૃષભ—ધર્મ રૂપી બીજ વાવીને ખેતી કરશે.

૩. સિંહ—કામરૂપી હાથીને મારવામાં સમર્થ થશે.

૪. લક્ષ્મી—સંપત્તિનું વર્ષીદાન કરશે.

૫. ફૂલની માળા—ત્રણે ભુવનમાં ફૂલ જેમ પૂજાશે.

૬. ચંદ્ર—પુત્રની કાંતિ ચંદ્ર સમાન થશે.

૭. સૂર્ય—ભામંડળથી શોભશે.

૮. ધ્વજ—ત્રણ ભુવનમાં ધર્મધ્વજ ફરકાવનાર થશે.

૯. કળશ—ધર્મકળશ ચોતરફ ચઢાવશે.

૧૦. સરોવર—દેવો પૂજા કરશે.

૧૧. રત્નાકર—કેવળજ્ઞાની થશે.

૧૨. વિમાન—વૈમાનિક દેવો પૂજા કરશે.

૧૩. ત્રણ ગઢ—રજત, સુવર્ણ ને રત્નના ગઢ-સંમવસરણમાં બિરાજમાન થશે.

૧૪. અગ્નિની જવાળા—ત્રણ લોકને શુદ્ધ પવિત્ર બનાવશે.



૬૨ ☼ ત્યાજ્ય જ્ઞાન

મરતી વખતે ઝવેરી કહી ગયો કે 'દીકરા, બને ત્યાં સુધી તું કોઈની સામે હાથ માંડતો નહીં, જ્યારે ખૂબ દુઃખ આવે, ત્યારે તિજોરીમાં પડેલા હીરાને વેચી નાખજે." દુઃખનાં આડ ઉગ્યાં પહેલા દિકરો પિતાના મિત્રને ત્યાં હીરા વેચવા ગયો, ત્યારે મિત્રે ના પાડી, અને થોડા પૈસા આપી ઘેર મોકલ્યો. પછી તે છોકરાને પોતાની દુકાને નોકરીમાં રાખ્યો અને તે ધંધામાં ખૂબ જ કુશળ થઈ ગયો. પછી તેણે હીરા વેચવાનો વિચાર આવતાં, તિજોરીમાંથી હીરા કાઢયા. હવે તે હીરા પારખવામાં કુશળ થઈ ગયો હતો, એટલે તેણે હીરા જોયા તો તે માત્ર કાચના કટકા હતા. ઈજ્જત સાચવવા માટે તેના પિતાએ આમ કર્યું હતું.

આમ આપણા ગુરુઓ શુદ્ધ-અશુદ્ધનો વિવેક આપે છે. સાચા-ખોટાને, છોડવા લાયક અને ગ્રહણ કરવા લાયક શું છે, તેનો ખ્યાલ આપે છે.

"છોડો તેના કરતાં છોડવા લાયકનું જ્ઞાન આપવું વધારે જરૂરી છે."



૬૩ ✿ લાયકાત

જ્યારે આપણે કોઈને ઉપદેશ દેવા જઈએ, ત્યારે પહેલાં આપણામાં શુભ ભાવના હોવી જોઈએ. શુભ ભાવનાથી બીજા પર ઉપદેશની સારી અસર થાય છે.

ગૌતમ સ્વામી અષ્ટાપદ પર્વત પરથી નીચે આવ્યા, ત્યારે ઘણા તાપસોને અક્ષયલબ્ધિ વડે ખીરનું પારણું કરાવે છે. ને ખીર ખાઈને પાંચસો તાપસોને કેવળજ્ઞાન થાય છે. ગૌતમ સ્વામી શુભ ભાવથી બીજા પાસે જતા.

બીજાને સુધારવા હોય તો તેની પાસે જઈને બોધ આપવો જોઈએ. દૂરના બોધની કોઈ અસર થતી નથી. જ્ઞાનથી, સમજણથી અને વિચારોની આપલેથી મનુષ્યમાં બોધ ઉતરે છે. દુનિયામાં સમજણા માણસો અશક્યતામાંથી શક્યતા પ્રાપ્ત કરે છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે 'તમારામાં અને મારામાં શો ફેર છે? મારામાં જે હતું તેનો મેં બરાબર ઉપયોગ કર્યો, તેમ તમે તેનો ઉપયોગ કરતા નથી. જે બનવું હોય તે બની શકાય છે, માત્ર મન, વચન અને કાયાની લાયકાત મેળવવી પડે છે.'



૬૪ ☼ સમકિત દૃષ્ટિ

શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મને ભૂલી જઈએ અને આત્માને ભૂલી માત્ર જડનો વિચાર કરીએ તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિની ધર્મ કરવાની વૃત્તિ માત્ર જડ પદાર્થ મેળવવા માટે જ છે. કેટલાક આત્માઓ સમકિત પામીને પાછું ગુમાવી દે છે અને જડ પદાર્થમાં પડી જાય છે સંધ્યા સમયે થોડું અજવાળું ને થોડું અંધારૂં હોય તેમ પહેલાં સમ્યક્ત્વ આવ્યા પછી મિથ્યાત્વ આવે તેની બરાબર છે. સમકિત જીવનમાં આવીને ચાલ્યું જાય છે. પુદ્‌ગલમાંથી પુદ્‌ગલની બુદ્ધિ જાય અને આત્માની બુદ્ધિ પ્રગટે અને ચૈતન્યનો પ્રકાશ પડે તેને ત્રીજું ગુણસ્થાન કહે છે. સમકિત આત્મા કદી દુઃખથી ગભરાતો નથી. જ્યારે દુઃખ પડે, ત્યારે મનમાં વિચારે છે કે મેં દુઃખનાં બીજ વાવ્યાં છે, તો દુઃખનાં ફળ હું ભોગવું છું. આવેલાં દુઃખ તે સમતાથી ભોગવે છે. આર્ત્તધ્યાનથી નવું દુઃખ ઊભું નથી કરતો.

સદ્‌ગુણો આવી જાય અને ઈલકાબો મળે તો વાંધો નથી, પણ સદ્‌ગુણો ન આવે અને ઈલકાબો મળે તો

જોતું છે. સમકિત જ્ઞાની સદ્ગુણો કેળવીને આનંદ પ્રાપ્ત કરે ને મેળવવા મથી રહે છે.

સમકિત મનુષ્ય પોતાના અવગુણોને ઉખાડે છે, અને સદ્ગુણોને રોપી દે છે અને બીજાના અવગુણોને ઢાંકે છે, અને સદ્ગુણોને વખાણે છે. પોતે સદ્ગુણોને જીવનમાં ઉતારે છે અને દુર્ગુણોને ફેંકી દે છે. સમકિતી આત્મા સુખ નથી માગતો, દુઃખને જ માગે છે.

ગાડી ચઢાણ ચઢતી હોય ત્યારે અકસ્માત થતો નથી. ઉતરતી વખતે અકસ્માત થાય છે. દુઃખમાં પડવાનો ભય નથી, સુખમાં જ પડવાનો ભય છે.



માંગીને પૈસા લેવા તે પૈસા છે. અને હૃદયના ભાવથી જે પૈસા આપે છે, તે દાન બની જાય છે. દાન એક સુવાસ છે અને તે સુવાસ હૃદયમાંથી આવે છે સાધુનું જીવન સુવાસથી ભરેલ છે. તે પરોપકાર કરે છે. પૈસો તો આપણને છોડી જવાનો છે. પૈસો લેવા માટે નહીં, દેવા માટે મળેલો છે.



૬૫. ☆ ખેતી

શરીર ટકે છે ખોરાકથી, તેમ આત્મા ટકે છે ધર્મથી. દુનિયામાં કરવા લાયક શું અને છોડવા લાયક શું છે તેનો ખ્યાલ ધર્મથી આવે છે. માનવીની ધરતી ખેડયા વગરની પડી રહી છે, તેમાં ધર્મરૂપી મોતીની ખેતી કરવાની છે. ચોમાસાની શરુઆતમાં ખેતી કરીએ તો ચોમાસું પૂરું થતાં આપણું મન લીલુંછમ ખેતર બની જશે. આપણા અંતરને ઉકરડો નહીં, પણ સુવાસિત પુષ્પ જેવું બનાવવાનું છે. મહાપુરુષોનાં ગ્રંથો મોતીસમ પ્રેરણા આપી જાય છે. આવતી કાલનો વારસદાર સમાજ આપણી કરેલી ખેતી પર જ ઊભો રહેવાનો છે.

ખેડૂત પહેલાં જમીનને ખેડીને પોચી બનાવે છે, તેમ આપણા આત્માને માનવતાથી, કરુણાથી, દયાથી, વાત્સલ્યથી પોચો બનાવવાનો છે. માનવ માનવ વચ્ચે સહાયક બનવાનું છે, નહીં કે દુશ્મન બનવાનું. કીડી મધમાખી, ઉધઈ જંતુ હોવા છતાં એક બીજાને સહાયક બને છે.

૦



૬૬ ☼ ભાવના

ભાવના ભવ નાશિની છે. જ્યાં ભાવના છે. ત્યાં ભવ્યતા ને દિવ્યતા છે.

શાલિભદ્રે પૂર્વ જન્મમાં માત્ર ખીર અસીમ ભાવપૂર્વક સાધુને વહોરાવી હતી, તો બીજા ભવમાં અઢળક રિદ્ધિસિદ્ધિ પામ્યા.

કુમારપાળે હૃદયની સુંદર નિર્મળ ભાવનાથી પોતાની પાંચ કોડીનાં ફૂલ પ્રભુને ચઢાવ્યાં અને અઢાર દેશના રાજા બન્યા.

અંતરના ઉલ્લાસથી જ કંઈ પણ કામ કરવાથી કામ સુંદર બની જાય છે. ભાવનાથી કામ હલકું થઈ જાય છે. ભાવના માટે કામ કરવાનું છે, બદલા માટે નહીં, કાર્ય પાછળ સંગીત જોઈએ. માતા પોતાના પુત્ર પાસે કદી પ્રમાણપત્ર માગતી નથી. તમારૂં કોઈ ન હોય છતાં જો ભાવના જીવનમાં હશે તો જગત તમારૂં બની જશે.

દાન, શીલ, તપ, ભાવ—આ ચાર પ્રકારના ધર્મથી આત્માનું જ્ઞાન થશે. ઋષભદેવના પ્રથમ ભવ નયસારના

ત્વમાં પહેલો ભાવ દાનનો થયો હતો. "કોઈને જમાડીને ન્નુ" એવી અતિથિસત્કાર કરવાની નયસારને ભાવના ઈ હતી. મોક્ષનું બીજ એટલે દાન. શુદ્ધ ભાવનાથી ફુપાત્રે દાન દેવાથી આત્મા ધીરે ધીરે આગળ વધી નિર્વાણ પ્રાપ્ત કરે છે.

નયસારે ભૂલા પડેલા મુનિઓને માર્ગ બતાવ્યો, યારે ગુરુએ તેને ભવ અટવીનો માર્ગ બતાવ્યો અને નવકાર મંત્ર આપ્યો. ધનનું દાન કરવાથી પરિગ્રહથી મુક્ત થઈ શકાય છે, મૂર્છાનો ત્યાગ થાય છે.



'આ જીવનનો હેતુ શો છે?' તે વિચારમાત્ર મનુષ્યને જ આવે છે, તિર્યંચ કદી આવા વિચાર કરી શકતા નથી. તેને આત્માનો વિચાર આવતો નથી. મનુષ્ય તો ખાવાપીવાનું મળે, પણ છતાં આત્માનો વિચાર કરે છે. તે જાણે છે: અહીંયા તો મળેલાને છોડવાનું છે. મનોરથ કદી પૂરાતા જ નથી. માટે પહેલેથી મળેલું છોડી દઈએ તેમાં જ સુખ છે.



૯૭ ☼ પુણ્યાઃ

તસ્કરને 'શ્રેણી'માં ત્વરિત ઓળખી શકતા હતા. તેથી બિંબિસારનું નામ શ્રેણિક પડ્યું. આવા મહાન મહારાજા શ્રેણિકને–મગધના માલિકને પોતાનો દીકરો કોરડા મારે છે, ત્યારે ચેલણા કહે છે કે 'સ્વામી, તમારી આ દશા!'

ત્યારે સમ્યક્ત્વ પામેલા શ્રેણિક કહે છે કે "ગયા જન્મમાં મેં તેને દુઃખી કર્યો હશે, માટે જ આ ભવમાં મને તે કોરડા મારી રહ્યો છે. માટે તે દીકરા ઉપર કરુણા લાવવાની છે."

પરલોકની પુણ્યાઈથી ધન, સંપત્તિ, હોંશિયારી આવે છે. જ્યાં પુણ્યાઈ ત્યાં લક્ષ્મી, ત્યાં સમૃદ્ધિ, ત્યાં સગવડતા ને ત્યાં જ વફાદાર મિત્રો, જ્યાં પુણ્યાઈ નથી ત્યાં ઈચ્છા હોય તોપણ તપ, ત્યાગ, સંયમ કરી શકાતા નથી. નારકીના જીવો પારાવાર યાતનામાં અન્ય લેશ માત્ર વિચારી શકતા જ નથી. પશુઓ અજ્ઞાનતામાં ખૂંચેલા છે. પરંતુ જ્ઞાનના વિકાસમાં આગળ વધનાર મનુષ્ય એકલો છે. આવા મનુષ્ય ભવને ઉત્તમોત્તમ બનાવવાનો છે. તેના આત્માએ

પૂર્ણતા તરફ પ્રગતિ કરવાની છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય દરેક આત્મામાં પડેલ છે. તેને વિકસાવી, પૂર્ણતાને પામવાનું છે. આ કરી શકવાને શક્તિમાન હોય તો તે મનુષ્ય છે.

પુણ્યનો પ્રભાવ આત્માનું કલ્યાણ કરાવે છે અને જગતમાં કીર્તિ ફેલાવે છે. અસંખ્ય કેવળીને આપણે યાદ કરતા નથી, પણ ચોવીસ તીર્થંકરોને હંમેશ યાદ કરીએ છીએ, કારણ કે તેમણે જબરજસ્ત પુણ્ય નામ કર્મ બાંધેલું હોય છે, એટલે અતિશયો ઝળકી ઉઠે છે. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી પુણ્યની ખૂબ જરૂર છે.

મોક્ષ એ ફળ છે અને પુણ્ય એ ફૂલ છે. અને ફળ આવતાં ફૂલ એની મેળે જ ખરી જાય છે.

O

જે દિવસો હાથમાં છે, તેની કમાણી કરી લેવાની છે. દુઃખનો ઉદય અત્યારે જ આવી જાય તો સારૂં. કર્મ-રાજાનું દેવું ચૂકવી દેવાય તેટલું ઉત્તમ. સંસારને સુખ માન્યા કરતાં મોક્ષમાં સુખ માનવાથી મોક્ષ તરફ પ્રયાણ થાય છે. વિપત્તિને સંપત્તિ માનો, દુઃખને સુખ માનો.



૧૮ ❂ સમર્પણ

એક નગરના બે ભાઈઓએ ખેતરની વહેંચણી કરી. મોટા ભાઈને એકે દીકરો નથી. નાનાને ચાર દીકરા છે. મોટા ભાઈ દયાળુ હતો. તેને વિચાર આવ્યો: "મારે એકે દીકરો નથી, નાના ભાઈને ચાર છે, તો દશભારા તેના ખેતરમાં નાખી દઉં." ત્યારે નાના ભાઈને વિચાર આવ્યો કે 'મારે ચાર દીકરા છે, ચારે કમાશે. પણ મોટાભાઈને ઘડપણમાં કમાનાર કોઈ નથી, માટે લાવ, દશભારા મોટાભાઈને આપી દઉં. પછી બન્ને ભાઈઓ સાથે બેસીને આ દશ ભારાનો ખુલાસો કરે છે. આથી બન્ને વચ્ચે પ્રેમ ઘણો વધી ગયો. અને વહેંચેલાં ખેતરો પાછાં ભેગાં થઈ ગયાં.

ત્યાગ અને સમર્પણથી જ સંસારમાં સ્વર્ગનું સુખ મળે છે. જેટલો ત્યાગ વધારે, તેટલો સંસાર વધારે મીઠો બને છે.

નેમનાથે ઊંચો માર્ગ લીધો, તેથી રાજીમતિ પણ તેમના માર્ગે ચાલ્યા. પ્રેમની અંદર એવો ગુણ છે કે એક


વ્યક્તિ બીજાને ખાતર પોતાનો સ્વભાવ બદલી નાખે છે. પ્રેમની ઉત્કૃષ્ટતા એ છે કે રાજીમતિને નેમ પર ખૂબ જ પ્રેમ હતો, તેથી સંસારનો ત્યાગ કરીને આત્માનો માર્ગ સ્વીકાર્યો.

વાસનાવૃત્તિઓ ચાલી જાય તેનું નામ જ સાચો પ્રેમ. પ્રેમ આત્મસ્વરૂપ જુએ છે. પ્રેમ શુદ્ધ રૂપે થાય, ત્યારે આત્મકલ્યાણ વધતું જાય છે. આપણું મન મમતા વગરનું બની જાય છે. મમતાનો રંગ ચાલ્યો જાય, ત્યારે આત્મા હળવો બની જાય છે. કર્મના ભારને ઓછો કરવાથી આનંદનો અનુભવ થાય છે.

પ્રેમની અંદર ત્યાગ રહેલો છે. રાજીમતિએ વૈભવનો ત્યાગ કર્યો, ને ભરયુવાનીમાં નેમને પગલે ચાલી જાય છે. આત્મ-સમર્પણમાં સાચો ત્યાગ છે. પ્રેમ આત્મસમર્પિત છે. એમાં બદલાની આશા હોતી જ નથી.

૦

રૂપ, રસ, ગંધ અને સ્પર્શ જેના સમાન હોય તેવા સ્થાનમાં જીવ ઉત્પન્ન થાય છે. અગ્નિકાયના જીવો અપ્કાયના જીવો સાથે મળતાં મરી જાય છે.



૧૯ ☼ પારસમણિ

મનને તૈયાર કરવામાં આવ્યાની મહત્તા છે. ભગવાન મહાવીર મહાબળવંતર વનમાં આવીને તીવ્ર સાધના શરૂ કરે છે. જીવનમાં મંગલ સદ્‌ગુણોની કસોટી માણસે કરવાની છે. ભગવાન પોતાની આત્મકસોટી કરે છે, ત્યાં પણ ક્રોધી સર્પ આવે છે. તે વિષ ભરેલી આંખ પ્રભુ સન્મુખ માંડે છે. તે વિષદૃષ્ટિ છે. ભગવાન મહાવીર તેના (સર્પના) જીવનનાં ઝેર ઉતારી નાખે છે :

જીવનનું ઝેર ઉતારવું અતિ દુષ્કર છે.

ભગવાનમાં પરમ પ્રકાશ હતો, પરમ તેજમય તત્ત્વ હતું, તેમને ક્રોધની કંઈ જ અસર થતી નથી. ભગવાનનાં ચરણ ઉપર ઝેરી ડંશ મારીને સર્પ દૂર ખસી જાય છે, પણ ભગવાનની કાયા તો પ્રસન્નતાથી હસતી જ હોય છે. સર્પના અજ્ઞાન ઉપર ભગવાન કરુણા વહાવે છે. ભગવાનના ચરણમાંથી લોહીને બદલે દૂધની ધારા વહે છે, તેથી તેને ખૂબ જ નવાઈ લાગે છે. જેમ માતાનો બાળક પ્રત્યેનો પ્રેમ લોહીમાંથી દૂધ બનાવે છે, તો ભગવાન

તો આખા જગતના માતાપિતા સમાન છે, તેમનામાં તો જીવો પ્રત્યે તારવાની અપાર કરુણા ભરી છે, તો તેમનું લોહી દૂધમાં કેમ ન ફેરવાય ?


ભગવાન મધુર વાણીથી બોલ્યા : 'ચંડકોશિક, હવે બૂઝ (સમજ), ચેતન, બૂઝ.'

ચિંતન, મનન, ધ્યાનમાંથી ઉદ્‌ભવેલ શબ્દો બધું :લાવી શકે છે.

ભગવાનની વાણી સર્પના હૃદયમાં સોંસરી પ્રવેશી .ાય છે. સર્પના ભાવ પલટાય છે ને જાતિસ્મરણ થતાં પોતાનું માથું ભગવાનના ચરણમાં નમાવીને પડી રહે છે, ને પશ્ચાત્તાપ તથા સહનશીલતા તેને સ્વર્ગ અપાવે છે.

મનની કેળવણી યોગ છે. વચન અને કાયાને ચલાવનાર મન છે. મનની વરાળ દ્વારા જીવનનું એંજિન ચાલ્યું રાખ્યું છે. અસ્થિર મન સિદ્ધિ પ્રાપ્ત કરી શકતું નથી.

માણસનું મન જ્યારે પરમાત્મામાં એકાગ્ર બને, .ારે પાપોના ઢગલા થોડી જ વારમાં નાશ પામી જાય છે. યોગ પાપનો નાશ કરે છે. આત્મધ્યાનના યોગ દ્વારા આત્મામાં પ્રગટેલ અગ્નિ બધાં કર્મોને બાળી નાખે છે. યોગથી વર્તમાન જીવનને પલટાવી નંખાય છે, આધિ, વ્યાધિ દૂર થાય છે. યોગ એ પારસમણિ છે.



૭૦ ✡ કાંટો

દર્શન એટલે તત્ત્વો પ્રત્યેની રુચિ. રુચિ એટલે અંતરનો ઉલ્લાસ, અનુરાગ. જિનેશ્વર રાગ દ્વેષથી પર છે. માનવ સંસારમાં બેઠેલો છે. તે જો તેટલો તટસ્થ રહેવા જાય તોપણ તેનામાં થોડો રાગ ને દ્વેષનો અંશ તો રહેવાનો જ. જિનેશ્વરોના વચનોમાં રાગદ્વેષ નથી. દા. ત., ગૌતમ સ્વામી.

ગૌતમ સ્વામીને આનંદમુનિને થયેલા અવધિજ્ઞાન વિશે શંકા થાય છે, ગૌતમ સ્વામી ભગવાન પાસે આવે છે. ભગવાન જાહેરમાં ગૌતમ સ્વામીને કહે કે "આનંદની માફી માગી આવ, તારી શંકા ખોટી છે." કાંટાનો સ્વભાવ એટલે વીતરાગનો સ્વભાવ. કાંટો બધાને સરખા જ ગણે છે. કાંઈ પોતાનું નહીં, અને કોઈ પારકું નહીં.

જિનેશ્વરના વચન ઉપર રુચિ થવી તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધાથી બીક ચાલી જાય છે.

જ્ઞાન હોવું સારી વાત છે, પણ તેના પ્રત્યે શ્રદ્ધા હોવી તે વધારે સારી વાત છે. શ્રદ્ધા આવવાથી આપણને

કાર્ય કરવામાં બળ મળે છે. રુચિ આવવી એટલે કાર્યમાં વેગ આવવો. શ્રદ્ધાની નિશાની એ છે કે કોઈ કાર્ય કરવામાં વેગ આવે. દાખલા તરીકે વ્યાપારી દરરોજ અગિયાર વાગે જમતો હોય, પણ કોઈ વાર ઘરાકી સારી જામી હોય તો જમવાનું પણ ભૂલી જાય છે

રુચિ સત્યનો સ્વીકાર કરે છે, ને અસત્યને દૂર કરે છે.

જે લોકો મહાન થવાના છે, તેમનામાં નાનપણથી જ નમ્રતાનો, વિનયનો, વિવેકનો, સમતાનો, ને સંતોષનો સ્વભાવ જ પડેલો હોય છે. સારા સ્વભાવથી, સારી ટેવોથી, સારા વર્તનથી મનુષ્ય મહાન બને છે.

કુંભાર ઘડાને ઉપરથી ટીપે છે, છતાં એક હાથ અંદર રાખે છે, જેથી ઘડાને ઘોબો ન પડે, તેમ વિદ્યાનું દાન કરનાર ગુરુ પણ વિદ્યાર્થીને ઉપરથી ઘડે છે, છતાં અંદરથી હાથ રાખીને વિદ્યાર્થીને આંતરિક હોંશિયાર, સબળ ને સત્ત્વશીલ બનાવે છે. આવી રીતે તૈયાર થનાર ભવિષ્ય ઉજાળે છે અને મહાન થાય છે.



૭૧. ☼ પરમાણુ

એક રાજકુમારની ઇચ્છા દીક્ષા લેવાની હોય છે, પણ તેના માતા-પિતાને રાજકુમારને પરણાવવાની ખૂબ જ ઇચ્છા હોય છે, પરણનાર કન્યાઓ પણ મહાસતીઓ હોય છે. તે રાજકુમારને કહે છે : "હે રાજકુમાર, જો તમારી સંયમ લેવાની ભાવના હોય તો જરૂર લેજો, પણ એક વખત અમારી સાથે હસ્તમેળાપ કરો, જેથી અમે પણ ભાગ્યશાળી થઈએ કે અમારા પતિદેવ મહાયોગી હતા."

પછી તે રાજકુમાર લગ્ન કરવાની હા પાડે છે. હસ્ત મેળાપ વખતે રાજકુમાર વિચારે છે કે "આભૂષણો ભાર રૂપ છે, ભોગો તો રોગને લાવનારા છે, અને સંસાર તો કાયાનો કલેશ છે." ઉત્તમ પુરુષોના આ બતાવે છે કે પરમાણુઓ પણ ઉત્તમ હોય છે.

રાજકુમાર તે વખતે સંયમ લેવાનો નિશ્ચય પાકો કરે છે. તેમની સાથે આઠે કન્યાઓ પણ સંયમ લેવાનો નિશ્ચય કરે છે. ત્યાં ને ત્યાં આઠે કન્યાઓ કેવળી થાય છે.





૭૨ ☼ નમન

સૂર્ય કહે છે : મેં અંધારાને જોયું જ નથી. સૂર્યનું અસ્તિત્વ જ પ્રકાશમય છે. આપણામાં જ્યારે જ્ઞાનદશા આવશે, ત્યારે વૈરભાવ આપણામાં નહીં હોય. અંતરના શત્રુને જે જીતે તેમનું નામ મહાવીર છે. યોગીઓનો આધાર ભગવાન મહાવીર છે. મહાવીર ભગવાનને યોગીઓ નમન કરે છે. ઘડાને ભરાવવું હશે તો તેને નમવું પડશે. તેવી રીતે જેમને અમૃત જીવનઘટમાં ભરવું હશે, તેમને જરુર ભગવાનને નમન કરવું પડશે. જેમને જ્ઞાન મેળવવું હોય તેમને પહેલાં તેમના હૃદયને કુમળું બનાવવું પડશે. માટીને કેળવવાથી સુંદર આકાર બને છે, તેમ જ્ઞાનીઓ આપણને નમનની કેળવણી આપીને આપણા જીવનને સુંદર બનાવે છે. નદીના કિનારાના ખેતરના પાક પણ પાણીના પૂરને નમન કરવાથી પોતાનું અસ્તિત્વ ટકાવે છે. ઝાડ નમતાં નથી, તો તે ઉખડી જાય છે. નમન કરવાથી આત્મા નમ્ર-વિનમ્ર બને છે.



૭૩ ✿ સ્વાનુભવ

દ્રોણાચાર્ય બધા શિષ્યોને ભણાવી રહ્યા છે. તેમણે પાઠ આપ્યો કે આત્માની સાધના માટે "ક્રોધ કરીશ નહીં', ક્ષમા કરજે." क्रोधं मा कुरु क्षमा कुरु। આટલો પાઠ તો બધાને આવડી ગયો, પણ યુધિષ્ઠિરને તે ન આવડ્યો. ત્યારે ગુરુજીએ કહ્યું કે અત્યાર સુધી કેમ પાઠ ન આવડ્યો? એમ કહીને દ્રોણે યુધિષ્ઠિરને તમાચો માર્યો, પણ યુધિષ્ઠિરને ક્રોધ ન આવ્યો, પણ રમણતા તો સમતાની આવી. પછી તેણે કહ્યું : 'ગુરુજી, હવે મને પાઠ આવડી ગયો.' આ સમગ્રે બધા શિષ્યો યુધિષ્ઠિરની મશ્કરી કરે છે, પણ તેમણે બધાને ક્ષમા આપી. જે સમજેલ છે, તે અણસમજેલા બધાને સમજી શકે છે.

જીભ કેટલુંય ઘી ખાય છે. છતાં જીભ કદી ચીકણી થતી નથી, તેવી રીતે જગતમાં રહેવા છતાં ચીકાશથી જીવવાનું નથી, પણ અલિપ્ત રહેવાનું છે. બકરું મેં મેં કરે છે, તેમ મૃત્યુધામમાં જીવ 'મારૂં, મારૂં', કરતાં ચાલ્યો જાય છે, પણ જ્ઞાનદશા આવતાં 'મારૂં મારૂં' ચાલ્યું જાય છે.



૭૪ ☼ શિખામણ

મરતી વખતે બાપે દીકરાને કહ્યું : ગામે ગામે ઘર બાંધજે, તડકે ફરીશ નહીં અને મીઠું ખાજે” આનો અર્થ દીકરો ન સમજ્યો, પણ બાપના વૃદ્ધ મિત્રે તેનો અર્થ સમજાવ્યો કે :

૧. ગામે ગામે ઘર બાંધજે, એટલે કે લોકોની સાથે સારો સંબંધ રાખજે.

૨. તડકે ફરીશ નહીં એટલે વહેલી સવારથી તે સૂર્યાસ્ત થાય ત્યાંસુધી દુકાન પર બેસી ધંધો કરજે.

૩. મીઠું ખાજે એટલે કે ખૂબ શ્રમ કરજે કે જેથી તું જે ખાઈશ તે મીઠું લાગશે.

શ્રમ કર્યા વિના પ્રાપ્ત થયેલ પૈસાની કિંમત નથી હોતી. શ્રમ કર્યા વિના વારસામાં મળેલ પૈસો દીકરો સ્વચ્છંદ રીતે ઉડાવી દે છે. શ્રમમાં રસ છે, આનંદ છે, સુખ છે, શાંતિ ને સમતા છે.

સાધુ શ્રમ કરીને જ સિદ્ધિ મેળવે છે, તેથી તે શ્રમણ કહેવાય છે. સાધુઓ શ્રમ કરી કરીને આત્મમંથન કરીને, આત્માનું વલોણું કરીને લોકોને ઉપદેશરૂપી નવનીત આપે છે.



૭૫. ☼ મમત્વ ત્યાગ

મોહ શત્રુએ આપણને મમત્વના પાટા પર ચડાવી દીધા છે જેથી 'હું' અને 'મારું'માં આપણે અનંતા ભવો ગુમાવી દીધા છે. મોહથી આપણે સંસારના ખોટા ભાર વધારી દીધા છે, જેથી આઠ નિયમ પડેલાંની વાત આપણે ભૂલી જઈએ છીએ. પરંતુ આપણામાં સંયમ વધતો જશે, તેમ તેમ આપણી સ્મૃતિ વધતી જશે. ભવચક્રમાં દોડતાં દોડતાં આપણી શક્તિઓ હણાઈ જાય છે. આ શક્તિ આપણે ભેગી કરીને તેનો સદુપયોગ કરવાનો છે. માણસ ધારે તો અશક્ય કામને શક્ય બનાવી શકે છે. માટે જ નયસારે અશક્ય તિર્થંકર પદને વિકાસ કરતાં કરતાં શક્ય બનાવ્યું. મનને પવિત્ર બનાવ્યા પછી જ ધ્યાનમાં એકાગ્રતા આવી શકે છે.

સૌ સાધન બંધન થયા પછી સાધ્ય સરકી જાય, જ્ઞાનદશા જેમ જેમ આવતી જાય, તેમ તેમ આત્મા કર્મથી છૂટતો જાય.

❶



૭૬ ☆ દિવ્યતા

એક સાધુની એક શ્રાવક અત્યંત ભક્તિ કરતો હતો. સાધુ સમતામાં લીન હતા. એકવાર ધ્યાનમગ્ન હતા, ત્યારે ભેંસને નવડાવતાં પાણી સાધુ પર પડયું–ધ્યાન-પૂર્ણ થતાં સાધુએ ભરવાડને ઉધડો લીધો. તેથી શ્રાવક ત્યાંથી ચાલ્યો ગયો.

પછી ક્રોધ સમતાં, સમતા આવતાં સાધુએ ભરવાડની માફી માગી. પછી તે શ્રાવક પાછો આવ્યો અને સાધુની ભક્તિ કરવા લાગ્યો.

તો સાધુએ આનું કારણ પૂછયું. ત્યારે શ્રાવકે કહ્યું : તમે ક્રોધ કર્યો, ત્યારે તમારી પાસેથી પરમાત્મા ચાલ્યા ગયા હતા, શુભ પરમાણુઓ–પ્રેમ, મૈત્રી, ક્ષમા, સમતા ચાલ્યાં ગયાં હતાં–દિવ્યતા ચાલી ગઈ હતી, પરંતુ તે આવતાં હું આવ્યો."

જેવો સંગ કરશો, તેવો રંગ પ્રાપ્ત કરશો. ગટરનું પાણી ગંગામાં ભળીને સ્વચ્છ બની જાય છે. સજ્જન દુર્જનને સજ્જન બનાવે છે. પરંતુ ખુદ ગંગાજી સાગરમાં જઈ મળે છે, ત્યારે તેમનું પાણી ખારૂં થઈ જાય છે.



૭૭ ✿ પુદ્ગલ

જે કાંઈ ક્રિયા થાય છે, તે પુદ્ગલને લીધે છે. કાર્મણ અને તૈજસ પુદ્ગલને લીધે જન્મ મરણ કરવા પડે છે. એક પણ ક્ષણ આ (આત્મા) દેહપુદ્ગલ વિના રહી શકતો નથી.

જન્મથી આહાર સંજ્ઞા છે. આવતો જન્મ સુધારવો હોય તો આપણે આહાર સંજ્ઞા ઓછી ને ઓછી કરતા જવાની છે. આહારમાં અને વ્યવહારમાં આપણી આહાર સંજ્ઞા વધારેમાં વધારે કામ કરે છે.

પુદ્ગલને લીધે સંસારમાં પરિભ્રમણ આપણે કરીએ છીએ. આત્મા અને પુદ્ગલનો સંબંધ અનાદિ છે.

આનંદઘનજીને તાવ આવ્યો હતો એટલે શ્રાવકો તેમને સુખસાતા પૂછવા આવ્યા તો આનંદઘનજી ભજન ગાઈ રહ્યા હતા. શ્રાવકો બોલ્યા: "આપને તો કેટલો બધો તાવ આવ્યો છે?" આનંદઘનજીએ જવાબ આપ્યો: 'તાવ તો પુદ્ગલને આવ્યો છે, મનને નહીં—આત્માને નહીં.'





૭૮ ❑ સાધના

લોખંડ અને તાંબાને પારસમણિનો સ્પર્શ થતાં તે સુવર્ણ બની જાય છે, તેમ આત્માને આત્મજ્ઞાન મળતાં તે અમર બની જાય છે. સ્વનું દર્શન જ જીવનભર કરવાનું છે, અને દરેકે દરેક ક્રિયામાં આત્માને યાદ કરવાનો છે. જીવનને ઘુંટી ઘુંટીને અંતરમાંથી આત્મજાગૃતિ પ્રાપ્ત કરવાની છે. દરેક ક્રિયા આત્મજાગૃતિથી થશે, તો સંસારની ક્રિયા પણ આત્માને ઉર્ધ્વગામી બનાવશે અને ધર્મનું સાચું રહસ્ય તો આત્માને મોક્ષ અપાવવાનું છે.

મરણમાં જ જીવન રહેલું છે, અંધકારમાં પ્રકાશ છુપાઈ રહેલો છે. મરણમાં જ અમૃત્વ છુપાયેલું છે. મરણને સમજ્યા પછી જીવન જીવવાની બહુ જ મજા આવે છે.

જીવન ઉકરડા જોવા માટે નહીં, પણ જગતના બગીચા જોવા માટે છે. દરેકના સદ્‌ગુણો જોવાના છે, દુર્ગુણ કે દોષ નહીં. સદ્‌ગુણો જોતાં જોતાં આપણામાં સદ્‌ગુણ વધતા જ જશે. દુર્ગુણ જોવાથી દુર્ગુણ વધ્યા કરશે, અને મૈત્રી-પ્રેમને બદલે રાગ-દ્વેષ વધ્યા જ કરશે. પાખંડીઓ તો ભગવાનના પણ દોષ જ જુએ છે.



૭૯ — ભ્રમણા

જગતમાં કોઈ એવું તત્ત્વ નથી કે જે મરેલાને જીવતો કરી શકે. માટે જનગી સેવા કરવાની છે, જગતમાં રહીને ભેગું કરેલું લોકોને આપવાનું છે, પરલોક માટે દાન કરીને કાંઈક સાથમાં જવાનું છે. ભેગું ઓછું કરીને દાનમાં વધારે આપવાનું છે. "જતવામાં ગાલના કૂતરાનો રોટલો" નથી બનવાનું, એટલે કે સંઘની સાથે કૂતરો જતો હોય તેને ખૂબ ખાવાનું મળે. પોતાને ભૂખ હોય તેટલું ખાઈને વધારાનું ખાવાનું દાટી દે છે, પણ તેને ખબર નથી કે આ સંઘ તો આગળ જવાનો છે. આવી રીતે ભ્રમમાં નહીં રહેલ મનુષ્ય જે કરવાનું હોય તે આજે જ કરી લે છે. તે આવતી કાલનો વિચાર નથી કરતો કે કાંઈ ભેગું કરી મૂકતો નથી.

આપણે રહેવાસી નથી, પ્રવાસી છીએ. આપણો આ વિસામો છે. અહીં સ્થિર રહેવાનું નથી, પણ અહીંથી બીજે જવાનું છે. યાત્રા અનંતની છે. આ યાત્રાને સમાપ્ત કરવી હોય તો અહિંસા, સંયમ, તપને જીવનમાં ઉતારવાના છે. આહાર, નિદ્રા, ભય મૈથુનને જીતવાના છે. દાન, શીલ, તપ, ભાવથી જીવનને ઉર્ધ્વગામી બનાવવાનું છે.



૮૦ ▣ અમૃત

વેશ કરતાં વિચારનું મહત્ત્વ જૈનદર્શનમાં વધારે છે. જ્યાં સુધી સમ્યક્ત્વ ન થાય, ત્યાં સુધી આત્મા આગળ વધી શકતો નથી. સમ્યક્ત્વદર્શન સંસારને તરવાની હોડી છે. સમ્યક્ત્વ દર્શન થતાં આત્માનો ખ્યાલ આવી જાય છે. પછી ભલે તે સંસારમાં રહેતો હોય, પણ તે અનાસક્ત હોય છે. આત્મજ્ઞાન થતાં અંતરમાં આનંદ દેખાય છે. ભમરાને એકવાર રસ મળી ગયો પછી તે રસને ચૂસ્યા જ કરે છે, ગુંજન પણ કરતો નથી. જ્ઞાનરૂપી અમૃતના સાગરમાં જેણે એકવાર ડૂબકી મારી, તેને વિષયો ઝેર જેવા બની જાય છે.

· પશુ અને માનવી વચ્ચે ફરક બતાવનાર જ્ઞાન છે. પશુ પણ જ્ઞાનથી માણસ જેવો બની જાય છે. ચંડકૌશિકને જ્ઞાન આવતાં આઠમા દેવલોકે ગયો. જ્ઞાન કર્મને બાળી નાખે છે. જ્ઞાનને જીવનમાં ઉતારવાનું છે. જ્ઞાનથી માણસની કિંમત વધતી જાય છે. મોક્ષમાર્ગમાં લઈ જનાર ભોમિયો તો જ્ઞાન જ છે. સંસારમાં માર્ગ બતાવનાર જ્ઞાન છે. માનવીના જીવનનો શૃંગાર પણ જ્ઞાન છે. માણસ જ્ઞાનથી શોભે છે.



૮૧. સ્વાધ્યાય

જે લોકો સ્વજન છે, તે આપણા આત્માનું અહિત કરે છે, જે લોકો પરાયા છે, તે આપણા આત્માનો વિકાસ કરે છે. પરાયા માણસો આપણને ઊંઘમાંથી જગાડે છે, મમતાવાળા માણસો આપણને મારી નાખે છે.

રોગ, મુસીબત; દુઃખ વગેરે આત્માના હિત માટે આવે છે. જે તનથી કર્મ બાંધતાં વિચાર નથી કરતા, તો તે તનથી રોગ ભોગવતા શા માટે વિચાર કરવાનો ?

સુખ અને દુઃખને સમાન જાણવાના છે; મન તૈયાર થાય એટલે દુઃખ સંતાઈ જાય છે. મન રોગમાં લાગે છે, ત્યારે જ રોગ મન પર ચઢી બેસે છે. રોગ આવે ત્યારે ત્યારે મનને સ્વાધ્યાયમાં જોડી દેવાનું છે.

> એક વખત સદ્‌ગુણનો રસ્તો લો, પછી કદી તમે દુર્ગુણના રસ્તે નહીં જાવ. હંમેશાં થોડું થોડું ચાલો, તો જરૂર ગામ આવશે, પણ તે રસ્તો સાચો હોવો જોઈએ. તમે જીવનમાં પંથ પર પ્રયાણ કરનાર પથિક જેમ સાચા રસ્તે ચાલશો તો જરૂર ધ્યેયને પ્રાપ્ત કરી શકશો.



દૂધપાકનો સ્વાદ કડછીને મળતો નથી, પણ એક
ટીંપુ જીભ પર મૂકાય તો જીભને સ્વાદ લાગશે. તેમ આંખ
ઈ કરતી નથી, આંખ તો સાધન છે, પણ આંખની
ાછળ રહેલ દિવ્ય આત્મા જ બધું જુએ છે, બધું અનુભવે
. આંખથી સારૂં જોવાનો વિવેક રાખો. નહીંતર તે
ણે ક્ષણે કર્મ બંધન કર્યા જ કરે છે. શરીરથી કર્મ
ાંધીએ છીએ, અને શરીર તો પછી બળીને ભસ્મ થઈ
ાય છે, પરંતુ કર્મનો ભોગવટો આત્માને જ કરવો પડે
. સમ્યક્ દૃષ્ટિ આત્મા પળેપળ કર્મની નિર્જરા જ કરે
, કારણ કે તેને કોઈ પણ વસ્તુમાં આસક્તિ હોતી જ
થી. તીર્થંકરો બધી જ વસ્તુ લેતા હોવા છતાં, ખાતાં
ીતાં કર્મબંધન નહિ, પણ કર્મની નિર્જરા જ કરે છે.

*

આપણી આશાને અમર આશા બનાવવાની છે, આંતર વૈભવને વિકસાવવાનો છે. ઇલેક્ટ્રીસીટી સાથે જોડાયેલ તાર મહાન જ્યોતિરૂપ બની જાય છે તેમ આપણો આત્મા પરમાત્મા સાથે જોડાઈ જાય તો આત્મા એક દિવસ પરમાત્મા બનશે.



૮૩ ✲ પ્રમાદ

જીવનમાં જે પ્રમાદ છે, તે હિંસા છે. જે માણસ અપ્રમત્ત છે, જાગૃત છે, તે કોઈ દિવસ હિંસા કરતો નથી. કદાચ અજાણતાં હિંસા થઈ જાય તો તો તેને પારાવાર દુઃખ થાય છે.

ભગવાન મહાવીર ગૌતમ સ્વામીને વારંવાર કહે છે કે ગૌતમ, એક સમયનો પણ તું પ્રમાદ કરીશ નહીં. પ્રમાદરૂપી ઘેન પોતાના આત્માનો અને સમાગમમાં આવનારનો નાશ કરે છે. દુનિયાના પાપોની, દુનિયાની ખરાબીની શરૂઆત પ્રમાદમાંથી થાય છે. ધર્મ કરનાર આત્મા માટે જાગૃતિની જરૂર છે.

આપણે પાંચ તિથિ લીલોતરી નથી ખાતા, એટલે હિંસા નથી કરતાં એમ ન સમજવું. પાંચ તિથિ જેવા શબ્દો પણ ન બોલવા જોઈએ. શબ્દોથી કોઈનું જીવન કડવું બની જાય છે.

હિંસા એ બહારની સ્થૂલ વસ્તુ છે, પ્રમાદ એ આત્માની વસ્તુ છે. પ્રમાદ થાય છે ત્યારે હિંસા થાય છે.



૮૪ ☼ સફળતા

બીજનો ચંદ્ર નાનો હોવાથી, તેના દર્શન કરવા દુનિયા જાય છે. તેનામાં નમ્રતા હોવાથી ધીમે ધીમે તે મોટો થાય છે. તે અમાસની લઘુતા તરફથી પુનમની મોટાઈ તરફ જાય છે. પછી મોટા થયા પછી નાનું થવું પડે છે. નાનાને નાના થવું પડતું નથી. નાના બાળકને દુનિયા પ્યાર કરે છે, મોટાને કોઈ પ્યાર કરતું નથી. આપણા શરીરમાં મોટામાં મોટું માથું મોટું છે અને પગ નાનામાં નાના છે. પગની રજ લેવાય છે, માથાની નહીં. સંસારમાં પાણીના પરપોટા માફક જે મોટા થાય છે, તે જલદી નાશ પામે છે. બાર બાર મહિના ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં બાહુબલીને કેવળજ્ઞાન થતું નથી. પણ 'વીરા મોરા! ગજથી હેઠા ઉતરો' સાંભળ્યું કે અહંકાર ચાલ્યો ગયો, નમ્રતા આવી ને નાના ભાઈ સાધુઓને વંદન અર્થે જ્યાં પગ ઉપડયો કે તુરત જ કેવળજ્ઞાન તેમને થયું. જ્યાં નમ્રતા, લઘુતા છે, ત્યાં સફળતા છે.

રેસ શરૂ થાય ત્યારે લાખો માણસો રેસ જોવા આવે છે પણ રેસમાં ભાગ લેનાર જોકી લોકો તરફ બીલકુલ

[illegible] નથી, પણ તેને જે [illegible] ફેરવવાનો હોય છે, તે ધરી પર સ્થાન હોય છે. [illegible] તેને તો નિશ્ચલ ધરી પર જ સ્થાન હોય છે, તેમ તમારા જીવનનું જે નિશ્ચલ ધ્યેય છે, તેના ઉપર તમારા જીવનનું ધ્યેય કેન્દ્રિત કરો. ઘડિયાળમાં આવેલા [illegible] એક એક સેકંડનો ખ્યાલ રાખે છે, તેમ એક એક સેકંડની કિંમત ઘણી હોય છે, તેમ તમારા જીવનની પળે પળ કિંમતી છે, તેનો સદુપયોગ કરો. યાદ કરો ભગવાનના એ શબ્દો : ગોયમ, સમયં મા પમાય.

ધ્યેય નક્કી કરો. તેથી ધારેલા માર્ગે પહોંચી શકાય છે. જ્યાં ધ્યેય ને ધ્યાન છે, ત્યાં સફળતા છે.

સુંદર સંસ્કારી સાહિત્યથી ચાર પ્રકારે જીવનમાં લાભ થાય છે :

૧. જ્ઞાનની તૃષા જાગે છે.
૨. સદ્‌ગુણો પ્રત્યે આતુરતા જાગે છે.
૩. સૌન્દર્ય પ્રત્યે પૂજ્ય ભાવ જાગે છે.
૪. બીજા માટે લાગણીનો ઝરો વહે છે.

*

ખરું ભૂષણ સાધર્મિકને સ્થિર કરવામાં છે, ખરું ભૂષણ ધર્મનો ફેલાવો થાય તેવી પ્રભાવના કરવામાં છે. ખરું ભૂષણ મન–વચન કાયાથી ગુરૂ–વડિલની ભક્તિ કરવામાં છે.



૮૫. ✲ ક્રોધ

ક્રોધ, લોભ, માન, અને માયા એ દુર્ગુણો પોતાની જાતને બાળી રહ્યા છે. જીવ પહેલાં પોતાના આત્મગુણને બાળીને પછી બીજાને બાળે છે. પહેલાં આત્મા ઉપર દયા કરીને પછી બીજા પર દયા કરી શકાય છે.

ક્રોધ તે પ્રીતિ, વિનય અને વિવેકને બાળી નાખે છે. ક્રોધનો પહેલો ખોરાક પ્રીતિ છે, પોતે પોતાના કષાયોને કાબુમાં ન રાખે તો જીવન ઝેર જેવું બની જાય છે. મહાવીર પ્રભુ કહે છે કે પ્રીતિથી આલોક અને પરલોક બન્ને સુધરે છે. વિવેક વગર ક્રોધના આવેગથી માણસ આપઘાત કરે છે. આપઘાત કરનારના આત્માના ભવોભવ બગડી જાય છે. ક્રોધના આવેશમાં વિવેકનો દીપક બૂઝાઈ જાય છે. યોગ્ય-અયોગ્યનો વિચાર તો વિવેકી માણસ જ કરી શકે છે. ક્રોધનાં ફળ કડવાં છે. કષ્ટથી સંચિત કરેલ પુણ્ય ક્રોધથી ક્ષણ માત્રમાં નાશ પામે છે. તપસ્વી મુનિ ક્રોધથી ચંડકૌશિક નાગ બન્યા.





૮૬ ❂ શ્રુતજ્ઞાન

જે પુસ્તકમાં લખાયેલું છે, તે શ્રુતજ્ઞાન કહેવાય છે. કાગળ પર લખાયેલ પણ શ્રુતજ્ઞાન કહેવાય. જ્ઞાની મિથ્યા શ્રુતને સમ્યક્ત્વ શ્રુત બનાવે છે અને અજ્ઞાની સમ્યક્ત્વને મિથ્યાત્વ શ્રુત બનાવે છે.

જેને સંસાર ગમે છે, તે સારામાંથી પણ ખરાબ ગ્રહણ કરે છે અને જ્ઞાની તો ખરાબમાંથી પણ સારૂં શોધે છે. વિનય અને ગુરુગમ્યથી મેળવેલું જ્ઞાન સાચું છે. જેમાં સ્યાદ્વાદ હોય, તેને શ્રુતજ્ઞાન કહેવાય છે. એકાંતવાદને શ્રુતજ્ઞાન ન કહેવાય. બીજામાં પણ સત્ય છે તેનું દર્શન કરવું તે શ્રુતજ્ઞાન છે.

કેવળજ્ઞાનથી શ્રુતજ્ઞાન ચઢી જાય છે, કારણકે કેવળ- તો માણસની સાથે ચાલ્યું જાય છે, શ્રી મહાવીર ભગવાન મોક્ષે ગયા, તેમની સાથે તેમનું કેવળ જ્ઞાન ચાલ્યું ગયું, પણ શ્રુતજ્ઞાન તો રહેવાનું છે. માટે શ્રુતજ્ઞાનને બોલતું કહેવામાં આવે છે, એટલે આપણે શ્રુતજ્ઞાનની પૂજા કરીએ છીએ. દા. ત., જ્ઞાનપંચમી. કોઈપણ વસ્તુ મેળવવી હોય હોય તો તેના પ્રત્યે આદર જોઈએ, અનાદર કરવાથી જ્ઞાન ચઢતું નથી. આપણે ક્રિયાને સમજીએ છીએ, પણ આચારને ભૂલી જઈએ છીએ.



૮૭ ☼ ધ્યાન

સાધનાની સિદ્ધિ અર્થે પર્વતની જેમ અડોલ બનીને ધ્યાન ધરવાનું છે. પવન પાંદડાંને હલાવે, તેમ મનને હલાવવાનું નથી. આપણે તો શરીરની જ ફિકર રાખીએ છીએ, આત્માની નહીં. ધ્યાની આત્મામાં મગ્ન રહે છે, તેમને શરીરની ફીકર નથી હોતી.

કુમારપાળને મંકોડો ચોટયો હતો. ત્યારે તેઓ ધ્યાનમાં એકાગ્ર હતા. તેથી તેની તેમને ખબર ન પડી, પણ લોકોના કહેવાથી જ્યારે મંકોડાની ખબર પડી, ત્યારે તેના કરડવાથી પારાવાર દુઃખ થતું હતુ, છતાંય મંકોડાને દૂર ન કરતાં, લોહી ચૂસવામા મગ્ન બનેલ તે મંકોડાને દૂર કરવાને બદલે કુમારપાળ નરેશે પોતાની ચામડી ઉખેડીને તે મંકોડાને અભયદાન આપ્યું. જે અહિંસાનો પાલક છે, તે જેમાં જીવ મરતાં હોય તેવાં સાધનો વાપરે જ નહિ. ચરબીયુક્ત કપડાં, લીવરનાં ઇન્જેકશનો, કોડલીવર ઓઈલ, હુમના જોડાં, વગેરે વપરાય જ નહીં. "જીવો ને જીવવા દો"–એ મંત્ર આત્મસાત્ કરવો જોઈએ. જો તમે

કોઈને ઉગારી શકતા ન હો તો બીજાને મારવાનો હક્ક કે અધિકાર તમને નથી. પોતાના જીવના જેવો બીજાના જીવને ગણવાનો છે. દરેક જીવ જીવવા ઇચ્છે છે. તો નમાલાથી નાના, બળહીન, પગહીન, દીન, લાચાર પ્રાણી ભલા, પશુને મારવાની કલ્પના ન જ થાય.



પુદ્ગલની દૃષ્ટિએ સાધુ-સંતોને સુખ થોડું અને દુઃખ વધારે છે, જ્યારે આત્માની દૃષ્ટિએ સુખ વધારે ને દુઃખ થોડું છે. સાધુપણામાં દુઃખ સહન કરવાનું વધારે હોય છે. સંસારીને ત્યાગ અલ્પ અને ભોગ વધારે હોય છે.

સાધુઓ જગત પાસેથી ઓછું લે છે અને વધારે આપે છે. સાધુ રાત્રે નિરાંતે શાંતિથી ઊંઘી શકે છે, જ્યારે સંસારીને વધારે પડતી જવાબદારીથી, વધારે દુઃખ હોવાથી નિરાંતે સૂઈ શકતો નથી.

*

જીવનની દૃષ્ટિ આવી જાય છે, પછી જીવન જીવવા જેવું અને જીવનમાં કંઈ કરવા જેવું લાગે છે.



૮૮ ☼ સ્વશ્રમ

આપણા હૃદયમાં કોઈકવાર રાગદ્વેષ આવે છે, છતાં હૃદયમાં ધર્મ હોય તો રાગ–દ્વેષ તરત જ ઓગળી જાય છે. રાવણ ઘણો બળવાન હતો અને તેનું સૈન્ય બહુ જ મોટું હતું, વાલી નાનો હતો, પણ સત્યની ઉપાસનાવાળો હતો, તેથી તે રાવણને જીતી ગયો.

આમ મહાનતાની એક જ ચિનગારી આપણા જીવનને પલટાવી નાખે છે, અને પાંચ મહાવ્રતોનું શુદ્ધ પાલન કરવામાં આવે તો મોક્ષ મળી જાય છે.

અનીતિનું ન ખાવું, સ્વશ્રમ વગર કોઈ વસ્તુ લેવી, વાપરવી નહીં, આવી વૃત્તિ ધરાવનાર પુણિયો શ્રાવક ઝૂંપડીમાં રહી રાગદ્વેષ રહિત, સમતાપૂર્વક જીવન ગાળતો હતો. તેનાં વખાણ પ્રભુએ કર્યાં. તો તેની પરીક્ષા લેવા એક વિદ્યાધર આવ્યો. તેના લોખંડના તવાને સોનાનો કરી નાખ્યો. પણ પુણિયાએ બધા વ્રતોનું અણીશુદ્ધ પાલન કર્યું હતું, તેથી આ તવો તેને માટે નકામો થયો. આપણે ધનને ધર્મ માનીએ છીએ, તે ધર્મને ધન માનતો.

વિધાતાએ તેની પરીક્ષા અનેક રીતે કરી. પણ પુણિયો શ્રાવક સત્યમાર્ગથી ન ડગ્યો. આ રીતે કસોટી પછી સુવર્ણ સમાન શુદ્ધ ને સાત્વિક સાબિત થયો.

ધર્મ ખરું જ અમૃત છે, તે આંસુ પડાવે છે અને અંતરને શુદ્ધ કરી ઉપર લઈ જાય છે. અંતરના આશાતના પર જય પ્રાપ્ત કરનાર અનંતનો સ્વામી બની જાય છે.



દારિદ્રયમાં થોડું પણ દાન અતિ પુણ્ય ઉપાર્જન કરે છે. પુણિયાનું પુણ્ય શાસનમાં પંકાયેલું છે. શાલિભદ્રે પૂર્વના ભવમાં (ભરવાડના ભવમાં) ખૂબ જ પ્રેમથી સાધુને ખીર વહોરાવી અને પ્રચંડ પુણ્ય ઉપાર્જન કર્યું. પૂર્વ ભવમાં પાંચ કોડીના ફૂલડાંની પૂજાથી કુમારપાળે અઢાર દેશનું પુણ્ય ઉપાર્જન કર્યું.

*

પૈસા પોતાને માટે વાપરવા તે ભોગ છે. પરંતુ તે બીજાને માટે વાપરવા તે ત્યાગ છે.



૮૯ ગુરુનું સાનિધ્ય

ન ગમતું બને ત્યારે ક્લેશ થાય છે, મનમાં ઉદ્વેગ થાય છે, અસ્વસ્થતા ને અસ્થિરતા જન્મે છે. તે દૂર કરવા ગુરુના સાનિધ્યમાં જવાનું છે.

પણ કેટલાક પોતાનું અહિત જોઈ શકતા નથી. પોતે માની લીધેલ ભલે તે દુઃખ હોય, વિનાશગર્તા હોય તોય તેમાં આનંદ માણે છે ને જીવનને વેડફી અંત પોતે લાવે છે.

માખી લીંટ પર બેસે છે, અને તેમા ચોંટીને પોતાનું જીવન સમાપ્ત કરી નાખે છે. વ્યક્તિ નહીં, પણ કામ આપણને અધોગતિએ લઈ જાય છે, અને કામમાં જીવ ખૂંચી પડી જાય છે ને અટવાઈ જાય છે. કામનો રાગ ઓછો કરવા સ્ત્રીઓ અને પુરુષોએ એકબીજાનો સંસર્ગ જેમ બને તેમ ટાળવાનો છે. વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ કામના રંગમાં લપટાઈ જતાં આગળ ભણી શકતા નથી. કામી માણસ પોતાની સ્ત્રીનો અને પોતાનાં બાળકોનો વિચાર કરી શકતો નથી. જે માણસ કામને લીંટ માને

તે જ મનુષ્ય આરામ નથી શકે છે. કામ તે કીચડ સમાન છે. અંધકાર ને કીચડમાં ડૂબી ગયા તો પછી તેમાં ઊંડા ને ઊંડા ઉતરી જવાશે. આગથી કામનો અગ્નિ ભભૂકતો રહે છે. અગ્નિમાં લાકડાં નાખવાથી આગ વધી જાય છે, તેની ભૂખ સંતોષાતી નથી. સાગરમાં ગમે તેટલી નદીઓનું પાણી ઠલવાય, છતાં તે પૂર્ણ થતો નથી.

તેથી જ સંસારના ભોગી કરતાં સંસારના ત્યાગી બ્રહ્મચારીની શક્તિ વધારે હોય છે. તેનો સંયમ સુખ-શાન્તિ સુખ લાવે છે, સુખ પર શાન્તિ લાવે છે, તેની માનસિક શક્તિ વૃદ્ધિ પામે છે. ચિત્તમાં સ્થિરતા ને પ્રસન્નતા આવે છે. આ માટે આવશ્યક છે ગુરુનું સાનિધ્ય.



બીજ વગર ઝાડ થઈ શકતું નથી, તેમ હૃદયમાં પ્રેમના બીજને વાવ્યા પછી જ ધર્મ અંતરમાં પ્રગટ થશે.

*

સાધુઓ ગામેગામ વિચરીને જ્ઞાનની ગંગા ફેલાવે છે; ભક્તિજ્ઞાનને ફેલાવે છે.



૯૦ ✲ વૈરાગ્ય

જિંદગીભર સંસારમાટે મહેનત કરીએ, તેની સેવા કરીએ, તો છેવટે થોડાં આંસુ મળે છે, તેના કરતાં પ્રભુની થોડી સેવા કરી હોય તો મોક્ષ પામે આવે છે. સ્થૂલિભદ્રને મંત્રીપદ સ્વીકારવા માટે કહેવામાં આવે છે, તો તેમણે કહ્યું : 'મારે તે કીચડમાં દટાઈ જવું નથી, પણ ત્યાગમાં તરી જવું છે, વૈરાગ્ય આવતાં જગત તૃણ સમાન લાગે છે. સંસારરૂપી અંગારાને ચુંબન કરવાથી બળતરા સિવાય શું મળે? સંસાર વિરક્ત માનવી ધ્યાન માથી જ તાકાત મેળવે છે. સ્થૂલિભદ્રે પરતંત્રતા જોઈને સંસારને છોડયો. છોડવું અને છોડી દેવું એ બન્ને ભિન્ન છે. મન ઊઠી જવું એ બીજી વાત છે. મન ઉઠયું ન હોય પણ છોડવું પડે તેમ છે, તેથી છોડી દીધું હોય તો તેથી કાંઈ સધાતું નથી.

રસોઈ બનાવતાં કંકાશ થાય ને આપણે ખાવાનું છોડી દીધું. ખાવાનું છોડવું ન હતું, પણ ક્રોધે ખાવાનું છોડાવ્યું. કોઈ સમજાવનાર મળે એટલે પાછું જમવાનું મન થઈ જાય છે. ગરીબી આવે, દુઃખ પડે ત્યારે મન

વૈરાગ્ય તરફ વળી જાય છે, પણ પાછું તુરત આનંદમાં મન વૈરાગ્યમાંથી પાછું સંસારમાં આવી જાય છે. કોઈક દેખાવે ફકીરોનો વેશથી સંસારી કરતાં ઉજળો છે, બીજી બાજુ સંસારીનું મન વૈરાગથી ભરેલું હોય છે. કોઈવાર ગુરુના સમાગમથી મન વૈરાગી થઈ જાય છે. સ્થૂલિભદ્રે ચારિત્ર સ્વીકારવા મન કર્યું, ત્યારે તેમને વૈરાગ્ય આત્મા જાગી ગુરુ ચારિત્ર આપે છે. એક વાર સંસારના રંગરાગમાં ચકચૂર રહેનાર સ્થૂલિભદ્ર હવે વૈરાગ્યના રંગ રાગમાં મગ્ન બન્યા. સંયમ—ચારિત્રમાં આગળ વધતા ગયા, અને સંસારમાં ચારિત્રશીલ સંયમધારી જલકમલવત્ બની રહ્યા.



આપણે કોઈના ઉપર ઉપકાર કરેલ હોય તે યાદ ન કરવો, પણ બીજાએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેને ન ભૂલવો.

*

કર્તવ્ય સારું કરો, અને વિસ્મૃતિરૂપી ધૂળ ઢાંકો ને તે પર ભાવરૂપી પાણી સીંચો.

*

બીજામાં જે જે શક્તિઓ પડેલી છે, તેની આપણે ભક્તિ કરીએ, તો આપણામાં શક્તિ આવી જાય છે.



૯૧ ✡ સત્સંગ

સત્સંગના સુવાસની ફોરમ સ્વને અને પરને સર્વને સુવાસિત બનાવે છે. સંતનો રંગ ઘણો મોટો છે. એક ભાઈ રોજ સંતની વાતો કરે ત્યારે એક નાસ્તિકને તે વાત ન ગમી. પછી તે ભાઈએ એક દિવસ એક ડુંગળી અને એક વાટકીમાં ઘી લાવવાનું નાસ્તિકને કહ્યું. પછી ડુંગળી સમારી તો આંખમાંથી પાણી આવ્યું અને ઘીની વાટકી સામે જોયું તો આંખમાં ઠંડક આવી. આમ તેણે સમજાવ્યું કે સત્સંગ આત્માને શીતળતા આપે છે, જ્યારે દુર્જનનો સંગ આત્માને ઉતાપો આપે છે. સાધુ તો ચોમાસું પૂરું થતાં વાદળમાંથી સૂર્ય ચાલ્યો જાય, તેમ ચાલ્યા જાય છે. તેથી સત્સંગનો લાભ મેળવનાર ઉદાસીન થઈ જાય છે. તો તે માટે સંસારનો પ્રેમ ઓછો કરવા દેવ-ગુરૂ અને ધર્મ પ્રત્યે આત્માને લગાડી દેવો. આ ત્રણે આત્માને શીતળતા, શાંતિ, સ્વસ્થતા ને પ્રસન્નતા આપે છે અને આપણું ધ્યેય મોક્ષપ્રાપ્તિ છે, તેની વિચારણા જાગ રાખે છે. સત્સંગી ગાળ દેનારની ઉપર દ્વેષ નથી

[illegible] આશાના તેજ [illegible] પાર [illegible] નથી [illegible] તેમના હૃદયમાં નિરંતર શાન્તિનું [illegible] કરે છે. તેથી તે [illegible] સમાધિ [illegible] છે, મનમાં સમતા ને સમાધિ રાખે છે અને અંતઃકરણનું તેનું જીવન જીવી [illegible] આનંદના આસ્વાદ માણે છે. સત્યમાંથી [illegible] ને શ્રદ્ધા હોય છે. તેઓ ક્રમશઃ પ્રગતિ સાધે છે અને અંતે અંતિમ ધ્યેય પ્રાપ્ત કરે છે. તેના માર્ગમાં આવતી વિઘ્નોને સુખ સમજે છે, પોતાની કસોટીની વેળા તેને સમજે છે. કસોટીમાંથી પાર પડતા સત્યથી પોતાના જીવનને [illegible] મૂકે છે. અને છેવટે વિજય પ્રાપ્ત કરે છે.

શ્રદ્ધાળુને કદી ભય હોતો નથી. એક વખતને ફાંસીની સજા થઈ, પણ તેની પાસે દુઃખ ન હતું, કારણ કે તે માનતો હતો કે મારી પાસે પ્રેમ, શ્રદ્ધા, આશા અને ન્યાય છે, તો હું અત્યારે તો જીવતો છું, તો શા માટે મરી જાઉં? કદાચ મારો દેહ બળી જશે, પણ આત્મા તો અમર છે. પોતે પોતાના આત્માને અમર ને અજર માને છે. તેને શ્રદ્ધાથી ફાંસીનું દુઃખ નથી, દેહનાશની ચિંતા નથી. તેનો આત્માનંદ અપૂર્વ છે. તેને આત્માની સાત્વિકતા ને શાશ્વતતાનું જ્ઞાન છે. તે જ્ઞાન તેને સુખ, શાંતિ ને સંતોષ, સમતા ને મનની પ્રસન્નતા બક્ષે છે.



૯૨ ☼ ત્યાગી–રાગી

ત્યાગમાં અને રાગમાં ઘણો જ ફરક છે. ત્યાગમાં છોડવાનું ગમે છે, ત્યાગી ભયરહિત બને છે. રાગમાં ભેગું કરવાનું ગમે છે, તે ભયથી ઘેરાયેલો હોય છે ત્યાગીની દૃષ્ટિ જ્ઞાન પ્રતિ છે. રાગી અજ્ઞાન અવસ્થામાં આથડે છે. ત્યાગથી આત્માની મસ્તીમાં લીન થવાય છે, અને તેની પાસેથી ભય ચાલ્યો જાય છે.

શંકરાચાર્યને કોઈએ પૂછ્યું : "દુનિયામાં ઈશ્વર કોણ ? અને તેની ઓળખ શી ?" જવાબ મળ્યો કે કંચન ને કામિનીથી જે વિરક્ત છે, તે ઈશ્વર છે, તેને જગત વિરક્ત લાગે છે. હૃદયમાંથી કામ નીકળી જતાં હૃદય પવિત્ર બની જાય છે.

ભયને દૂર કરવા માટે કામ અને કંચનને છોડવાના જે. સી. આઈ. ડી. ચોરને પકડે છે, તેમ ચોર માલદારને પકડી પાડે છે. બાળક સાચું ને સારૂં બોલે છે એટલે આપણને તે વહાલું લાગે છે. ચોર ને માલદારના દિલમાં ભય છે, રાગ છે, એકઠું કરવાની લાલસા છે, તેથી તે

અગ્નિમાં ગર્ભ પડે છે. આગંતુક ચિતામાં જાય નહી, તેથી તે ચિતા ગર્ભ પડે છે.

દુનિયામાં મનુષ્યોને ખાવાનું મળતાં પદાર્થો ખાટા પડે છે, જ્યારે વિદ્યાર્થીઓને ખાવાં ખાવાં પદાર્થો ખૂટે છે, કારણ કે ત્યાં જાય છે. સંયમ કરીને જીવન બગાડવું, તેના કરતાં દાન કરીને જીવન સુધારવું જોઈએ. જગતની અંદર આત્મા અને તેનાથી પાછળ જીવન વેડફી નાખનાર ભયમાં ફફડતો જીવે છે. તેને કામનો, લોભનો, ક્રોધનો ભય ત્રાસ આપે છે, જ્યારે ત્યાગીને કોઈની તમન્ના ન હોવાથી જગતમાં જે તારતમ્ય છે, તે પ્રાપ્ત કરીને વિષય કષાયથી વિરક્ત બનીને મસ્ત જીવન જીવે છે. ત્યાગી સંસાર તરી જાય છે, રાગી સંસારસાગરમાં ડૂબી જાય છે.

એક વસ્તુમાં બીજી વસ્તુનો ભ્રમ થવો તેનું નામ અજ્ઞાન છે. દોરડાને સર્પ માનવો તે ભ્રમ છે. તેવી રીતે જગતના લોકોએ ભૌતિક વસ્તુમાં સુખનો ભ્રમ માની લીધો છે. તેમાં સાચું સુખ નથી, પણ સુખની માત્ર ભ્રાંતિ જ છે, પુત્ર વગર સ્વર્ગ ન મળે તે ભ્રમણામાં જીવનભર પુત્રની ઝંખનાથી મરણ વખતે જીવ પુત્રમાં રહી જાય છે, તેથી જ જીવ સદ્દગતિના બદલે દુર્ગતિએ થાય છે.



૯૩ ☼ સુખદુઃખ

સુખ આવે સમતા રાખવી, દુઃખ આવે શાંતિ રાખવી. સુખની અંદર દુઃખ રહેલ છે. દુઃખમાંથી સુખ આવે તો આનંદ થાય છે. સુખ અને દુઃખમાં સમભાવ રાખવાનો છે. ગરીબીમાંથી અમીરી આવે ત્યારે સુખથી ફૂલાઈ જાય છે, અને અમીરીમાંથી ગરીબી આવે, ત્યારે માણસ આપઘાત કરવા તૈયાર થઈ જાય છે. કરેલાં કર્મ ભોગવવાનાં છે. તો જે દુઃખ આવે તેને શાંતિથી ભોગવવા તૈયારી કરવી.

ધર્મરાજા આનંદમાં બેઠા હતા. ત્યારે લોકો બહુ જ કીમતી ભેટો લઈને આવ્યા, ત્યારે શ્રીકૃષ્ણે એક નાની ચીંઠી આપી. તેમાં લખ્યું હતું : “આ દિવસો જવાના.” લોકો કૃષ્ણની નિંદા કરવા લાગ્યા કે કૃષ્ણે આવડી નાનકડી ચીંઠી ભેટમાં શું જોઈને આપી !

પણ તે ચીંઠી જોતાં જ ધર્મરાજા ઊભા થઈ ગયા અને બોલ્યા કે ‘સૌથી મોટામાં મોટી ભેટ આજે મને શ્રીકૃષ્ણે આપી. બીજાને આ પક્ષપાત લાગ્યો.

સુખના દિવસો અને દુઃખના દિવસો સરખા જવાના છે, માટે સુખ આવે અભિમાન, અહંકાર કરવાના નથી. અન્ય પ્રત્યે અણગમો તિરસ્કાર દર્શાવવાના નથી. સત્તા, શ્રીમંતાઈ, સંબંધીઓ અને તંદુરસ્તીનો કદી ગર્વ કરવાનો નથી, કારણ કે આ બધું ક્ષણિક છે. આ શરીર પાછળ અનેક ઉપદ્રવો પડ્યા છે તે ઘડીવારમાં શરીરને બદલાવી નાખે છે.

શરીરની સુંદરતા સુખ આપતી હોય તોય ગર્વ કરવાનો નથી. જો પહેલાં સુખ ભોગવશો તો દુઃખ આવે તો દુઃખને જીરવી શકાતું નથી. સંસારરથનું એક પૈડું સુખનું અને બીજું પૈડું દુઃખનું છે. જેનું સર્જન થાય છે, તેનું વિસર્જન પણ થાય છે. માટે સુખદુઃખ સદાય ટકતાં નથી. તેથી સુખ આવે કે દુઃખ આવે ત્યારે શાંતિ, સમતા ને સમાધિ રાખવાં. તથા જીવન જીવવા જેવું લાગશે, તરવા જેવું લાગશે.



આંખ સૌને જુએ છે, પણ આંખ પોતાને જોઈ શકતી નથી, તેમ જિંદગી બીજાની આપણે જોઈએ છીએ, પણ આપણી જિંદગી આપણે જોતા નથી.



૯૪ ☼ અનુભવ

જંગલમાં ભૂલો પડેલ રાજકુમાર પલ્લિપતિના રહેઠાણે આવી ચઢે છે. સખત તરસ લાગવાથી પાણી માગે છે. પલ્લિપતિની નમણી કન્યા સરસ માટીના વાસણમાં પાણી લાવીને રાજકુમારને આપે છે. રાજકુમાર પાણી લે છે; ત્યારે તેમાં કચરો હતો. તેથી તે ઢાળી નાખે છે. પછી બીજું ચોખ્ખું પાણી લાવીને આપતાં રાજકુમાર તે પી જાય છે.

જતાં જતાં રાજકુમારે કહ્યું : "કોઈને પાણી આપો તો ચોખ્ખું પાણી આપવું જોઈએ."

કન્યા બોલી : "તમારે અનુભવની જરૂર છે. મેં કચરાવાળું જાણી જોઈને આપ્યું હતું. દોડતાં આવીને તરત જ પાણી પીવામાં આવે તો પેટમાં ગોળો બંધાઈ જાય અને થોડીવાર પછી પીધેલું પાણી પચી જાય છે."

દુનિયામાં અનુભવનું જ્ઞાન ઉત્તમ છે. ચોપડીના જ્ઞાન કરતાં અનુભવનું જ્ઞાન વધુ સફળતા અપાવે છે.

૯



૯૫. ☼ અનિવાર્ય અતિથિ

સંસારમાં કેટલાક દુઃખોને આપણે ભૂલી શકીએ છીએ, પણ ભયંકર માંદગી આવે, ત્યારે તેને સહન કરી શકતા નથી, પરંતુ તેથી દુઃખી થવાનું નથી, કારણ કે તે તો આપણે કરેલાં કર્મ અને પ્રમાદની સજા છે.

દુઃખને હસતાં હસતાં સહન કરવાનાં છે. તાવ આવે ત્યારે રડવા બેસવાનું નથી, જો રડશો, હતાશ થશો તો દુઃખનો હુમલો આપણા પર ચઢી બેસશે. આપણે તો દુઃખના પર ચઢી બેસવાનું છે.

પાણીમાં પડ્યા પછી ડૂબવાનું નથી, પણ હાથ-પગ ચલાવીને તરવાનું છે. પાણીને પોતાના ઉપર ચઢવા દેવાનું નથી, તેમ દુઃખને પોતાના ઉપર ચઢવા દેવાનું નથી. જ્ઞાનીઓ દુઃખને હસતાં હસતાં સહન કરે છે. દુનિયામાં ત્રણ વાત : મરણ, જરા, અને રોગને કોઈ દૂર કરી શકતું નથી. શરીરનો આ ધર્મ છે, અને તે અનિવાર્ય છે, માટે આર્ત્તધ્યાન કર્યા વગર ગયેલી વાતને ભૂલીને પ્રભુનું સ્મરણ કરવાનું છે.

મરણુ એ જન્મસિદ્ધ હક્ક છે. દરેકને મરણનો હક્ક છે. એવી રીતે મરતાં શીખો કે જેથી બીજો જન્મ લેવો ન પડે. મહાવીર મરી ગયા પણ ફરી જન્મ્યા નહીં. કાંગરને શેકી નાખ્યા પછી ગમે તેટલું પાણી રેડવા છતાં કાંગર ઉગની નથી. જેટલા જન્મ્યા તે બધા મરવાના છે. મરણ નવું છે જ નહીં. જન્મ લેવો તે જ નવું છે. માટે મરણથી ડરવાનું નહીં, પણ મરણને સુધારવાનું છે.

માણસ ગમે તેટલો દેખાવડો હોય, છતાં તે વૃદ્ધ થવાનો, વાળ ધોળા થવાના, અને દાંત પડી જવાના, રોગ આવવાનો. રોગ આવે તે પહેલાં જ તેની તૈયારી કરી રાખવાની છે. દુઃખને હસીને સહન કરો એટલે દુઃખ હળવું બની જવાનું. જે થવાનું છે, તે થવાનું છે, તેથી કર્મ બંધનને હળવાં કરવા ત્યાગ, તપ, સંયમની આરાધના આવશ્યક છે. આથી દુઃખ આવશે તોય તે દુઃખી નહીં કરે.

O

સોનાની વીંટી થઈ, વીંટીમાંથી એરીંગ થયા. આમ ઘાટ બદલાયા, પણ સોનું તો તેનું તે જ રહે છે. તેવી રીતે આત્માના આકારો બદલાયા કરે છે, પણ આત્મા બદલાતો નથી.



૯૬ ☼ અનુમોદન

બળરામ માનતા નથી કે શ્રીકૃષ્ણ મરી ગયા છે, તે તો તેમને નિદ્રાધીન સમજે છે. તેથી તેમની પાસે બેસી રહે છે. ત્યારે બળદેવને સમજાવવા દેવો આવે છે, અને તેમની પાસે રહેલા પથ્થર પર કમળ ઉગાડવા પ્રયત્ન કરે છે, ત્યારે બળદેવ કહે: "પથ્થર પર કમળ ન ઉગે" તો દેવો કહે છે કે મરેલ જીવતા ન થાય. આથી બળદેવને સંસાર પર વૈરાગ્ય આવ્યો, અને તેમણે ત્યાગનો માર્ગ સ્વીકાર્યો, પોતાનું રૂપ અતિ હતું, તેથી શહેરમાં આહાર લેવા જાય તો અનેક પ્રલોભનો ત્રાસ રૂપ નીવડે. તેથી તેઓ ગામમાં આહાર લેવા જવાને બદલે જંગલમાંથી આહાર મેળવી લેતા.

જંગલમાં વસવાટ વધવાથી, પોતાના અતિશય આત્મીયતાને લીધે પશુ, પક્ષી તેમની પાસે નિર્ભય બની આવવા લાગ્યા, ને બળરામની પાસે સિંહ, વાઘ, મૃગલાં બધા જ આવીને બેસે છે. તેમાં એક મૃગલું બળરામની સેવા કરવા લાગ્યું. જંગલમાં કોઈ મુસાફર આહાર

કરતો હોય તે જોઈને હરિણિયું દોહતું આવે અને બળરામ મુનિના પગ ચાટે એટલે બળરામને ખ્યાલ આવે કે વહોરવા જવાનું છે. જ્યારે બળરામ મુનિ વહોરતા હોય ત્યારે હરણિયાને વિચાર આવે કે "હું મનુષ્ય હોત તો મુનિને વહોરાવત."

કરવુ, કરાવવુ ને અનુમોદન–એ સરખાં ફળ ઉપજાવે. હરણિયું મુનિને આહાર આપી શકતું નથી, પરંતુ તે અપાવવા પ્રયત્ન કરે છે. આહાર આપનાર ઉલ્લાસથી મુનિને વહોરાવે છે. આમ આ મુનિ, વહોરાવનાર ને હરણિયું ત્રણે ઊભા છે, ત્યાં ઝાડની ડાળી તૂટી પડતાં ત્રણે મૃત્યુ પામીને દેવલોકમાં જાય છે. આમ ભાવના ભાવનાર પર ઉત્તમ ફળ મેળવે છે.

૦

અશુભ કર્મના ઉદય વખતે શુભ વિચારો કરવાથી અશુભ કર્મ શુભમાં ફેરવાઈ જાય છે, પ્રતિકૂળતામાં પણ અનુકૂળતા આવી જાય છે. નવકાર મંત્રના પ્રભાવથી અનિષ્ટ દૂર થઈ જાય છે અને ઈષ્ટનો સંયોગ થાય છે.



૯૭ ✿ સારપ

નાના મોટા—આબાલવૃદ્ધ દરેકને સારું થવું ગમે છે. ગાંડા પણ પોતાની જાતને સારા જ સમજતા હોય છે. ગાંડાઓની સાથે જે ડૉક્ટરો સતત રહે છે, તેમાંથી કોઈક તો ગાંડા જેવા બની જાય છે. ગાંડામાંથી ડાહ્યા થયેલને ગાંડાના સુપ્રીન્ટેન્ડન્ટ બનાવવામાં આવે છે.


મોઢે સારું બોલનાર અનેક છે, પણ પાછળ સારું બોલનાર કોઈક જ હોય છે.

ભમરીનું ધ્યાન ધરતાં ઈયળ ભમરી બની જાય છે, તેમ સારાનો વિચાર કરતાં એક દિવસ સારા થઈ જવાય છે, ખરાબ જોતાં ખરાબ થઈ જશો. મોચીનું આલિંગન કરતાં અત્તરવાળાનો તમાચો સારો છે. હંસની માફક નીરક્ષીર વિવેક જાળવવાનો છે. દૂધ અને પાણીમાંથી હંસ દૂધ પીએ છે. તેમ જગતમાં સારા નરસામાં જે સારું હોય તે જ લેવું.

સંસારમાં દુર્ગુણ જોવાં એ ગટર જોવા બરાબર

છે. સદ્‌ગુણ જોવાથી ઊર્ધ્વગામી બનાય છે, દુર્ગુણ જોવાથી અધોગામી થવાય છે. જ્ઞાનીની, સુકૃત્ય કરનારની, તેમજ શ્રેય કરનારની પ્રશંસા કરવાની છે. સારા બનવા માટે પુરુષાર્થ કરવાનો છે, કદાચ મુસીબત આવી પડે તો મૂંઝાવું નહીં. વીસ રોટલી સારી બની હોય તો તેમાં એકાદ દાઘવાળી બની જાય. જગતમાં પૂર્ણ તો ફક્ત ભગવાન છે, બાકી બધા અપૂર્ણ છે. આત્માને સારો શુદ્ધ બનાવવાનો છે, શાશ્વત્ સુખી બનાવવાનો છે, તે માટે પ્રયત્ન કરશો તો કર્મનાં વાદળ વીખરાઈ જશે. ને ઝગ-ઝગતો આત્મા પ્રકાશી રહેશે. તેથી સારા બનો, સારૂં બોલો, સારૂં આચરો; સારા થવામા સફળતા છે, સિદ્ધિ છે. સારા બનવા સાહસ ખેડવું પડે, પણ અંતે જીવન મીઠાશ ભરેલ બનશે. આજને સારી બનાવશો તો આવતી કાલ સારી હશે. આ જીવન સારૂં બનાવશો તો પછીનું જીવન સુંદર હશે.

> પ્રેયસમાં મન દોડે છે, શ્રેયસમા આત્મા દોડે છે. મનને ભમતું રાખવાથી આપણું અધઃપતન થાય છે. ચંચળ મનને જીતવાનું છે, કેળવવાનું છે. મન અને પાણી જો ઢાળ મળે તો નીચે ઉતરી જાય છે. ભક્તિના પંપથી મનને ઉપર લઈ જવાનું છે. મનને સાધ્યું, તેણે સર્વ સાધ્યું.



૯૮ ☼ દુર્લભ

મનુષ્યજન્મ, શાસ્ત્રોનું શ્રવણ, શ્રદ્ધા અને ચારિત્ર—એ ચારે દુર્લભ છે. જ્ઞાની કહે છે કે પૈસા કિંમતી છે, પણ તે મનુષ્યજન્મને લીધે જ છે.

પૈસા કરતાં પૈસાને સમજનારની કિંમત વધારે છે. જગતમાં મોંઘામાં મોંઘો જન્મ મનુષ્યજન્મ છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીમાં કરોડો વર્ષ વીતાવ્યાં પછી ઘણાં ઘણાં દુઃખો સહન કર્યાં પછી મનુષ્ય જન્મ મળે છે. આપણને મીઠાઈની કિંમત છે, પણ તેમાં કીડીઓ મરી જાય તેની કિંમત નથી.

આપણને તડકો ગમતો નથી, ઠંડક ને ગળપણ ગમે છે. તેમ કીડીને તડકો ગમતો નથી, પણ ઠંડક ને ગળપણ ગમે છે. ગળપણ હોય ત્યાં સંખ્યાબંધ કીડીઓ આવી જાય છે. રેતીમાંથી ખાંડના કણ કીડી શોધી શકે છે. માનવી કરતાં કીડીની ઘ્રાણેંદ્રિય વધારે સતેજ હોય છે. માનવી કરતાં વધારે દોડાદોડ કીડીઓ કરે છે એટલે કે કીડી અને માનવીમાં આત્મા સમાન છે.

મનુષ્યજન્મ ઘણા પુણ્યના પૂંજ ભેગા કર્યા પછી પ્રાપ્ત થાય છે. તે મેળવવા અનંતાઅનંત જીવો પ્રયત્ન કરી રહ્યા છે. પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને વનસ્પતિના જીવોને મનુષ્યજન્મ જોઈએ છે.

મૃત્યુ આવે ત્યાં સુધી નોટોની પાછળ જીવનને વેડફવાનું નથી, કારખાનાં અને ફેક્ટરીઓમાં જીવનને ખર્ચી નાખવાનું નથી, ઘડપણમાં બને તેટલું આત્મધન ભેગું કરી લેવાનું છે. જિંદગીમાં બહુ જ થોડા દિવસો આત્મા માટે આપણે વાપરીએ છીએ. આખા જગતની ચિંતાઓમાં સમય પસાર નથી કરવાનો.

મનુષ્ય જન્મમાં જ પોતાનું દુઃખ વ્યક્ત કરી શકાય છે. બળદને તરસ લાગી હોય અને પેટમાં શૂળ આવતી હોય તે વખતે તે જરા ધીમો ચાલે તો ઉપરથી તેને ચાબખા પડે છે. સુખ દુઃખ વ્યક્ત કરવાની શક્તિ માત્ર મનુષ્યને જ મળી છે. પશુઓને દુઃખદર્દ થાય તો તેઓ તે કહી શકતા નથી. જ્ઞાન, વ્યાખ્યાન અને શ્રવણથી મનુષ્યભવ મધુર બનાવવાનો છે. તપ, ત્યાગથી આગળ વધવાનું છે.

તેજોલેશ્યામાં ઝગઝગાટ છે, સૂર્ય જેવું તેજ છે; જ્યારે શુક્લલેશ્યામાં શીતળતા છે, ચંદ્ર જેવું તેજ તેમાં છે. સૂર્ય સામે કોઈ જોઈ શકતું નથી, અને ચંદ્ર સામે કલાકો સુધી જોવાથી આંખને ટંડક મળે છે.



૯૯ ☼ ધન્યતા

માનવે પોતાના જીવનને ધન્ય બનાવવાનું છે. કરુણા, સરળતા, મૃદુતા અને નિર્ભયતા આપણા જીવનમાં હોવા જોઈએ. ગુણનાં સાથેના મેળવવામાં આપણે સદ્ગુણોને ખીલવવા જોઈએ છીએ. જ્યારે લાભ મેળવવા જઈએ ત્યારે આપણે બીજાને નુકસાન કરી બેસીએ છીએ. આપણે પાપ કરતાં અટકી જઈએ તો તે પુણ્ય કર્યા બરાબર છે.

નાનકડું ગુલાબનું ફૂલ હોય છતાં દરેકને તે ગમે છે, કારણ કે તેનામાં કોમળતા, સુવાસિતતા અને સૌંદર્ય છે; તે પ્રમાણે જેનું હૃદય પુષ્પ સમાન કોમળ હોય તે માણસની સુવાસ ચારે બાજુ પ્રસરે છે.

સહન કરવામાં વજ્ર જેવા કઠોર થવાનું છે. અન્ય પ્રત્યે ફૂલ સમાન કોમળ થવાનું છે. જેવી રીતે કોમળતા બીજાનું ધ્યાન ખેંચે છે, તેવી રીતે સુંદરતા પણ બીજાનું ધ્યાન ખેંચે છે. યોગીઓની સૌમ્ય મૂર્તિને જગત પૂજે છે.

સુંદરતાનો જન્મ કોમળતામાંથી થાય છે. કર્કશતા દુનિયામાં કોઈને ગમતી નથી. ઘરમાં શાંતિ જોઈતી હોય તો પહેલાં કર્કશતા દૂર કરીને મધુરતા વાણીમાં લાવવી.

જોઈએ. ગાડામાં ચાલતી વખતે અવાજ આવતો હોય તો તે કોઈને ગમતો નથી.

ભોગનાં સાધનોમાં કાપ મૂકીને સ્વાર્થી ન બનતાં બીજાને મદદ કરવી જોઈએ. તે માટે ઉપરથી કડણ અને અંદરથી પોચા કોપરાવાળા નાળિયેર જેવા બનવાનું છે. જે માણસે આગળ વધવાનું છે, તેને નાળિયેર જેવા બનવાનું છે અને હૃદયને કોમળ ને મૃદુ રાખવાનું છે.

આજે એમ વિચારવાનું છે કે અત્યારે હું સુખી છું પણ જગતમા દુ:ખી કેટલા છે? મારે નહો જોઈએ છે, તો બીજાને પણ નહો જોઇએ છે. થોડી કમાણીમાં માનવતા છે. આજે વધારે કમાણીમા માનવતા ચાલી ગઈ છે.

બાળક કોમળ છે. માટે તે દરેકને ગમે છે. તેમ તમે કોમળ બનશો, તો દરેકને ગમશો. સુગંધી પદાર્થો કોમળ ને પોચા હોય છે. ફૂલ કોમળ અને સુવાસિત છે.

> ફૂટબોલ વિચારે છે કે મને આખી દુનિયા લાતો કેમ મારે છે? તત્ત્વજ્ઞાની કહે છે કે 'તારામા અહંકારની હવા ભરેલી છે, તેથી તને બધા લાતો મારે છે, જો તું તે હવા કાઢી નાખશે તો તને કોઈ લાતો નહીં મારે.'



વિચારો તો સારા જ રાખવાના છે. સારા વિચારોથી વાણી સારી થશે, વર્તન સારું થશે. તેની સુવાસ ચોતરફ ફેલાશે. કોઈ વાર ભૂલ થાય તો તેનો પશ્ચાત્તાપ થવો જોઈએ. જેમ ઘઉંમાંથી કાંકરા કાઢી લો, તો રોટલી સારી બનશે. તેમ વાણીમાંથી કાંકરા જેવા કર્કશ શબ્દો કાઢી નાખો. તે માટે આપણે આપણી ભૂલોને સુધારવાની છે.

શાસ્ત્રરૂપી અરીસો આપણી ભૂલોને બતાવે છે. આપણી આંખો જગતને જોઈ શકે છે. પણ પોતાને જોઈ શકતી નથી. પોતાને જોનાર તો પ્રભુની વાણી જ છે. આપણા દોષને આપણે જોઈ શકતા નથી, પોતાનો ન્યાય તોલનાર તો પ્રભુ જ છે. જ્ઞાનના અરીસામાં આત્માને જોવાનો છે. માણસાઈ છે કે નહીં તે અરીસામાં દેખાય છે. સાદા અરીસામાં માનવની આકૃતિ દેખાય છે, પણ અંદર દાનવતા હોય તો તે જણાતી નથી. બીજાનો વિચાર પહેલાં કરવાનો છે, બીજાને દુઃખ થાય તેવું બોલવાનું, કરવાનું કે આચરવાનું નથી. બીજાને દુઃખી કરી અભિમાની

બનવાનું નથી. આવા થોડા સમય સત્તા પ્રભાવ દર્શાવી શકે. અજ્ઞાન જ આવા વિચારો આપે છે. અમાસની રાત્રે તારાઓ મલકે છે કે અમારું તેજ કેવું સુંદર છે! રજની-પતિ આવે છે એટલે તારાઓ સામું કોઈ જોતું નથી અને પછી ચંદ્ર મલકાય છે; પણ સવાર પડતાં સૂર્ય ઉગતાં ચંદ્ર ફીક્કા રોટલા જેવો બની જાય છે. આપણો દહાડો ઉત્કર્ષવાળો હોય ત્યારે સારાં કામ કરીને સેઇફ ડીપોઝીટમાં મૂકી દેવાનાં છે. સારાં કામ પહેલેથી કરી લેવાનાં છે, તેનો વાયદો નથી કરવાનો, નહિતર વિચાર બદલાઈ જશે તો કાર્ય અટકી જશે.

સારા કામમાં ને સારા વિચારોમાં વિઘ્નો ઘણાં જ આવે છે. માટે સારા વિચારોને સારા કાર્યમાં ફેરવી નાખી સદ્‌ગુણો ને સદ્‌લાગણી એકત્રિત કરો તેથી જીવન મઘમઘતું બનશે.

O

કોલસા વેચનો વેપારી સ્નાન કરીને સુંદર કપડાં પહેરીને બહાર ફરવા નીકળે છે, ત્યારે તે સુખનો અનુભવ કરે છે, તેમ ઇન્દ્રિયોમાંથી, કામ ભોગમાંથી બહાર નીકળીને અનાસક્ત બનનો આત્મા સુખનો અનુભવ કરે છે.



૧૦૧. ✲ ચારિત્ર

ચારિત્ર સ્વર્ગના સુખ માટે નહીં, પણ મનની શાંતિ માટે છે. આ આત્મા અનાદિકાળથી અશાંત બન્યો છે, તેને શાંતિ આપનાર ચારિત્ર જ છે. સંસારની નિવૃત્તિ જ શાંતિ અપાવે છે, અને મોક્ષને અપાવનાર ત્યાગ છે. દેવલોકમાં પણ જીવન અશાંત થઈ જાય છે. સંયમનો રંગ આપણને મુક્ત બનાવે છે અને પરિગ્રહના બંધનમાંથી છોડાવે છે.

આપણે રંજન છીએ, પ્રભુ નિરંજન છે. સંયમના રંગ જેવો બીજો કોઈ રંગ નથી. સંયમના સુખ આગળ સંસારના કે દેવલોકના એકે સુખની સરખામણી થઈ શકતી નથી.

ચારિત્રમાં છોડવાનું થોડું છે, મેળવવાનું ઘણું છે. ચારિત્રમાં જે મેળવીએ તે સાથે આવે છે, સંસારમાં જે મેળવીએ, તે કાંઈ પોતાની સાથે આવતું નથી. સંસારમાં આખો દિવસ અશુભ પ્રવૃત્તિમાં પસાર થાય છે. ચારિત્રમાં આખો દિવસ શુભ પ્રવૃત્તિમાં વ્યતીત થાય છે. અનુત્તરના દેવો એક વર્ષમાં જે સુખો ન ભોગવે, તેટલાં સુખો એક દિવસના ચારિત્રમાં છે.



૧૦૨ ☆ સાધુ ને સંસારી

સહન કરે તેનું નામ સાધુ છે. ક્ષમાશ્રમણ એટલે જ સાધુ. સાધુમાં ક્ષમા હોય, સમજણ હોય. સંસારીમાં સમજણ જોઈએ તેવી હોતી નથી. સાધુ તો ચંદન જેવા છે. કુહાડાના મુખ જેવાને ને સુવાસિત કરે છે. વેશથી નહીં, પણ ઉપયોગથી સાધુને જાણી શકાય છે.

સાધુનો આનંદ અંદરની સમજણમાંથી આવે છે. તેમના જીવનમાં આત્મરમણતા હોવાથી આખું જીવન સંતોષમય હોય છે. અહીં છે સ્વ ઉદયની ભાવના ને તેમાં અંતર્ગત રહેલ છે સર્વોદયની ભાવના.

સમ્ સરતિ ઇતિ સંસારી. સંસારીઓ ફરતા જ હોય છે. એક ભવમાંથી બીજા ભવમાં ફરવાનું હોય છે. હું તો આ દુનિયાનો રહેવાસી નથી, પણ પ્રવાસી છું.

ભાઈ, તું તો કમળના પાંદડા પર પાણીના બિંદુની માફક બેઠો છું, તો જે સારું કામ કરવાનું હોય તે જલદી કરી લે, કારણ કે જવાનો ટાઈમ નક્કી નથી. પણ જવાનું છે, તે સાચું છે.

આપણું આખું જીવન સંસારની દરેક વાતોમાં આસક્ત છે. સંસારીને ફરવાના સ્થાન ચોરાસી લાખ જીવયોની છે.



૧૦૩ ✲ સમ્યજ્ઞાન

જ્ઞાનના અંજનથી આત્માની પંગુતા દૂર થાય છે. વિદ્યાના અંજનથી આત્માના અંતરનું તિમિર દૂર થાય છે. સંસારમાં માનવી જન્મથી પ્રાકૃત હોય છે, અને વિદ્યાથી તે સંસ્કારી બની જાય છે. માનવતા આવતાં દાનવતા ચાલી જાય છે. લોટને કેળવવાથી રોટલી સુંદર બને છે, તેમ જીવનને કેળવવાથી જીવન સુંદર, સંસ્કારી ને શુદ્ધ બને છે. કેળવવું તેનું નામ જ કેળવણી છે અને કેળવાયેલ જીવન ઉત્તમ બની જાય છે.

જ્યાં કેળવણી, સંસ્કાર અને ત્યાગ હશે, ત્યાં જીવન ધન્ય અને પવિત્ર બનશે.

જ્ઞાનની ઉપાસના કરનારે જ્ઞાનીની અને જ્ઞાનનાં ઉપકરણોની પૂજા કરવી જોઈએ, જ્ઞાનીનું બહુમાન કરવું જોઈએ. ઊંચે સ્થાને બેસી શ્રેણિક ચાંડાળ પાસેથી વિદ્યા પામી શકતો નથી, પણ ચાંડાળને ઊંચે સ્થાને બેસાડ્યો પછી શ્રેણિક તેની પાસેથી વિદ્યા પામી શક્યો.

❦



૧૦૪ ☆ સાધુ

પોતાના (સ્વના) અર્થીને સ્વાર્થી કહેવામાં આવે છે. સ્વ એટલે ચૈતન્ય. પર એટલે બાહ્ય વાતો. દુનિયાનો અર્થી સ્વાર્થી અને સ્વનો અર્થી સ્વાર્થી છે, પણ તે બન્ને સ્વાર્થીમાં ઘણો ફેર છે. જગતના માણસો અને સાધુ સંતો બન્ને સ્વાર્થી, પણ સંસારી ફોતરા સમાન છે અને સાધુ દાણા સમાન છે.

અર્થની પ્રધાનતા દુનિયામાં ખુબ જ છે;

બાહ્ય પદાર્થોની મમતાથી મોક્ષ દૂર ચાલ્યું જાય છે. "મારે જવાનું છે અને ચોક્કસ જવાનું છે" તેમ છતાં બાહ્ય પદાર્થોની મમતા ઓછી થતી નથી.

આત્માને ઓળખીને આત્માની સાધના કરનાર સાધુ સાચા સ્વાર્થી છે.

સ્વનો એટલે આત્માનો વિચાર જીવનભર કરવાનો છે. આત્માના વિચારથી મરતી વખતે આનંદથી મરાય છે. સાધુ મરી જાય ત્યારે કોઈ રડતું નથી, કારણ કે તેમનું જીવન સાધનામાં પસાર થયેલ હોય છે. સાધુ

૧૦

[illegible]
સમતા ભાવ હોય છે, તેઓનું જ્ઞાન આત્મામાં પ્રકાશ રહેલું છે, તેથી તેમના મરણ બાદ "જય જય નંદા, જય જય ભદ્દા"ના નાદ થાય છે, અને તેમનો દેહ ચંદનથી બળાય છે.



ઉપાધ્યાય

સમાજ અને શિષ્યોને પાઠક-ભણાવનાર ઉપાધ્યાય ભગવંત છે. ખરબચડા લાકડાને પોલિસ કરીએ તો તે સરસ લીસું બની જાય છે. માટીમાંથી મહા માનવ બનાવનાર ઉપાધ્યાય ભગવંત છે.

વૃક્ષને ઉપરથી તાપ પડે છે, પણ નીચે શીતળતા હોય છે. એથી જ કેરી પાકે છે. ઉપાધ્યાય ભગવંતો કદાચ બહારથી ગરમ થાય તોપણ અંદરથી શીત હોય છે.

ઉપાધ્યાયનો વર્ણ લીલો છે. લીલા રંગની જેમ ઉપાધ્યાયનું હૃદય જ્ઞાનથી લીલુંછમ રહે છે. સ્વાધ્યાયમાં જેનું મન લીન બની જાય છે, તેવા ઉપાધ્યાય જગતમાં માનરૂપ છે.



૧૦૫ ✡ યોગ

યોગના પ્રવાહમાં જે આત્માને ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરવી છે, તે આત્માને પાપના પ્રવાહો રોકવા પડે છે, આશ્રવના કારણોને રોકવાના છે, સંવરથી આશ્રવનું રોકાણ થાય છે.

મનને, વચનને અને કાયાને ગોપવવાના છે. કાચબાની માફક ઇન્દ્રિયોને ગોપવવાની છે. વચનને મૌન આપો, ઇન્દ્રિયોને સંયમમાં રાખો, અને મનને જીવનના ધ્યેય માર્ગે દોરો.

ઇન્દ્રિયોને બંધ રાખવા માટે ગુપ્તિની જરૂર છે. ઇર્યાસમિતિપૂર્વક ચાલવાનું છે. મનનો તવો જો શાંત ન હોય, તો તેને પહેલાં ધર્મથી શાંત કરવાનો છે; નહિતર તેવા તવા ઉપર સારી વસ્તુ પણ બળી જાય છે.

યોગની શક્તિ અદ્ભુત છે. દુનિયાની વિપત્તિ રૂપી વેલડીઓ છેદવા માટે યોગ કુહાડીરૂપ છે. યોગથી ચંચળ મન સ્થિર બને છે. યોગીઓ મનના શિલ્પી પેઈન્ટર છે.

o



૭૦૬ ✿ વિચાર

વિચારોનું બળ મોટી ગણાય છે, આત્મયોગ કરતાં પણ વધારે બળવાન વિચારો છે. વિચારોને ધીમે ધીમે શુદ્ધ ને સાત્ત્વિક બનાવવાના છે. વરાળથી મોટા એંજિનો ચાલે છે. શૂન્યતાના વિચાર નહીં, પણ સબળ વિચાર કરવાના છે.

મહાપુરુષ એ પ્રબળ વિચારોનું સંતાન છે. રેડિયો સ્ટેશનથી પ્રસરતો અવાજ દુનિયાના ખૂણે ખાંચરે પહોંચી જાય છે, તેમ આપણા વિચારો આખા વિશ્વમાં પ્રસરી જાય છે.

વિચારોને જેમ બને તેમ સુવાસભર્યા બનાવવાના છે, જેથી જીવન સુવાસભર્યું બની જશે.


જે બીજાનું બૂરું વિચારે છે, તેનું તો પહેલાં જ બૂરું થઈ જાય છે. એક ઘાંચીને બળદ હતો અને કુંભારને ગધેડો હતો. ઘાંચી મુસલમાન હતો તેથી અલ્લાહને બંદગી કરે કે કુંભારનો ગધેડો મરી જાય તો સારું. પણ થોડા દિવસમાં ઘાંચીનો બળદ મરી ગયો. બીજાનું બૂરું ઇચ્છતાં આપણું જ બૂરું થઈ જાય છે. દિવાસળી પોતાનું

મોઢું બાળીને જ બીજાને બાળી શકે છે. ભલાઈથી જ આપણું ભલું થાય છે, અને બુરાઈથી જ આપણું બૂરું થઈ જાય છે.

વિચાર સૂક્ષ્મ છે, અને વસ્તુ સ્થૂળ છે. સ્થૂળની શક્તિ ઓછી છે, અને સૂક્ષ્મની શક્તિ વધારે છે. જેમ સૂક્ષ્મતા વધતી જાય તેમ તેમ શક્તિઓ વધવા માંડે છે. વસ્તુ કરતાં ક્રિયા સૂક્ષ્મ છે, પણ ક્રિયા કરતાં વિચાર વધારે સૂક્ષ્મ છે. કાર્ય પોતે ખરાબ નથી. તેના ખરાબ વિચારો ખરાબ કામ કરાવે છે.

માબાપ કે મોટા ઘરમાં અસત્ય બોલશે, તો તેની અસર બાળક પર થવાની ને તે અસત્ય બોલતાં શીખશે. નાના બાળકોને એવી રીતે કેળવવા કે "તમે અસત્ય બોલશો, તો તમને સજા કરીશું, અને સત્ય બોલશો તો ગમે તેટલું નુકસાન થાય છતા અમે તમને સજા નહીં કરીએ."

બાળકોને જૂઠું બોલવાની ટેવ પહેલાં તો આપણે પાડીએ છીએ અને પછી બાળકોનો વાંક કાઢીએ છીએ. ઘરમાં પતિ–પત્ની એકબીજાથી કાંઈ ને કાંઈ છુપાવતાં હોય તો તે અસત્યનો દુર્ગુણ બાળકમાં ધીમે ધીમે આવી જાય છે. બાળક તો નેગેટીવ ફિલ્મ પ્લેટ સમાન છે.



૧૦૭૦ આત્મોદ્ધાર

માણસે પોતાનું અસ્તિત્વ
[illegible] જીવવાનું છે. [illegible] આત્માને માટે
[illegible] જીવવાનું છે. [illegible] ભૂલવાનો નથી અને
[illegible] નથી કરવાનું, પણ [illegible] આખું જીવન
જીવવાનું છે.
પણ આત્માનો ઉદ્ધાર કરવા માટે

આત્મા છે તો પરમાત્મા છે, અને આત્મા છે તો
ધર્મ છે. આપણા આત્માનો ઉપયોગ પાપની પ્રવૃત્તિમાં
થાય તો આત્મા પાપી બની જાય છે, પણ જો આત્માનો
ઉપયોગ ધર્મમય હોય તો આત્મા ઉચ્ચ બની જાય છે.

આત્માનો મિત્ર આત્મા જ છે, અને શત્રુ પણ
આત્મા જ છે. આત્માને વિવેકી અને જ્ઞાની બનાવવો
પડશે. અવિવેકી આત્મા શત્રુ બની જાય છે. લોભથી
મમ્મણ શેઠનો સંસાર વધી ગયો. એક સાધુ ક્રોધના
આવેશથી થાંભલા સાથે અથડાઈને ચંડકૌશિક નાગ થયા.
માયાથી મલ્લિ કુંવરીને સ્ત્રીનો અવતાર લેવો પડયો. માનથી
બાહુબલીને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું ન હતું. આત્મોદ્ધાર
માટે બધે વિવેકની જરૂર છે.

ગળું કાપનારા શત્રુ કરતાં અવિવેકી આત્મા ઘણું નુકશાન કરે છે.

સમ્યક્ત્વ જ્યારે પ્રાપ્ત થાય છે. ત્યારે આત્મા સ્થિર બને છે, ઉર્ધ્વગામી બને છે ને સમ્યક્ત્વ આવતાં બધી ધર્મક્રિયાઓ ફળદાયી બને છે. સમ્યક્ત્વ તો નાક જેવું છે. તે આવતાં વિવેક જાગી જાય છે. ક્રિયામાં અભિમાન અને તપશ્ચર્યામાં ક્રોધ આવે તો સમજવું કે હજુ આપણામાં સમ્યક્ત્વ આવ્યું નથી. ધર્મક્રિયા ધાંધલ નથી, પણ આત્માની શાંતિનો માર્ગ છે.



તૃષ્ણા મનુષ્યને મરતાં લગી છોડતી નથી. દુનિયાનું બધું સોનું અને ચાંદી માનવીને મળી જાય તોપણ તેની તૃષા કોઈ દિવસ છિપાતી નથી. દાંત જાય છે, વાળ કાળા થઈ જાય છે, શરીરનું તેજ જાય છે, તોપણ મનુષ્યની તૃષ્ણા છીપાતી નથી. ગઈ કાલે એકદમ ભૂખ્યા થયા હોઈએ અને પછી જમીએ પણ પાછા આજે તો ગઈકાલ જેવા જ ભૂખ્યા થઈ જઈએ છીએ. અનંતાકાળથી ખાધેલા ખોરાકને ભેગો કરીએ તો એક મોટો ડુંગર થઈ જાય. આમ તૃષ્ણાનો નાશ નથી.



૧.૦૮ ☼ સાધના

આપણે જીવનમાં બગાડી ગયેલા દિવસોને યાદ કરીને આપણે વર્તમાનને બગાડી નાંખવાનો નથી. જેમ ડાયરી-માંથી નકામાં પાનાં કાઢીને બાકીનાં પાનાંનો સદુપયોગ કરીએ છીએ, તેમ જેટલું બચેલું જીવન બાકી છે, તેને સુધારી લેવાનું છે અને વર્તમાન તથા ભવિષ્યને ઉજ્જવળ બનાવવાના છે. તે બનાવવા માટે સતત સાધના કરવાની છે, પુરુષાર્થ કરવાનો છે.

જેને આ જગતમાં તૃષ્ણા નથી, તેને કોઈ કામ અઘરું લાગતું નથી. દેહની તૃષ્ણા ઘટાડીને આત્મજાગૃતિનો જ વિચાર કરવાનો છે. સંસાર પર વિજય મેળવવા માટે પણ શરીરને એક બાજુ મૂકવું પડે છે. લડાઈમાં પણ મરણીયા થવું પડે છે. તો આત્મા પર વિજય મેળવવા શું શું ન કરવું પડે?

દરેક કાર્યમાં પ્રાણ રેડવો પડે છે, અને પછી જ તે કાર્યની સફળતા મળે છે.



પદ્મપત્ર



૧ ઘડિયાળ

ડાહ્યા અને ગાંડામાં શો ફેર ? બન્નેને ઘડિયાળની સાથે સરખાવાય. ઘડિયાળમાં નાનો કાંટો ડાહ્યો છે અને મોટો કાંટો ગાંડો છે. મોટો કાંટો ઉતાવળીયો છે અને નાનો કાંટો શાંત છે. મોટો કાંટો ઉતાવળથી આખું ચક્કર ફરે ત્યારે નવથી દશ વાગે છે, જ્યારે નાનો કાંટો ૯ થી ૧૦ ઉપર જ ફરે છે, ત્યારે એક કલાક થાય છે. જેમ ઘડિયાળની કમાન છટકી જાય છે, તેમ આવા ઉતાવળિયા માણસ પોતાના મગજની સ્વસ્થતા ગુમાવે છે.

૨ શબ્દની શક્તિ

જેમ વરાળમાં કચરો આવી જાય ને એન્જિન અટકી જાય, તેમ મનમાં કચરો ભરાય તો તે અટકી જાય, માટે શુભ ભાવથી તેને શુદ્ધ રાખો. મનમાં અશુભ ભાવ થઈ જાય તો તેને બોલી જવું નહિ, પણ મનમાં પાછું ખેંચી લેવું. ડાહ્યા માણસો વિચારીને બહુ જ થોડું બોલે છે, પાગલ જેમ તેમ બોલે છે.

શબ્દોની તાકાત દુનિયામાં ઘણી જ છે. બગડેલા વાતાવરણને સુધારવાની તાકાત સુયોગ્ય રીતે વ્યવસ્થિત બોલાયેલા શબ્દોમાં છે.



3 આચાર્ય

આચાર્ય તે મુનિઓની તારાઓમાં ચંદ્ર જેવા જોઈએ. જગતને અજવાળનાર દીવા સમાન આચાર્ય જ છે. સ્વદર્શન અને પરદર્શન જાણનાર આચાર્યને હોવા જોઈએ. આચાર્યની પાસે જગતના બધા જ પ્રશ્નોના જવાબ હોય છે. શાસનના રાજા તે આચાર્ય છે. તેથી આચાર્યનું સ્થાન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. પાંચ મહાવ્રતથી તેમનો પ્રભાવ શ્રેષ્ઠ હોય છે.

*

૪ ભાઈબીજ

પ્રભુ મહાવીર નિર્વાણ પામ્યા, ત્યારે મોટાભાઈ નંદીવર્ધનને વધારેમાં વધારે વિષાદ થાય છે. નંદીવર્ધન વ્યાકુળ બની જાય છે, અને આંસુની નદીઓ વહાવી રહ્યા છે. ભગવાન પ્રત્યેનો રાગ તેમને રડાવે છે. તે સમયે ભગવાનની બેન નંદીવર્ધનને સમજાવવા આવી. બીજે દિવસે નંદીવર્ધનની બેન પ્રિયદર્શના પોતાને ઘેર બોલાવીને સુંદર ભોજન જમાડે છે. તે સમજાવે છે : 'રડવું કોના માટે ? રડે છે કોણ ? શા માટે રડવું જોઈએ ? આથી નંદીવર્ધનને શાંતિ વળી અને બેનને ત્યાં ભાઈએ ભોજન લીધું, તેથી આ દિવસ પ્રખ્યાત થયો ભાઈબીજ તરીકે. બેને સમજાવ્યું : 'મરતું કોઈ નથી. આત્મા તો અમર છે.' આથી ભાઈનો વિષાદ દૂર થઈ ગયો.



૫ એક

જેમ ગાડીમાં એક મુખ્ય છે, તેમ માણસને ગુરુ રૂપી એકની જરૂર છે. તેમના ઉપદેશથી તેનું જીવન અંકુશમાં રહે છે, અને તેને કદી લપસી જવાનો વખત આવતો નથી. રાજાઓની શક્તિને નિયંત્રિત કરનાર ગુરુ હોવા જોઈએ. શ્રીકૃષ્ણ પણ શ્રીનેમજીને આદરણીય માનતા, શ્રેણિકે મહાવીરનું આલંબન લીધું હતું, કુમારપાળ હેમચંદ્રાચાર્યની સલાહ લેતા. શિવાજી સમર્થ રામદાસની સલાહ અનુસરતા.

•

૬ સામાયિક

મનયોગ, વચનયોગ ને કાયયોગનું ધ્યાન રાખીને સામાયિક કરવાનું છે. સામાયિકમાં સાવદ્ય વચન બોલવું જોઈએ. સામાયિક પ્રેમથી, ઉત્સાહથી ઉલ્લાસથી, ઉમંગથી કરવું જોઈએ, તેનાં ઉપકરણો શુદ્ધ, ને સારાં હોવાં જોઈએ. ૪૮ મિનિટ પૂરી થાય એટલે સામાયિક પતવું જ જોઈએ. ક્રિયામાં ઉપયોગ ખૂબ જ જરૂરી છે. પૌષધમાં ઉપયોગ હોય છે. પૌષધ આરાધના કરવા માટે જ છે.



૭ તાકાત

જીવનમાં અમુક પળમાં મૌન સેવવું જરૂરી છે. જે વિચારો છે, તેમાંથી એક તાકાત ઊભી થાય છે. વરાળથી એંજિન ચાલે છે. માણસના મગજમાં રહેલા વિચારોની તાકાત ચાલે છે.

માણસને નિર્ભય બનવાનું છે, સત્યના પ્રકાશમાં આગળ જવાનું છે. આનંદ શક્તિ ખીલવવાનો આ માર્ગ છે. જે વિચારોને જીતે છે, તે જ જગત જીતે છે. રાત્રિની ઊંઘ દિવસના વિચારોના પડઘા છે.

*

૮ બદલો

પ્રેમ બદલો નથી માગતો, જ્યારે રાગ બદલો માગે છે. પ્રેમમાં ફરિયાદ નથી, જ્યારે રાગમાં ફરિયાદ છે. વેશ્યાને ત્યાં જવાની ના પાડનાર માનું કાળજું કાઢવા વેશ્યાએ માના કાળજાની યુવાન પાસે માગણી કરી. આવેશમાં અને આવેશમાં માને મારી તેનું કાળજું વેશ્યાને આપવા જતાં, રસ્તામાં તેને ઠેસ વાગી ને તે પડી ગયો, ત્યારે કાળજું બોલે છે કે "ખમ્મા, મારા બાળ." આ અવાજથી દીકરાની આંખ ઉઘડી ગઈ. હવે દીકરાને રાગ અને પ્રેમ વચ્ચેનું અંતર સમજાયું.



૯ જીવનપ્રવાહ

માનવજીવનનો પ્રવાહ જેમ વાળશો, તેમ વળવાનો છે. એક પણ ક્ષણ જીવન વહ્યા વગર રહેતું નથી. જો સારા અને ઉચ્ચ પ્રવાહમાં જીવનને વાળવામાં આવે તો જીવન ધન્ય બને.

જેમ ટ્રેનમાં બેઠા હોઈએ, ત્યારે ઉંઘતા હોઈએ કે પાનાં રમતાં હોઈએ પણ ટ્રેન તો ચાલતી જ હોય છે, તેમ આપણે પ્રવૃત્તિમાં હોઈએ કે નિવૃત્તિમાં હોઈએ પણ જીવન તો વહી જ રહ્યું છે.

જ્ઞાનીનો પ્રવાહ દેવગતિ કે મોક્ષ તરફ જાય છે, જ્યારે અજ્ઞાનીનો પ્રવાહ નરક કે તિર્યંચ તરફ જાય છે. ધર્મ અને અધર્મથી જીવનના પ્રવાહો બદલાય છે.

•

૧૦ જયણા

જ્ઞાનીની બધી ક્રિયા નિર્જરા માટે હોય છે, કર્મ રહિત હોય છે, અને અજ્ઞાનીની બધી ક્રિયા કર્મ સહિત હોય છે. શિષ્ય ગુરુને પૂછે છે કે 'જીવનમાં ડગલે ને પગલે પાપ છે; તો જીવવું શી રીતે?' તો ગુરુ કહે છે કે 'તું જે ક્રિયા કરે તે જયણાથી કર.' ક્રિયા પર "નહીં", પણ જયણા પર ખૂબ જ ભાર, જૈન સિદ્ધાંતમાં મૂકેલો છે.



૬૧ દંભ

સહરાના રણમાં જતાં ખચ્ચર ઉપર એક માણસ બોજો મૂકે છે. પછી આગળ જતાં તડકો ધોમ ધખે છે, ત્યાં જરા પણ છાંયડો નથી, ત્યારે ખચ્ચરની છાયા નીચે તે બેસવાનું નક્કી કરે છે. એ સમયે ખચ્ચરનો માલિક કહે : હું ખચ્ચર નીચે બેસું, કારણ કે ખચ્ચર મારું છે. પેલો બોજો મૂકનાર કહે : "હું છાયા નીચે બેસું, કારણ કે ખચ્ચરનું ભાડું મેં આપ્યું છે." આમ બેસવા માટે બન્ને ઝગડે છે અને તેવામાં બોજા સહિત પેલું ખચ્ચર ત્યાંથી જતું રહે છે.

આજે ધર્મને માટે આપણે લડીએ છીએ, પણ લડતાં લડતાં આપણી પાસેથી પેલો ધર્મ ચાલ્યો જાય છે. આમ આપણું જીવન દંભી બની ગયું છે. દરેક ક્ષેત્રમાં દંભ અને શબ્દોની બનાવટ દેખાય છે.

*

દુનિયામાં વસ્તુનો દુકાળ નથી, પણ માનવીના મનનો દુકાળ છે.



૧૨ પરમ તીર્થ

વિશુદ્ધ મન જ માનવીનું પરમ તીર્થ છે. તે તરે છે, અને તારી શકે છે. માનવીના સ્વપ્નોની દુનિયા ઘણી મોટી હોય છે. ભૂતકાળને વખાણવાની, વર્તમાનને વખોડવાની ને ભાવિની લાંબી આશાઓ સેવવાની આ બધી આપણી ટેવો પડી ગઈ છે. વર્તમાનને સુધારવાથી ભાવિ સુંદર બને છે. જગતની ફિકર આપણે બહુ નથી કરવાની જગત આજે લોકોની વાહ વાહ ઉપર જીવે છે. તમને તમારી જાત વગર કોઈ જ નહીં ઓળખી શકે તો તેને ઓળખી જીવનને પુષ્પ જેવું સુવાસિત બનાવો.

•

૧૩ પ્રભુનું રૂદન

ભગવાને છ મહિના સંગમના ઉપસર્ગો સહન કર્યા અને છેવટે સંગમ થાકી ગયો. અને પ્રભુની માફી માગી. ત્યારે પ્રભુની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. પ્રભુ રડ્યા તે શા માટે? પોતાને દુઃખ પડ્યું તે માટે? ના. પણ તેમને દુઃખ એટલા માટે થયું કે આ સંગમને મારો છ માસનો સંપર્ક રહ્યો છતાં બિચારો કાંઈ પામી શક્યો નહીં! તેનું શું થશે?'



નિયમિત, શાંતિપૂર્વક, સતત કરેલ
લાવી શકે છે. જેમ વલોણું કરનાર
માખણ ભેગું કરે છે, તેમ આપણા જીવ
સારું સારું તારવીને ઘડપણમાં નવનીત
ભેગું કરવાનું છે. તે માટે ભાષાને મધુર
લોકોને રાજી કરવા માટે નહીં, પણ તેમ
માટે જ વિચારો સમજણ ભરેલા હોવા
પણ બીજાને મદદગાર બને તેવું જોઈએ.
વિચારવાનું ખૂબ જ જરૂરનું છે.

*

પાંચ ઇન્દ્રિયોમાં આંખ કિંમતી
હીરાની ઓળખ કરનાર આંખની કિંમ
હીરાથી મૂલ્યવાન આંખ છે. આંખથી મૃ
છે; કારણકે પાગલની પાસે આંખ છે, પરં
નથી. આંખ તથા બુદ્ધિ કરતાં વધુ કિંમતી
છે, મડદાની કાંઈ જ કિંમત નથી. પાંચે ઇ
ભજવાના છે, તેમની અપૂર્વ, અનન્ય ભક્તિ



૧૬ આચાર

એક બહુરૂપીએ મુનિનો વેશ પહેર્યો. ત્યારે એક શ્રાવકે તેમને વહોરવા બોલાવ્યા, અને શેઠ તેમને સોના મહોર આપે છે, ત્યારે બહુરૂપી તે લેવાની ના પાડે છે. અને ચાલ્યો જાય છે.

બીજે દિવસે પોતાનું રૂપ બદલી શ્રાવક પાસે ભીક્ષા માગી, તો શ્રાવકે પૂછ્યું કે ગઈ કાલે સોનામહોર આપી, તે શા માટે ન લીધી? અને આજે તેની ભીક્ષા કેમ માગે છે? તો બહુરૂપીએ જવાબ આપ્યો કે તે દિવસે મે જૈન મુનિનો વેશ પહેર્યો હતો એટલે મારૂં વર્તન મુનિ જેવું જ હોવું જોઈએ. મુનિ કંચન-કામિનીના ત્યાગી હોય છે. આજે હું મુનિ નથી, તેથી ભીક્ષા માગી વિચાર કરતાં આચારની અસર ઘેરી પડે છે

ભરત મહારાજા અરીસા ભુવનમાં જુએ છે. ત્યારે વીંટી સરી જતાં આંગળી ખાલી ખાલી લાગે છે. ભરત મહારાજા વિચારે છે કે શોભા કોની? મારી કે અલંકારની? મારે તો મારી શોભાને હવે પ્રાપ્ત કરવાની છે, અને બધાંય અલંકારોને ઉતારી નાખ્યા ને સંયમ માર્ગ સ્વીકાર્યો. અત્યાર સુધી સંયમનો વિચાર હતો-આજે સંયમને આચારમાં મૂક્યું.



૧૭ અંતરપૂ

પૂજા કરતી વખતે વિચારવાનું કે 'હું' ક્યારે પ્રભુ બનું ? પ્રભુના ગુણો યાદ કરીને આત્માને નિર્મળ કરવાનો છે.

ધૂમાડો ઊર્ધ્વગામી બને છે, તેમ ધૂપપૂજા કરતાં કરતાં આત્માને ઊર્ધ્વગામી બનાવવાનો છે. દીપક પૂજાથી પ્રકાશ મેળવી મોક્ષપ્રાપ્તિ કરવાની છે. અક્ષત પૂજા કરતાં કરતાં વિચારવાનું કે જેમ ચોખા અક્ષત–અખંડ છે, તેમ આપણા આત્માને અક્ષત બનાવવાનો છે. પ્રભુને પ્રક્ષાલ કરીને આત્માને શુદ્ધ ભાવનાનું સ્નાન કરાવવાનું છે; પણ આજે બાહ્ય પૂજા વધી ગઈ છે, અંતરપૂજા ભૂલાઈ ગઈ છે.

મંદિરમાં ધૂપ, દીપ અને ફૂલોથી વાતાવરણ સુગંધમય અને પ્રસન્ન બને છે. ફૂલ પણ ધોઈને, જોઈને અને ખીલી ગયાં હોય તેવાં ફૂલ જ પ્રભુને ચઢાવવાં જોઈએ. કાચી કળી હોય તો તે પ્રભુને ન ચઢાવવી જોઈએ. જે ફૂલ ખરી જવાનાં હોય છે તેવાં ફૂલ ખરી જતાં પહેલાં પ્રભુને ચરણે ચઢે તો તે ફૂલ પણ ધન્ય બની જાય છે.





૧૮ ગુપ્ત વૃત્તિ

જેટલું નુકસાન મનુષ્ય કરે છે, તેટલું તિર્યંચ કરતા ી. સિંહ ભૂખ લાગે ત્યારે શિકાર કરે છે, પણ મનુષ્ય ખ્યો ન હોય તોપણ તેનો શિકાર તે ચાલુ જ રાખે . મનુષ્ય સુખી હોવા છતાં, દુઃખીનો શિકાર કરતાં જરા ણ અચકાતો નથી. સિંહ શિકાર કરે ત્યારે ખબર આપીને, ગર્જના કરીને પછી જ શિકાર કરે છે. માનવી ાં છુપાઈને, વૃત્તિઓને સંતાડીને શિકાર કરે છે.

*

૧૯ દાન

ખેતરમાં વવાયેલ એક દાણો અનેક દાણા આપે છે, તેમ દાનના તો અનંતા દાણા થઈ જાય છે. પુણ્ય અહીં જ વાપરી નાખવાનું નથી, પ્રવાસ વખતે ભાથા તરીકે તે ઉપયોગમાં લેવાય છે. પુણ્યપ્રભાવથી જ લક્ષ્મી, કુટુંબ, કાયા ને કામ મળે છે. પુણ્ય પૂરું થતાં બધું જ ચાલ્યું જાય છે. વિશ્વનાં તત્ત્વોમાં પુણ્ય અને પાપ કામ કરી રહ્યાં છે. જ્યાં સુધી તેલ છે, ત્યાં સુધી જ દીપક બળી શકે છે.



२० संयम

જેટલો સંયમ વધારે તેટલું અમૃતપાન જીવનમાં વધારે. સંયમ એ પ્રસન્ન પ્રકૃતિ છે, અસંયમ એ વિકૃતિ છે. સંયમ એ અમૃતનો કુંભ છે. જે બિમાર છે, તે દવા લે છે. જે નીરોગી છે, તેને દવાની જરૂર નથી. જે લોકો વિષયમાં ડૂબેલા છે, તેને સંયમની વાત ગમતી નથી. ઇંદ્રિયોને સંયમિત રાખવાથી આત્મા ઉર્ધ્વગામી બનશે. ઘડપણમાં સંયમ કરતાં યૌવનમાં સંયમ ખૂબ જરૂરનો છે.

મમતાના તાંતણા તૂટતાં સમતા ને સંયમ આવી જાય છે.

*

२१ ઉલ્લાસ

સંયમ અને શક્તિનો ઉપયોગ અન્યના કલ્યાણ અર્થે કરવાનો છે. ફૂલ તો ચગદાઈ જવાનું કે કરમાઈ જવાનું, પણ કોઈકના હૃદયમાં સુવાસ મૂકી જવાનું છે. પ્રભુએ પોતાની શક્તિ અને આયુષ્યનો છેલ્લી ઘડી સુધી સદુપયોગ કર્યો હતો. તેથી અંત વખતે તેમના મુખ પર ઉલ્લાસ સિવાય કાંઈ ન હતું.



૨૨ વિવેક

ખાવામાં પણ આસક્તિ રાખવી નહીં જોઈએ. જેવું મળે તેવું ખાવાની તૈયારી રાખવી જોઈએ. શરીરને ભાડું આપવા તરીકે ખાવાનું છે. ખાવામાં રસથી ખાવાનું નથી. દરેક ક્ષણે વિવેક રાખવો જોઈએ. ખાતા ખાતા પણ કરગડુ મુનિ કેવળજ્ઞાન પામી ગયા.

માણસ ભોગને ભોગવતો નથી, પણ ભોગ માનવીને ભોગવી નાખે છે. ઘંટી ઘઉંને નથી દળતી, પણ ઘંટી પોતે જ દળાઈ જાય છે. ભોગ ઓછા તો તંદુરસ્તી વધારે. ભોગ વધારે તો રોગ વધારે. ભોગમા વિવેક રાખી ત્યાગને અપનાવવાનો છે.

•

૨૩ ગાંઠ

તનને કષ્ટ આપવું સહેલું છે, પણ મનને કષ્ટ આપવું બહુ જ અઘરું છે. ગાંઠને છોડયા પછી જ નાથ દોરમાંથી પસાર થઈ શકે છે. મનની રાગદ્વેષની ગાંઠ ન છૂટે ત્યાં સુધી ધર્મ ફળતો નથી.



૨૪ પારદર્શકતા

માણસ પાણી જેવો છે. પાણીને પોતાનો રંગ હોતો જ નથી, પણ જે રંગ આપો તે પાણી પકડી લે છે. પાણીનો રંગ પારદર્શક છે, પણ મિશ્રણનો રંગ તે પકડી લે છે. તેમ દરેક આત્મા શુદ્ધ ને સારા છે, પણ તેમાં કર્મનું મિશ્રણ પડેલ છે. દરેક આત્મામાં સિદ્ધત્વ પડેલ છે, તેટલા માટે સંઘ જમણથી અતિ પુણ્ય ઉપાર્જન થાય છે.

પારદર્શક આત્માને જેવું વાતાવરણ મળે તેવો આત્મા બની જાય છે. પારદર્શક આત્માને કર્મનો રંગ લાગી શકે છે.

*

૨૫ ગુરૂ વાણી

એક કલાકમાં સારા પુસ્તકનાં ૫૦–૧૦૦ પાનાં વાંચી શકાય પણ સાધુ તો એક કલાકમાં સેંકડો પુસ્તકોનો સાર આપી દે છે, માટે સંતસમાગમની ને ગુરૂવાણીની આવશ્યકતા છે.

> મન સંસારમાં હોય અને માત્ર શરીર જ ક્રિયામાં હોય તો ક્રિયા નિષ્ફળ જાય છે.



૨૬ પરસેવો

દુનિયામાં શાંતિ આપનારૂં તત્ત્વ પરસેવો છે, ન્યાય છે, શ્રમ છે. વિદ્યાધરે આપેલ સોનાનો તવો પુણિયા શ્રાવકે ન લીધો, પણ કહ્યું : મારા પરસેવા વગરનું વાપરું તો તે અયોગ્ય છે, તેથી મને મહાવીરની વાણી સારી ન લાગે, મને સામાયિકમાં મઝા ન આવે. ત્યારે વિદ્યાધરને સમજાયું કે મફતનું મળેલું નહિ લેવાની ભાવનાથી પુણિયો જગતમાં પૂજાય છે. તેથી જ ભગવાન મહાવીરે તેનાં વખાણ કર્યાં હતાં.

•

જેમ સિંહમાં સિંહપણું હોય તો તેને કોઈ છેડી શકતું નથી, પણ જ્યારે સિંહ શિયાળ થઈ જાય છે, ત્યારે સૌ તેને છેડે છે, તેમ ચૈતન્યમાં ચૈતન્યપણું હોય છે, ત્યાં સુધી પૌદ્ગલિક પદાર્થો તેને છેડી શકતા નથી.

> મનની અંદર નબળા વિચારો કરવાથી માણસ પડી જાય છે. જિંદગીમાં જે પડ્યો, તે ઊભો નહીં થઈ શકે. મનને પ્રફુલ્લિત રાખો. ઊભાને સહુ સહકાર આપે છે, બેઠેલાને કોઈ નહીં. પડનારને સ્મશાન ભેગો કરવામાં આવે છે.



૨૭ સ્વપ્નફળ

દિવસે જોયેલું હોય, સાંભળેલું હોય તેનું, માંદગી હોય ત્યારનું, ઝાડા પેશાબ દબાવવાથી કે ચિંતાથી આવતું સ્વપ્ન અર્થહીન હોય છે.

રાત્રીના પહેલા પ્રહરમાં આવેલ સ્વપ્નનું ફળ બાર માસ પછી મળે છે, બીજા પ્રહરના સ્વપ્નનું ફળ છ માસ પછી, ત્રીજા પ્રહરનું ત્રણ માસ પછી, ચોથા પ્રહરનું દસ દિવસમાં ફળ મળે છે.

સુંદર સ્વપ્નો પ્રભુ અથવા ગુરુને અથવા ગાયના કાનમાં કહી દેવાથી સુંદર ફળ મળે છે. સારૂં સ્વપ્ન આવ્યા પછી ઊંઘવું નહીં, જાગ્રત રહી પ્રભુસ્મરણ કરવાથી સ્વપ્નનો લાભ મળે છે.

સ્વપ્નમાં જે સૂર્ય કે ચંદ્રને ગળી જતો જુએ તે ખૂબ ધનવાન બને છે.

સ્વપ્નમાં પાણીનો ભરેલ કુંભ જુએ તેને વ્યાપારમાં ખૂબ લાભ થાય છે.

સ્વપ્નમાં ખૂબ હસનારને ખૂબ રડવું પડે છે.



૨૮ ચિંતા

બીજાની પડતી જોતાં ઘણા લોકો રાજી થાય છે અને બીજાની ચડતી જોતાં ઉદાસ બની જાય છે. ચોમાસામાં જ્યારે ખૂબ ઘાસ ઉત્પન્ન થાય ત્યારે ગધેડાનો જીવ બળી જાય છે, કારણ કે ગાય ભેંસ બધા આ ઘાસ ખાઈ જશે, મારે તો એકલાને જ આ ખાવાનું છે." આ ચિંતાથી ગધેડો પાતળો થઈ જાય છે. અને ઉનાળામાં ઘાસ ખલાસ થઈ જાય છે અને ઉકરડાને ભરેલા જોઈને પોતાનો તે ખોરાક હોવાથી તે આનંદ પામે છે,

માણસને દુઃખ નથી, પણ બીજાના સુખની સાથે પોતાનું સુખ સરખાવીને તે દુઃખી થાય છે. તમારી લાયકાત કરતાં વધારે સારૂં સ્થાન મેળવવા જશો તો તમે દુઃખી થઈ જશે.

> જેની ડાબી વિશાળ હોય તે ધનધાન્યે સુખી હોય જેનું માથું વિશાળ હોય, તે લોકોમાં યશ મેળવે. જેની કેડ વિશાળ હોય, તેને પુત્રો ઘણા હોય. જેના પગ વિશાળ હોય, તે સદા સુખી હોય.



૨૯ સ્વાર્થ

સ્વાર્થી માણસ બીજાના ગુણનો પ્રચાર નથી કરતા, પણ પોતાના ગુણનો પ્રચાર કરે છે. પણ જે માણસ પોતાના જ ગુણનો વિચાર કરે છે, તે પોતે પરિણામે દુઃખી થાય છે. ભસ્માસુરે શંકરને પ્રસન્ન કરી, વરદાન માગ્યું. મળેલ વરદાનની પરીક્ષા શંકર પર કરવા ગયો. શંકર નાસી બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા વિષ્ણુ પાસે ગયા. ત્યાં ભસ્માસુર આવતાં શંકર, બ્રહ્મા ને વિષ્ણુ અદૃશ્ય બન્યા. વિષ્ણુએ વિશ્વમોહિનીનું રૂપ લઈ ભસ્માસુરને આકર્ષ્યો, લલચાવ્યો ને નચાવ્યો. નૃત્યના તાનમાં ભસ્માસુરે પોતાના માથા પર હાથ મૂક્યો અને પોતે જ બળીને ભસ્મ થયો.

*

શ્રીફળ, બદામ વગેરે ફળો ઊંચાં છે, જેથી તેમના ઉપરનાં ફોતરાં પણ મજબૂત હોય છે, પણ બોર હલકું ફળ છે, તેથી તેમના ઉપરનાં ફોતરાં નબળાં હોય છે; તેમ જીવનમાં ઊંચામાં ઊંચું સ્થાન નમ્રતાનું છે. ગર્વને ગાળવાનો છે. અહંકારને ઓગાળવાનો છે.




૩૦ પ્રમાદ

સત્તા, પ્રસિદ્ધિ અને આયુષ્યનો પાયો ધર્મ જ છે. ઝાડનાં પાંદડાં જોઈએ છીએ, પણ ઘણીવાર બીજાને ભૂલી જઈએ છીએ. ઘણી જ પુણ્ય પ્રકૃતિ અને આરાધનાના પ્રભાવે જ મનુષ્યભવ મળ્યો છે. મનુષ્યભવ ખૂબ જ કિંમતી છે, પણ તેની કિંમત આપણને સમજાતી નથી. આપણે એક પળ પણ પ્રમાદમાં ન ગાળવી. પ્રમાદ ઉધાઈ જેવો છે. એ આપણું આખું જીવન ખાઈ જાય છે. આયુષ્યને કોઈ એક ક્ષણ પણ વધારી શકતું નથી. દુનિયાની સંપત્તિ બદલામાં આપી દે તો પણ ગયેલી જિંદગી પાછી નથી મળતી.

*

માણસનું જીવન દુર્લભ છે, તે કોઈ વિશિષ્ટ હેતુ માટે મળેલું છે. વિચાર કરવાની શક્તિ, વિચારો પછી કાર્ય સિદ્ધ કરવાની રીતિનીતિ કળા માણસને મળી છે.

> સંસારનું સુખ અશાશ્વત છે, કાચના જેવું સુખ છે, અને તે સુખ સહજ નથી, પણ આરોપિત કરેલું સુખ છે, જ્યારે આત્માનું સુખ સાચું, સહજ અને નૈસર્ગિક છે.



૩૧ ધન

ધન સાધ્ય બનવું નહીં જોઈએ. જીવનની આરાધનાની અનુકૂળતા માટે જ પૈસા જરૂરના છે. જો ધર્મ કરવામાં તે વિઘ્ન કરે તો તો પૈસા નકામો છે. જે સાધન પ્રતિકૂળતા કરે છે, તે જ સાધન જો વિચારીને વાપરવામાં આવે તો તે સાધન અનુકૂળ બની જાય છે.

વધેલો નખ ઉપાધિ કરે છે, તેમ વધેલો પૈસા પણ ઉપાધિને આમંત્રે છે. પૈસા જરૂર પૂરતો જ રાખવો, બાકીનો દાનમાં વાપરી નાખવો જોઈએ; સમાજના લાભને અર્થે, ધર્મ અર્થે, સુપાત્ર અર્થે વાપરી નાખવો જોઈએ. જેને ઉપર ઉચ્ચ સ્થાને જવું હોય તેને ધનને ધરતી ઉપર વાપરવું પડશે. અને જેને નીચે જવું હોય તે ધનને જમીનમાં દાટી દે છે.

*

જેમ સોડાવોટરની બાટલીના બૂચ આગળ ગોળી હોય છે, તે ગોળી ફોડતી વખતે નીચે જાય છે, પછી જ સોડા બહાર આવી શકે છે, તેમ આપણા અંતરમાં અહંકારની ગોળી બેઠેલી છે, તે નીચે ન જાય ત્યાં સુધી સારૂં તત્ત્વ બહાર આવી શકતું નથી.



૩૨ નીતિમત્તા

એક વખત રાજાને મળવા તેમનો મિત્ર આવે છે, ત્યારે રાજા રાજ્યના દિવાથી કામ કરતા હતા. મિત્ર આવ્યો, એટલે એ દીવો હોલવીને બીજો દીવો કરે છે. આમ કરવાનું કારણ મિત્ર પૂછે છે; ત્યારે રાજા કહે છે કે "હું રાજ્યનું કામ કરું છું, ત્યારે રાજ્યના પૈસાનો દીવો વાપરું છું, અને અંગત કામ કરું છું, ત્યારે મારી અંગત કમાઈમાંથી મળેલ પૈસાનો દીવો વાપરું છું. તું મારો અંગત મિત્ર છે, તેથી મારી અંગત કમાઈનો દીવો કરું છું."

આમાં કેવો ઉત્કૃષ્ટ ન્યાય! કેવી ઉચ્ચ નીતિમત્તા!

•

૩૩ સહનશીલતા.

સહનશીલતા એ સફળતાની સીડી છે. સહન કરનાર કર્મક્ષય કરી શકે છે. બાવીસ વર્ષ સુધી અંજનાએ પતિવિયોગ સહન કર્યો અને મહાસતી બનીને એ જ ભવમાં મોક્ષને મેળવી લીધું.



૩૪ યુવાની

જ્ઞાન, ધ્યાન અને સાધન એ ત્રણે જુવાનીમાં જ કરી શકાય છે "અગાડી ભી અચ્છી, પીછાડી ભી અચ્છી, વચાડી કો મારો જૂતી" અગાડી એટલે પહેલી–બાલ્યાવસ્થા સારી; પીછાડી એટલે છેલ્લી–વૃદ્ધાવસ્થા સારી. પણ વચલી અવસ્થા તે યુવાવસ્થા. તેને લાત મારવાની છે. સૌથી સારું શૈશવ છે, જ્યાં જવાબદારી ઓછી ને ભણતર વધારે. વૃદ્ધાવસ્થામાં જવાબદારી ઓછી ને જ્ઞાન વધારે. દુનિયામાં, રાજ્યમાં કે વ્યાપારમાં ઉથલપાથલ એક જુવાનીમાં જ થાય છે. જુવાનીમાં સંસારની ભૂલો થાય છે.

ઉપયોગથી રક્ષણ અને બીનઉપયોગથી ભક્ષણ જુવાનીનું થાય છે.

*

પાવન કરે તેનું નામ પર્વ અને જે તારે તે તીર્થ.

*

ગૌતમને અહંકારમાંથી જ્ઞાન મળ્યું, રાગમાંથી વીતરાગતા મળી, વિષાદમાંથી કેવળજ્ઞાન મળ્યું.



૩૫ વર્ષગાંઠ

સમયનો સદુપયોગ તમે નહીં કરો, તો સમય તમારો ઉપયોગ કરશે. સાધન હોય ત્યારે સાધના કરી લેવાની છે. ગાંઠમાંથી વર્ષ ગયું તેનું નામ જ વર્ષગાંઠ.

વૃદ્ધાવસ્થાને ટાળી શકાય તેમ નથી, પણ સુધારી શકાય છે. ઉંમર કરતાં જાગૃતિ વધુ આવશ્યક છે.

આજનું ભોગવાતું સુખ તે ગઈકાલના પુણ્યનું ફળ છે. આજનું પુણ્ય આવતી કાલે ભોગવવાનું છે, માટે પ્રત્યેક ક્ષણ પુણ્યની કમાણી કરવાની છે. રોજની કમાણી ન કરીએ તો ભૂખ્યા સૂઈ જવાનું સમજવાનું.

•

> જ્ઞાન થવું એ જુદી વાત છે. ઘરમાં રાતના વીંછી આવે, ત્યારે આપણને ખબર ન હોય ત્યાં સુધી આપણે ઘસઘસાટ ઊંઘીએ છીએ, પણ ઘરમાં એ વીંછી છે એમ જાણ્યા પછી આપણને બરાબર ઊંઘ આવતી નથી.



૩૬ શ્રેષ્ઠમંત્ર

જગતમાં શ્રેષ્ઠ મંત્ર નવકાર મંત્ર છે અને શ્રેષ્ઠ યંત્ર સિદ્ધચક્ર છે. આરાધનામાં શ્રદ્ધાનું બળ હોવું જોઈએ. સૂર્ય આવતાં જેમ અંધકાર નાસી જાય છે, તેમ સિદ્ધચક્ર હૃદયમાં આવતાં સંસારનો ભય ને ભવ નાસી જાય છે.

*

આનદાન બીજાને ખવડાવે છે, નાદાન બીજાનું ખાઈ જાય છે.

*

અજ્ઞાનીની ક્રિયા ભેંસના શીંગડાં જેવી છે.

૩૭ ભાવ–અભાવ

રોટલી ભાવ છે, ખાખરો અભાવ છે. રોટલીને વાળો તો વળી જાય છે, ને ખાખરાને વાળો તો ભાંગી જાય છે. અભાવથી જીવન શૂન્ય બની જાય છે, સદ્ભાવથી જીવન સભર બની જાય છે.

*

ઢોરને બહારથી જોવાય છે, મનુષ્યને અંદરથી જોવાય છે.



૩૮ સમકિત

જે અંધ છે, તેને મોતિયાની કે છારીની બીક નથી, પણ સારી આંખવાળાને તેનો ભય છે, જે મિથ્યાદષ્ટિ છે, તેને જ્ઞાનીઓ ઉપદેશ આપતા જ નથી. જે સમકિતી છે, તેને બહુ ભય છે. તેથી સમકિતને સાચવવા ક્ષણે ક્ષણે તૈયાર રહેવાનું છે. ઘણા જન્મના પૂંજના પૂંજ ભેગા થાય છે, ત્યારે બોધિબીજ મળે છે.

*

મગજમાં વધારે જ્ઞાન ભરો, અને પેટમાં ખાવાનું ઓછો ભરો.

*

૩૯ આજ, આજ, ભાઈ, અત્યારે

પાયથાગોરસ પાસે સિકંદર જાય છે, ત્યારે તેણે સિકંદરને પૂછ્યું : 'તું ક્યાં જાય છે ?' ત્યારે સિકંદરે કહ્યું : "હું દુનિયાને જીતવા જાઉં છું." બીજો પ્રશ્ન કર્યો. "દુનિયા જીતીને શું કરશો ?" સિકંદરે જવાબ આપ્યો કે "દુનિયા જીતીને ઘડપણમાં શાંતિથી જીવીશ" પણ તે સિકંદર ૩૨ મે વર્ષે જ મરી ગયો. માટે ધર્મ માટે આવતી કાલનો વિચાર ન કરવો. "આજ, આજ, ભાઈ અત્યારે."



૪૦ ગાંઠ

ઝાડ કાપવામાં આવે છે, તેમાંથી ગાંઠો કાપી નાખવામાં આવે છે, કારણ કે ગાંઠવાળા લાકડાનું ફરનીચર સારું બનતું નથી, આપણા ચૈતન્યમાં રાગ-દ્વેષની ગાંઠો છે, તેને છોડતાં દૂર કરવાની છે. મનમાં ગાંઠો રાખી ગમે તેટલી સાધના કરો, તો તે નિષ્ફળ જવાની.

*

૪૧ વંદન-ચંદન

ઊંચી કક્ષાના માણસોમાં નમનનો અને નમ્રતાનો સદ્ભાવ પડેલો હોય છે. જે નમ્યો તે પ્રભુને ગમ્યો. વંદન અને ચંદન શીતળતા આપે છે. મનને ઠારનાર વંદન છે, તનને ઠારનાર ચંદન છે.

*

૪૨ શ્રદ્ધા

વીતરાગ પ્રભુમાં શ્રદ્ધા ન હોય તેમને ઘણાં દેવી-દેવલાંને માનવા પડે છે, અને દેવી-દેવલાં સંસારને પાર કરી શકતાં નથી. એક વિતરાગ જ સંસારનો પાર કરાવી શકનાર છે. એક હાથના સો કૂવા ખોદીએ તો પાણી નથી મળતું, પણ સો હાથનો એક કૂવો ખોદીએ તો જોઈએ એટલું પાણી મળી જાય છે.



પદ્મ કલિકા

પરંતુ ઉપરથી મમતા ઓછી થવી તેનું નામ દાન છે. દીધા પછી યાદ કરવું તે વ્યાપાર છે, દાન નથી.

× × ×

જેને વિભૂતિ બનવું છે, તેને પહેલાં આત્માની અનુભૂતિ કરવી પડશે.

× × ×

ત્યાગની નકલ કરી શકાય છે, પણ તેથી વૈરાગ્ય નથી પ્રગટતો. સૂર્યના ચિત્રો દોરી શકાય છે, પણ તે ચિત્રોમાંથી કિરણો પ્રગટી શકતાં નથી.

× × ×

બીજાના અભિપ્રાય પર જીવનાર જીવન વેડફે છે, પ્રભુના અભિપ્રાય પર જીવનાર જીવન જીતે છે ને કર્મક્ષય કરી મુક્તિ પામે છે,

× × ×

વસ્તુનો પરિગ્રહ આપણને રુંધતો નથી, પણ તેના પ્રત્યેની આસક્તિ આપણને રુંધે છે.

× × ×

[illegible]

× × ×

સ્વપ્નો, રાગ-દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહની નિવૃત્તિ કરવાની નથી, પણ તેમનું વિસર્જન કરવાનું છે. સ્વપ્નોને દબાવવાના નથી, તેમનો ત્યાગ કરવાનો છે.

× × ×

મેંદી ઘૂંટવાથી તે લાલ રંગ આપે છે, નાગરવેલનું પાન ચાવવાથી લાલ રંગ આપે છે, તેમ પ્રભુની ભક્તિ જીવનમાં અનેરો રંગ આણી જાય છે, પ્રેમની લાલી જીવનમાં આવી જાય છે.

× × ×

દુકાળ વખતે બધા માણસો મંદિરના બારણા પાસે ઊભા રહીને વરસાદ માટે પ્રાર્થના કરતા હતા, ત્યારે એક બાળક પોતાની છત્રી ઊઘાડીને ઊભો હતો, કારણ કે પ્રાર્થના કરવાથી જરૂર વરસાદ આવશે. બાળકને પ્રાર્થનામાં શ્રદ્ધા હતી. શ્રદ્ધા સિદ્ધિ અપાવે છે.

× × ×

આગ લાગે ત્યારે જીવ મુખ્ય બને અને સંપત્તિ ગૌણ બને છે. ધર્મમાં આત્માનું સુખ મુખ્ય છે, સંસારનું સુખ ગૌણ છે.

જૈન ધર્મે કદી પણ જાતિભેદને મહત્તા આપી નથી. જૈન ધર્મે બધા આત્માને સમાન ગણ્યા છે. એ સમાનતામાં સાચો ધર્મ છે. માન્યતા પ્રમાણે નહીં, પણ ધર્મ પ્રમાણે જ જીવવાનું છે.

× × ×

સંસારની અંદરની વિરૂપતાને ઢાંકવા માટે સંસારને બહારથી બહુ જ રમણીય બનાવવામાં આવ્યો છે.

× × ×

જ્યારથી આપણે પ્રભુના માર્ગે જઈએ છીએ, ત્યારથી આપણા માટે સત્યયુગ છે, જ્યારે વિષય-કષાયના માર્ગે જઈએ છીએ, ત્યારે કલિયુગ છે.

× × ×

ચારિત્ર્યની ઊંટ અને જ્ઞાનનો ચૂનો એક બીજાના એટાણમાં જરૂરનાં છે.

× × ×

અગ્નિનો નાનો કણ રૂના ઢગલાને બાળી નાખે છે, તેમ ધ્યાનની શક્તિ અનંત કર્મોને બાળી નાખે છે.

× × ×

જગતમાં જન્મ બહુ ચંચળ છે, માત્ર મૃત્યુ જ અચંચળ છે.

× ×

જીવવા માટે જિંદગી ભોગવવાની નથી. તરસ છીપાવવા માટે પાણીની જરૂર છે, પણ આખો દિવસ પાણી પીવાથી નુકસાન થાય છે.

× × ×

'કરવાનું જ છે'—એ આજ્ઞા. ધર્મ અને 'કરવા જેવું છે'—એ ઉપદેશ શબ્દો.

× × ×

કામ કરતાં અર્થ અને અર્થ કરતાં સત્તા, સત્તા કરતાં પ્રસિદ્ધિની પકડ જગતમાં સૌથી વધારે છે. સત્તામાં ભાણું જ ભૂલાઈ જાય છે, ધર્મ તો અંતરમાંથી ઓસરી જાય છે.

× × ×

સંસાર રોગ છે, ધર્મ આરોગ્ય છે, ધર્મ ઔષધ છે. સંસાર-પ્રવૃત્તિ કુપથ્ય છે, ધર્મ-પ્રવૃત્તિ પથ્ય છે.

× × ×

અલંકારો અને વસ્ત્રો પુદ્ગલને શોભાવે છે, પણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આત્માને શોભાવે છે.

× × ×

નારકી યાતનામાં, દેવો ભોગમાં, તિર્યંચો અજ્ઞાનમાં પડેલા છે, માટે મનુષ્યોએ લીધેલી વિરતિને દેવો પણ પ્રણામ કરે છે. મનુષ્ય ભવમાં સર્વ-વિરતિ, દેશ-વિરતિ દુર્લભમાં દુર્લભ છે, માટે જેટલો સંસારમાં ત્યાગ થાય,

તેટલો કરવાનો છે, અને મોહને જીતવાની તૈયારી કરી લેવાથી પરંપરાએ આત્મા મુક્તિમાં ચાલ્યો જાય છે.

× × ×

દુ:ખને ભૂલવાનો પ્રયત્ન નથી કરવાનો, પણ દુ:ખને દૂર કરવાનો પ્રયત્ન કરવાનો છે.

× × ×

મકાનની પ્રતિષ્ઠા માણસથી છે, પણ માણસની પ્રતિષ્ઠા મકાનથી નથી.

× × ×

પૂતળાને સુંદર કપડાં પહેરાવવાથી પૂતળું પણ સુંદર લાગે છે, પણ યાદ રાખજો કે પૂતળામાં ચેતના નથી.

× × ×

"છે અને છતાં પણ નથી અને છે." એટલે જગત છે, તે આપણે દીઠું છે. આપણે ન હોઈએ, ત્યારે જગત છે, પણ તે આપણા માટે નથી.

× × ×

વગર કીધે સમજે તે દેવ.
કહીએ ને સમજે તે માણસ
કહીએ છતાં ન સમજે તે ઢોર.

× × ×

સંસારનાં સુખો સુગર કોટેડ ગોળી જેવાં ઉપરથી મજાનાં લાગે અને અંદર તો કડવાશ જ હોય છે.

× × ×

ઊંઘે તેનાં રામ જાગે, ભૂખે તેનાં આસક્તિ જાગે ને પ્રભુને ભજે તેનાં આત્મા જાગે માટે હંમેશ પ્રથમ પ્રભુનાં દર્શન કરવાં.

× × ×

જિંદગીમાં સજ્જન થવામાં ઘણું ગુમાવવાનું છે. પણ ગુમાવીને સજ્જન થવાનું છે, સજ્જનતાને ગુમાવીને કંઈ પણ મેળવવું નથી.

× × ×

જ્ઞાની પ્રગતિ કરે છે, સંસારી ગતિ કરે છે.

× × ×

પ્રકાશ જતો હોય ત્યારે તેને પકડવાનો નથી પણ પ્રકાશ હોય ત્યારે તેનો ઉપયોગ કરી લેવાનો છે.

× × ×

દિવાળી પર્વમાં આંસુ પણ છે અને આનંદ પણ છે. મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા અમાસની રાત્રીએ તેથી આંસુ અને ઉગતા પ્રભાતે ગૌતમને કેવળજ્ઞાન થયું તેથી આનંદ.

× × ×

ગુજરાતીમાં "હું" જેવો એકે અક્ષર વાંકો નથી, જ્યારે આત્મામાં અહમ્ આવે છે, ત્યારે તે વાંકો થઈ જાય છે.

× × ×

કામ, ક્રોધ, માયા, લોભ જીતી શકાય છે, પણ માનને જીતવો અતિ દુષ્કર છે.

× × ×

'મારું એ સારું' તેના કરતાં 'સારું એ મારું'

× × ×

મોહરાજાના મંત્ર 'અહમ્' અને 'મમ'ની આગળ ધર્મરાજાએ માત્ર 'ન' જ મૂક્યો: 'ન અહમ્' અને 'ન મમ.'

× × ×

ક્રોધ કરનારે પહેલાં પોતાના અંતરને ક્રોધથી બાળવું પડે છે, પછી તે બીજાને બાળે છે, જેમ દિવાસળી સળગતાં પહેલાં પોતાના મોઢાને પ્રથમ બાળે છે અને પછી બીજાને બાળી શકે છે.

× × ×

લોખંડને ટીપીને યોગ્ય વળાંક આપવો હોય, તો લુહારોએ અને હાથાએ ઠંડા રહેવું પડશે, તેમ બાળકોને યોગ્ય વળાંક આપવો હોય, તો વડીલોએ ઠંડા રહેવું પડશે.

× × ×

સ્વનો ઉદય કરી પછી સર્વના ઉદયની વાતો કરવાની છે; સર્વનો ઉદય વિચારોમાં નહીં, આચારમાં લાવવાનો છે.

× × ×

જો આપણે ક્ષરમાંથી બહાર આવીશું તો અક્ષરમય બની શકીશું.

× × ×

આજે ધર્મ ધન માટે અને રામ કામ માટે વપરાય છે, તેને બદલી નાખીએ તો ધન ધર્મ માટે, કામ રામ માટે બની શકશે.

× × ×

જીવનમાં સૌથી ભારેમાં ભારે ભાર પરિગ્રહનો છે અને સૌથી ખરાબ ગ્રહ તે પરિગ્રહ છે. ગ્રહની શાંતિ દાનથી જ થાય છે, અને પરિગ્રહમાંથી છૂટી શકાય છે.

× × ×

પાણી અને વાણીને બન્નેને ગાળીને વાપરો.

× × ×

ઘરમાં પ્રેમ અને સંપ ન હોય તો ઘર ધર્મશાળા બની જાય છે.

× × ×

જે ધર્મમાં માનવતા હોય, જે ધર્મમાં આત્માને ઉર્ધ્વગતિ કરવાની શક્તિ હોય તે જ સાચો ધર્મ.

× × ×

વૈજ્ઞાનિકો સાધનો મારફત કાંઈક જ્ઞાન મેળવે છે, પ્રભુ તો સાધના મારફત પૂર્ણ જ્ઞાન મેળવે છે.

× × ×

કાયાના અનાચાર કરતાં માનસિક અનાચાર ઘણો જ ખરાબ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાધુપણામાં પણ મનથી સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું.

× × ×

જે સમતા રાખે છે, તેને મમતા લાગતી નથી.

× × ×

સાધુપણામાં જો સાધુ પાસે કોડી હોય તો સાધુ કોડીનો અને સંસારી પાસે કોડી ન હોય તો સંસારી કોડીનો.

× × ×

જે કુટુંબમાં ત્યાગની ભાવના હોય ત્યાં સંપ અને વાત્સલ્ય આવે છે, જો વાસના હોય તો કુસંપ અને ઈર્ષા આવે છે.

× × ×

પ્રાર્થનાથી જીવન માત્ર પ્રકાશિત બને છે અને જીવનમાં સફળતા મળે છે. પ્રાર્થના પહેલાં મનને પ્રફુલ્લિત, સ્વચ્છ ને સ્વસ્થ બનાવવાનું છે પછી મનને પ્રભુની ભાવનામાં એકાગ્ર કરવાનું છે.

× × ×

ઈર્ષા એ તો ટી. બી. છે. શરીરના ટી. બી. કરતાં મનનો ટી. બી વધારે નુકસાન કરે છે.

× × ×

સાધના કરતાં કરતાં નયસારમાંથી પ્રભુ વીર બન્યા. ધર્મથી રોગી તે નીરોગી થાય છે અને નવપદની આરાધનાથી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે.

× × ×

ક્રોધ નીચે લઈ જાય છે, બોધ ઉપર લઈ જાય છે.

× × ×

આત્માના વિચાર કરતાં કરતાં ને વિચારો વાણીમાં આવે છે ને વર્તનમાં આવે છે.

× × ×

દેવ, ગુરુ ને ધર્મની પાસે કદી ખાલી હાથે જવું નહીં. ફળ મૂકવાથી ફળ મળે છે.

× × ×

ધ્યાન ધરવાનાં ત્રણ સ્થાન છે : હૃદય, લલાટ ને આંખ. ત્યાં ધ્યાન ધરવાથી આત્મજ્યોતિ પ્રગટે છે.

× × ×

સારા દેખાવા પ્રયત્ન કરવા કરતાં સારા બનવા પ્રયત્ન કરવાનો છે.

× × ×

જેને જીભ કાબુમાં છે, તેને કદી દુનિયામાં ઝગડો થતો નથી, તેથી વ્યવહારમાં જીભ સાથે ખૂબ જ સંબંધ છે. તમે જે બોલો તે ખૂબ જ વિચારીને બોલો.

× × ×

ભગવાન સંસાર તરવાનો માર્ગ દેખાડે છે. તે જગતના બનાવનાર નહીં, પણ જગત બતાવનાર છે.

× × ×

શરદના વાદળાંઓ દૂર થાય, ત્યારે ચંદ્ર ઉજ્જવળ દેખાય છે; તેમ મલિન તત્ત્વો દૂર થાય ત્યારે આત્મા શુદ્ધ થાય છે.

× × ×

ધિશ

: ". આ દેહ લીવ એન્ડ લાયસન્સવાળું મકાન છે. જતી વખતે સાથે આપણે કાંઈ જ લઈ જવાના નથી. તો વિચાર કરો: હું જીવી રહ્યો છું તે કોના માટે? આત્મા માટે?

× × ×

ઈર્ષાથી એક માણસ તુલસીદાસને મારવા ગયો, ત્યારે તુલસીદાસે કહ્યું કે "હું તો જ્ઞાનીનો ગુરુ છું, અજ્ઞાનીનો દાસ છું."

× × ×

જ્ઞાની આત્મા પોતાના હાથમાં જ્ઞાનનો અરીસો લઈને ફરે છે, અને પોતાના આત્માનું સંશોધન કરીને આત્માને સ્વચ્છ બનાવે છે.

× × ×

જ્યાં જ્ઞાન હોય ત્યાં વય હોય જ છે, પણ જ્યાં વય હોય ત્યાં જ્ઞાન હોય જ એમ માનવું ભૂલભરેલું છે.

× × ×

માણસનો તોટો નથી, પણ સદ્ગુણ અને માનવતાનો તોટો છે.

× × ×

ઇન્દ્રિયોનો ઉપયોગ ભોગ માટે નહીં, પણ ત્યાગ માટે છે.

× × ×

ઊંઘ એ જાગૃતિનો આરામ છે, મૃત્યુ એ જ્ઞાનનો આરામ છે.

× × ×

ધર્મનો શત્રુ ગર્વ છે તેના કરતાં ભગાડવાથી વધારે શત્રુ થાય. રાગ કરતાં ત્યાગનું ગીત મહાન છે. ત્યાગનું ગીત આત્માને જગાડનારું છે.

× × ×

અંતરને સાવધાન રાખવા માટે, તેમાંથી અજ્ઞાનનો અંધકાર દૂર કરવા માટે, અંતરને સતત ધોવા માટે અને તોલવા માટે વ્યાખ્યાનની જરૂર છે.

× × ×

ભૂલને સુધારવી હોય તો ભૂલનો પહેલાં એકરાર કરવાનો છે, ભૂલને ઢાંકવી નહીં.

× × ×

જીવોને છોડાવવા કરતાં જીવોને મારનારને છોડાવવાથી હંમેશ માટે હિંસા અટકી જાય છે.

× + ×

ધર્મીને મન મૃત્યુ એ ઊંઘ છે અને જેમ જાગીને ઊઠે તો સવાર હોય તેમ ધર્મીને પુનર્ભવ છે.

× × ×

સંસારના પ્રાણીમાત્રનાં મોઢાં નીચાં છે, માત્ર માનવી જ ઊંચું મોઢું રાખીને ચાલે છે, પણ આજે માનવી પાપથી પોતાનું મોઢું નીચું કરીને ચાલે છે.

હીરાને જોનારા ઘણા, પણ ખરીદનારા થોડા; તેમ
ધર્મ પામનારા ઘણા, પણ ધર્મના અર્થી થોડા.

× × ×

માનવે રોજ શરીરને નવડાવવું પડે છે નહીંતર
રીર દુર્ગંધ મારશે, તેમ મનને પણ દરરોજ સ્વચ્છ
વું પડશે, નહીંતર અશુદ્ધ મનથી શાંતિ લૂંટાઈ જાય
તે માટે પ્રતિક્રમણ છે. આત્માની ઉપાસના માટે
ાજ પ્રતિક્રમણ છે.

× × ×

નીર્થંકરો આહાર લે છે, છતાં તેમને કર્મબંધન
નથી. તેઓ તો શરીરને ભાડું આપવા પૂરતું જ
છે, ખાવામાં કદી મગ્ન થતા નથી; જ્યારે આપણે
વસ્તુમાં મગ્ન બનીએ છીએ, તેથી ક્ષણે ક્ષણે કર્મ
એ છીએ.

× × ×

માનવજીવન જો મહાન હોય તો વિચાર, સંયમ
ાથી હોવા જોઈએ.

× × ×

રેશણ એવું હોવું જોઈએ કે જે જીવન દર્શનનું

× × ×

પધાંથી જીવન રૂંધાય છે, સાધનાથી જીવન
ધાય છે.

[illegible] કર્મોનો નાશ કરે છે અને જ્ઞાનીઓ [illegible] કર્યું છે.

× × ×

મનની આગળ જે આકૃતિ હોય તેની આકૃતિ મન પર પડી જાય છે. સાધારણ રીતે [illegible] આકૃતિ રહેવાની છે. જ્યાં સુધી આત્મિક [illegible] નથી થયું, ત્યાં સુધી આકૃતિની અસર મન પર [illegible] થઈ જાય છે.

× × ×

નાળિયેરના પાણીમાં કપૂર પડતાં તે ઝેર થઈ જાય તેમ માણસમાં ગર્વ આવતાં તે માણસ ઝેરરૂપ થઈ જાય છે.

× × ×

વિનયથી જ જ્ઞાન, દર્શન, ચારિત્ર શોભે છે.

વિનયથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

વિનયી આત્મા સૌને ગમે છે.

વિનયથી વિદ્યા શોભે છે.

વિનયીને જ આત્માનો ખજાનો મળે છે.

વિનયથી આશીર્વાદ મળે છે, અને આશીર્વાદ આપણા હૃદયની જડતા દૂર થાય છે.

× × ×

शुभं भवतु